અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

દિયા મિર્ઝાની ક્રિપ્ટિક પોસ્ટ; ચિત્રાંગદાએ આરોપ લગાવ્યા, એક્સ સાથેનો ઇન્ટિમેટ...



પેજ-09

T20 ક્રિકેટમાં 400 વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બોલર બન્યો યુઝવેન્દ્ર ચહલ

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	31.00	18.00
વડોદરા	31.00	18.00
સુરત	31.00	17.00

પેજ 5



UPI યૂઝર્સને મોટી રાહતના સંકેત, ટ્રાન્ઝેક્શન પર ચાર્જનો નિર્ણય...

20 NOVEMBER-2026 FRIDAY

હિંસા, બોમ્બ ધડાકા અને લોકડાઉન... શેખ હસીનાની વાપસી પહેલાં...



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	83021.75	▲	989.94
નિફ્ટી	25514.30	▲	286.36
સોનું	128666.00	▼	1148.00
ચાંદી	160350.00	▼	384.00

વર્ષ-16 । અંક-006 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

News Brief

‘ચૂંટણીનો બહિષ્કાર નહીં, અનિયમિતતાઓ સામે લડશે વિપક્ષ’

શિકાગો યુનિવર્સિટીમાં વોટ ચોરી મુદ્દે બોલ્યા રાહુલ ગાંધી



(એજન્સી) નવી દિલ્હી | તા 19

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. તેમણે શિકાગો યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે પોતાના બાળપણના ગણિતના શિક્ષક સાથે મુલાકાત કરી. રાહુલ ગાંધીએ ઈઝરાયલ સાથે ભારતના સંબંધો અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ભારતના ઈઝરાયલ સાથે સારા સંબંધો છે અને ભારત તેની પાસેથી હથિયારો પણ ખરીદે છે, જે સારી બાબત છે. જોકે ઓક્ટોબરમાં બનેલી ઘટનાની નિંદા કરતાં તેને અત્યંત ભયાનક ગણાવી હતી અને કહ્યું હતું કે આવી ઘટના ક્યારેય બનવી જોઈએ નહીં. આ સાથે તેમણે ગાઝામાં જે કંઈ થઈ રહ્યું છે તેની પણ નિંદા કરી હતી. ઉપરાંત રાહુલ ગાંધીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પ્રક્રિયામાં થતી ગેરરીતિનો વિરોધ કરશે.ઈઝરાયલ સાથે આપણા સારા સંબંધો છે. આપણે ઈઝરાયલ પાસેથી હથિયારો ખરીદીએ છીએ અને આ સારી બાબત છે. ઓક્ટોબરમાં જે થયું તેની હું નિંદા કરું છું. મને લાગે છે કે તે અત્યંત ભયાનક હતું. આવું ક્યારેય થવું જોઈએ નહીં. પરંતુ ગાઝામાં જે થઈ રહ્યું છે તેની પણ હું નિંદા કરું છું.આ પહેલાં અમેરિકાના ઈલિનોય સ્થિત શિકાગો યુનિવર્સિટીમાં ‘ધ ઈરાન વૉર એન્ડ ઈન્ડિયાઝ રોલ ઈન ધ વર્લ્ડ’ કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ ભારતની ચૂંટણી પ્રક્રિયા અંગે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને સતત ઉજાગર કરતી રહેશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષ એવું કોઈ પગલું ભરવા માંગતો નથી, જેનાથી લોકોની નજરમાં ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થાય અને ભારતીય લોકશાહીની વ્યવસ્થા નબળી પડે. વિપક્ષ ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લઈ શકે નહીં, કારણ કે તેનાથી લોકશાહી વ્યવસ્થાને નુકસાન પહોંચશે. વિપક્ષની વ્યૂહનીતિ ચૂંટણી વ્યવસ્થામાં કથિત ગેરરીતિઓને સામે લાવવાની અને આ મુદ્દાને જનતા સુધી પહોંચાડવાની છે. જ્યાં સુધી લોકોને વ્યવસ્થામાં શું ચાલી રહ્યું છે તે સમજાશે નહીં, ત્યાં સુધી વિપક્ષ આ મુદ્દો ઉઠાવતો રહેશે.રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે-’ચૂંટણી પંચની અંદરથી પણ વિપક્ષને માહિતી મળી રહી છે. પંચના વરિષ્ઠ અધિકારીઓ પણ કહી રહ્યા છે કે તેઓ હવે આ રીતે કામ કરી શકે તેમ નથી. આ એક લાંબી પ્રક્રિયા રહી છે અને તેમને વિશ્વાસ છે કે ચૂંટણી વ્યવસ્થામાં કથિત ગેરરીતિઓ સામે આવશે. વિપક્ષ બિનલોકશાહી ભારતને સ્વીકારવા તૈયાર નથી. આ માત્ર કોંગ્રેસની લડાઈ નથી, પરંતુ દેશના મોટી સંખ્યામાં લોકોની ઇચ્છા છે. વિપક્ષ ઇચ્છે છે કે લોકો કોઈપણ ડર વિના પોતાની વાત રજૂ કરી શકે અને લોકશાહીમાં તેમની આ શક્તિ ફરીથી મજબૂત બને.’

PFમાંથી 90% સુધીની રકમ ઉપાડી શકાશે

પહેલાં 75% લિમિટ હતી:બેરોજગારી-બીમારી અને બાળકોના અભ્યાસ માટે પૈસા ઉપાડી શકાશે



બેરોજગારી કે ઇમરજન્સીમાં માત્ર ૨ મહિનામાં ઉપાડી શકાશે PF: ૧ વર્ષની રાહ જોવાની શરત નાબૂદ, ૧૦ મહિનાનો સમય ઘટ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 19

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા નોકરી કરતા લાખો સભ્યોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિયમો હેઠળ હવે PF ખાતામાંથી આંશિક ઉપાડની મર્યાદા અગાઉના ૭૫% થી વધારીને ૯૦% કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, નોકરી છૂટી જાય કે ઇમરજન્સી સર્જાય ત્યારે PF ઉપાડવા માટે અગાઉની ૧ વર્ષ (૧૨ મહિના)ની શરત ઘટાડીને માત્ર ૨ મહિના કરી દેવામાં આવી છે. સભ્યો EPFOના યુનિફાઇડ મેમ્બર પોર્ટલ પર પોતાના UAN અને પાસવર્ડ દ્વારા લોગિન કરીને ઑનલાઇન ક્લેમ કરી શકે છે. નિયમો સરળ અને સ્પષ્ટ બનવાથી દસ્તાવેજોની જટિલતા ઘટશે, ક્લેમ રિજેક્શનના કિસ્સામાં ઘટાડો થશે અને બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર થવાની પ્રક્રિયા વધુ ઝડપી બનવાની અપેક્ષા છે. નોકરી કરતા લોકો હવે PFમાંથી વધુ પૈસા ઉપાડી શકશે. EPFOએ 55 વર્ષથી ઓછી ઉંમરના કર્મચારીઓ માટે નોકરી દરમિયાન આંશિક ઉપાડની મર્યાદા 75%થી વધારીને 90% કરી દીધી છે.

EPFOના નવા નિયમો: મુખ્ય બદલાવ

EPFO PF ઉપાડ નિયમ ૯૦ ટકા ૨૦૨૬ અંતર્ગત થયેલા ફેરફારોથી કર્મચારીઓને નાણાકીય લવચીકતા મળશે:

૯૦% સુધી ઉપાડની છૂટ: ૫૫ વર્ષથી ઓછી ઉંમરના કર્મચારીઓ જરૂરિયાત મુજબ પાત્ર જમા રકમના ૯૦% હિસ્સા સુધી ઉપાડી શકશે (અગાઉ ૭૫% મર્યાદા હતી, જેથી ૧૫% વધુ રકમનો લાભ મળશે). જોકે, નિવૃત્તિ પહેલાં બચત સંપૂર્ણ ખતમ ન થાય તે માટે ખાતામાં ઓછામાં ઓછી ૧૦% રકમ સુરક્ષિત રાખવામાં આવશે.

વેઇટિંગ પિરિયડમાં ઘટાડો: બેરોજગારી અથવા કટોકટીની સ્થિતિમાં રાહ જોવાનો સમયગાળો ૧૦ મહિના ઘટાડીને માત્ર ૨ મહિનાની સભ્યતા પૂર્ણ કર્યા બાદ ઉપાડની સુવિધા આપવામાં આવી છે.

રિટાયરમેન્ટ પ્લાનિંગ અને કમ્પાઉન્ડિંગ વ્યાજ અંગે સાવચેતી

PF ઉપાડ સમયગાળો ૨ મહિના રિટાયરમેન્ટ સંદર્ભે નાણાકીય નિષ્ણાતોએ સલાહ આપી છે કે, સુવિધા ઉપલબ્ધ હોવા છતાં મોટી જરૂરિયાત વિના કે વારંવાર PF ઉપાડવાનું ટાળવું જોઈએ. PFમાં જમા રકમ પર ચક્રવૃદ્ધિ વ્યાજ (Compounding) મળે છે; સમય પહેલાં ૯૦% રકમ ઉપાડી લેવાથી લાંબા ગાળાની રિટાયરમેન્ટ મૂડી અને વૃદ્ધાવસ્થાની આર્થિક સુરક્ષા પર અસર પડી શકે છે.

૨૫ વિદ્યાર્થિનીઓ, બે શિક્ષકોને સુરક્ષિત બહાર કઢાયા હતા

કુલગામની મસ્જિદમાં છૂપાયેલો તોયબાનો વોન્ટેડ કમાન્ડર લતીફ ઠાર

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ સામે સૈન્યએ મોટા ઓપરેશનને પાર પાડ્યું છે અને લશ્કર-એ-તોયબાના કમાન્ડર મોહમ્મદ લતીફ ભટને ઠાર માર્યો છે. કુલગામના દેવસર ગામમાં એક મસ્જિદમાં લતીફ છૂપાયો હતો. સૈન્ય અને પોલીસે લતીફને વારંવાર સરેન્ડર કરી લેવાની અપીલ કરી હતી. જોકે તે હથિયારો મુકવા માટે તૈયાર નહોતો. સૈન્ય પર ગોળીબાર કરવા લાગ્યો હતો, બાદમાં તેના એન્કાઉન્ટર માટે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને અંતે માર્યો ગયો હતો. કુલગામમાં ૧૧ નવેમ્બરના સીઆરપીએફના જવાનો પર લતીફ ભટ અને તેના સાથી આતંકીઓએ હુમલો કર્યો હતો જેમાં કેટલાક જવાનો ઘાયલ થયા હતા, આ હુમલા બાદ તે એક મસ્જિદમાં છૂપાઇ ગયો હતો, ઓપરેશન દરમિયાન તે લારુ બાયપાસ પાસે મળી આવ્યો હતો જ્યાં સામસામે ભારે ગોળીબાર થયો હતો. સૈન્ય, જમ્મુ કાશ્મીર પોલીસની એસઓજી દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન ધાર્મિક સ્થળ મસ્જિદને કોઇ નુકસાન ના પહોંચે તેની સુરક્ષાદળો દ્વારા કાળજી રાખવામાં આવી હતી. લતીફને સુરક્ષાદળો સરેન્ડર કરવા વિનંતી કરી રહ્યા હોવાના વીડિયો પણ સામે આવ્યા છે. એક વર્ષ પહેલા જ માત્ર ૨૦ વર્ષની ઉંમરમાં લતીફ આતંકવાદી બની ગયો હતો, બાદમાં મોસ્ટ વોન્ટેડ આતંકી સુધી પહોંચી ગયો હતો. જુલાઇ મહિનામાં અનંતનાગમાં એક પોલીસકર્મીની હત્યામાં પણ તેનો હાથ હોવાની શક્યતાઓ છે.

ચૂંટણીની તૈયારીઓ વચ્ચે લાગ્યો મોટો ઝટકો

વારંવાર સુનાવણીમાં ગેરહાજર રહેતા સાંસદ ચંદ્રશેખરનું મકાન જપ્ત કરી લેવા કોર્ટનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

નગીનાના સાંસદ અને આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ના અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. વિશેષ એમપી-એમએલએ કોર્ટે સુનાવણી દરમિયાન સતત ગેરહાજર રહેવા બદલ કડક વલણ અપનાવીને 17 નવેમ્બરના રોજ તેમના ઘરની જપ્તી કરવાનો આદેશ આપ્યો છે. આ કેસ વર્ષ 2018માં ગાઝિયાબાદના સાહિબાબાદ વિસ્તારમાં આવેલા વૃંદાવન ગાર્ડનમાં એક લગ્ન સમારોહ દરમિયાન થયેલી મારપીટ અને ગાળાગાળી સાથે જોડાયેલો છે, જેમાં ધર્મેન્દ્ર કુમાર ફરિયાદી છે. આ અગાઉ પણ કોર્ટે તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જાહેર કર્યું હતું અને 17 નવેમ્બરે આરોપો ઘડવા માટે હાજર રહેવા નિર્દેશ આપ્યો હતો, પરંતુ તેઓ ફરી ગેરહાજર રહ્યા હતા.મળતી માહિતી મુજબ, ચંદ્રશેખર આઝાદ મુંબઈમાં સંસદીય કાર્યસમિતિની પૂર્વનિર્ધારિત બેઠકમાં વ્યસ્ત હોવાને કારણે કોર્ટમાં હાજર રહી શક્યા ન હતા. તેમના વકીલે કોર્ટમાં હાજરી માફીની અરજી પણ રજૂ કરી હતી, તેમ છતાં કોર્ટે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. હવે આ મામલે આગામી સુનાવણી 8 ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે. જોકે, કોર્ટના આ આદેશ અંગે ચંદ્રશેખર આઝાદ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. ફરિયાદી ધર્મેન્દ્ર કુમારના જણાવ્યા અનુસાર, વર્ષ 2018માં તેઓ એક લગ્ન સમારોહમાં ગયા હતા, જ્યાં ચંદ્રશેખર આઝાદ પણ પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા. આ દરમિયાન હથિયારોને લઈને ધર્મેન્દ્રએ કેટલાક સવાલો પૂછતા બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફરિયાદીનો આરોપ છે કે ચંદ્રશેખર આઝાદ અને તેમના સાથીઓએ તેમની સાથે ગાળાગાળી કરીને મારપીટ કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી, જેને પગલે તેમણે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

બુલંદશહરમાં આકાશમાંથી પડ્યો 50 કિલો બરફનો ટુકડો

બુલંદશહર(યુપી) : અત્રે ઉંચાગાંવ વિસ્તારના રોસલા ગામમાં ગઈકાલે મંગળવારની સવારે પશુઓની વચ્ચે આકાશમાંથી અચાનક લગભગ ૫૦ કિલો બરફનો ટુકડો આવીને પડ્યો. જો કે સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રભારીએ આવી ઘટનાને શંકાસ્પદ ગણાવી છે. રોસલા ગામમાં ગઈકાલે મંગળવારે સવારે ૧૧.૪૫ ના સુમારે રામસિંહના પુત્ર હરિયાના ઘેર ખીલે બંધાયેલા પશુઓની વચ્ચેની જગ્યામાં અચાનક આકાશમાંથી લગભગ ૫૦ કિલો વજનનો બરફનો ટુકડો આવીને પડ્યો. ટુકડો પડવાનો જોરદાર અવાજ એટલો ભયાનક હતો કે, આસપાસના લોકો ભયના માર્યા પોતાના ઘરોની બહાર દોડી આવ્યા. મોટો અવાજ સાંભળીને ગ્રામીણો ગભરાઈને ઘટનાસ્થળ ભણી દોડવા લાગ્યા. ત્યાં જઈને જોયું તો ખીલે બંધાયેલા પશુઓની આસપાસ બરફના મોટા-મોટા ટુકડા વિખરાયેલા પડ્યા હતા. લોકોની ભીડ જમા થઈ ગઈ.ગ્રામીણોએ જણાવ્યું કે આકાશ તદ્દન સાફ હતું. ના વરસાદ થઈ રહ્યો કે ના બરફ પડી રહ્યો હતો. આવા સ્વચ્છ હવામાનમાં અચાનક બરફના આટલા મોટા ટુકડાનું આકાશમાંથી પડવું એ સહુ કોઈને આશ્ચર્યથી હેરાન કરી રહ્યું હતું.

બંને સ્થળોએ શોકનો માહોલ અને પોલીસ તપાસ

યુપીમાં બે બાઈકો સામ-સામે ટકરાતાં 5ના મોત, બિહારમાં કાર બ્રિજ પરથી પાણીમાં ખાબકતાં 6 ને કાળ ભરખી ગયો

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દેશના બે અલગ-અલગ રાજ્યો ઉત્તર પ્રદેશ અને બિહારમાં બુધવાર રાત્રે સર્જાયેલા બે અત્યંત ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં કુલ 11 લોકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘવાયા છે. બંને ઘટનાઓએ સ્થાનિક વિસ્તારોમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફેલાવી દીધું છે.ઉત્તર પ્રદેશના બલરામપુરમાં ઉતરૌલા-બલરામપુર માર્ગ પર અક્સી બઢરા ગામ પાસે બુધવાર રાત્રે બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં મોહમ્મદ ફારૂક (17), સલીમ (17), ગુફરાન (18), તૌફીક (19) અને ફઝલ મોહમ્મદ (23) એમ પાંચ યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે મુજ્જમિલ (22) અને નાહિદ રઝા (18) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને જિલ્લા હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસ અધિક્ષક માર્તંડ પ્રકાશ સિંહના જણાવ્યા અનુસાર, રસ્તા પર ચાલતા રાહદારીઓને બચાવવાના પ્રયાસમાં અથવા ધુમ્મસને કારણે આ અકસ્માત સર્જાયો હોવાની શક્યતા છે.બીજી તરફ, બિહારના અરરિયા જિલ્લામાં બૈરગાછી-સિકટી મુખ્ય માર્ગ પર બીડી પુલ નજીક એક પૂરઝડપે જતી સ્કોર્પિયો કાર બેકાબૂ બનીને તીવ્ર વળાંક પરથી સીધી ઊંડા પાણીમાં ખાબકી હતી. આ કારમાં સવાર સુપોલ જિલ્લાના થુમહા ગામના રહેવાસીઓ તિલક સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. આ ઘટનામાં પાણીમાં ડૂબી જવાથી અને ઈજાઓને કારણે 6 લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિનો બચાવ થયો છે જેની સદર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બંને દુર્ઘટનાઓ બાદ મૃતકોના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે અને ગામોમાં માતમ છવાઈ ગયો છે. બલરામપુર અને અરરિયા બંને સ્થળોએ પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી તથા અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ હાથ ધરી છે.

સોનિયા ગાંધીનાં પુસ્તક સાથે બાળ ઠાકરેનો ફોટો પણ ફાડી નાખતાં શિંદે સેના સામે રોષ

મુંબઈ : સોનિયા ગાંધીનાં પુસ્તક ‘બિલોંગિંગઃ એ જર્ની ઓફ લવ’માં વીર સાવરકર વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણીઓ હોવાનો આક્ષેપ કરી એકનાથ શિંદેની શિવસેનાના નેતાઓએ આજે આ પુસ્તકના જાહેરમાં લીરેલીરા કર્યા હતા. જોકે, આ દરમિયાન જોશમાં ને જોશમાં શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેનો ફોટો પણ ફાડી નાખવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થતાં ભારે વિવાદ સર્જાયો હતો. ભાંગરો વટાયાની જાણ થતાં એકનાથ શિંદેએ આ નેતાઓને વિધાન ભવનમાં બોલાવી ખુલાસો પૂછ્યો હતો. પુસ્તકમાં વીર સાવરકર વિશેની ટિપ્પણીઓ દ્વારા મહારાષ્ટ્રનું અપમાન કરાયું છે તેમ જણાવી પ્રવક્તા શાઈના એનસી તથા સંજય નિરુપમ સહિતના નેતાઓએ પુસ્તકનાં પાનાં કાઢી કાઢીને તેના ઓન કેમેરા લીરા બોલાવ્યા હતા. આ દરમિયાન જ શાઈના એનસી દ્વારા ફાડવામાં આવેલી એક તસવીર બાળ ઠાકરેની હોવાનો વીડિયો વાયરલ થયો હતો. તરત જ આ મુદ્દે રાજકીય વિવાદ ભભૂક્યો હતો. શિવસેના યુબીટી, કોંગ્રેસ તથા અન્ય નેતાઓએ આ પગલાંની ભારે ટીકા કરી હતી. શિવસેના યુબીટીના નેતાઓએ કહ્યું હતું કે શિંદે શિવસેના પોતે બાળ ઠાકરેની સાચી વારસ હોવાનો દાવો કરે છે તેનો દંભ હવે ખુલ્લો પડી ગયો છે.

કેરળના બે સ્ટેશનો પર પ્રક્રિયા શરૂ, 10 વર્ષની લીઝ પર સંચાલન

રેલવે સ્ટેશને મળશે વિદેશ જેવી સુવિધા, આરામ માટે AC પોડ્સ, WiFiથી લઇને ચાર્જિંગની સુવિધા, ખર્ચો પણ નજીવો!

(એજન્સી) નવી દિલ્હી | તા 19

રેલવે સ્ટેશન પર લાંબા સમય સુધી ટ્રેનની રાહ જોતા અથવા મોડી રાત્રે મુસાફરી કરતા મુસાફરો માટે દક્ષિણ રેલવે એક અત્યંત આરામદાયક અને આધુનિક સુવિધા શરૂ કરવા જઈ રહ્યું છે. કેરળના અલુવા અને અર્નાકુલમ જંક્શન રેલવે સ્ટેશનો પર એસી એક્ઝિક્યુટિવ લાઉન્જ વિકસાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે, જ્યાં મુસાફરોને કલાકના ધોરણે ‘સ્લીપિંગ પોડ્સ’ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સુવિધાનું પ્રારંભિક ભાડું પ્રતિ કલાક માત્ર 99 રૂપિયા રહેવાની શક્યતા છે, જેના કારણે મુસાફરોને થોડા કલાકોના રોકાણ માટે આખા દિવસનો મોંઘો હોટલ રૂમ બુક કરાવવાની જરૂર નહીં પડે.



પ્રસ્તાવિત સ્લીપિંગ પોડ્સમાં મુસાફરોની સુવિધા અને આરામનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. દરેક પોડમાં રિક્લાઇનિંગ બેડ, એર કન્ડિશનર (એસી), પ્રાઇવસી ડોર, યુએસબી ચાર્જિંગ પોર્ટ, રીડિંગ લાઇટ અને હાઇ-સ્પીડ વાઇ-ફાઇ જેવી તમામ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આ સુવિધા ખાસ કરીને એવા મુસાફરોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે, જેમને કનેક્ટિંગ ટ્રેનો વચ્ચે લાંબો સમય સુધી સ્ટેશન પર રાહ જોવી પડે છે.

અહેવાલો મુજબ, દક્ષિણ રેલવેએ અલુવા ખાતે પ્રસ્તાવિત એક્ઝિક્યુટિવ લાઉન્જ માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. અહીં કેએસઆરટીસી (KSRTC) બસ સ્ટેન્ડની સામે રેલવેની જમીન પર અંદાજે 10,000 ચોરસ ફૂટ વિસ્તારમાં બે માળની ઈમારત બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રેલવે જમીન પૂરી પાડશે અને પસંદગી પામેલા કોન્ટ્રાક્ટરે તેનું નિર્માણ કરવાનું રહેશે, જેનું સંચાલન 10 વર્ષની લીઝ પર કરવામાં આવશે.બીજી તરફ, અર્નાકુલમ જંક્શન પર આ આધુનિક લાઉન્જ મુખ્ય પ્લેટફોર્મના ઉત્તર છેડે આવેલા હાલના એસી વેઇટિંગ રૂમની ઉપર તૈયાર કરવામાં આવશે. તિરુવનંતપુરમ રેલવે ડિવિઝનમાં આ પ્રકારની આ પ્રથમ સ્લીપિંગ પોડ સુવિધા હશે. ઉલ્લેખનીય છે કે અર્નાકુલમ જંક્શનના પ્લેટફોર્મ નંબર 1 પર પહેલેથી જ 160 ચોરસ ફૂટનો એસી વેઇટિંગ રૂમ કાર્યરત છે, જેનો ચાર્જ 30 રૂપિયા પ્રતિ કલાક છે, પરંતુ આ નવું લાઉન્જ મુસાફરો માટે વધુ ખાનગી અને આરામદાયક વિકલ્પ સાબિત થશે.

લટકતા ટ્રકોમાં લાગી આગ | બંને ટ્રક ડ્રાઇવર સુરક્ષિત, વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો

પંજાબના પટિયાલામાં ધડાકાભેર લોખંડનો પુલ તૂટ્યો, બે ટ્રકો લટકી પડતાં અફરાતફરી

(એજન્સી) પટિયાલા | તા 19

પંજાબના પટિયાલા-સંગરુર માર્ગ પર નહેર પર બનેલો લોખંડનો એક પુલ અચાનક ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટના ગુરુવારે સવારે બની હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સમયે પુલ પરથી બે ટ્રક પસાર થઈ રહ્યા હતા, જે પુલ તૂટવાની સાથે જ નીચે નહેરમાં ખાબક્યા હતા. ઘટનાની જાણ થતા જ વહીવટી તંત્રની ટીમો અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરી હતી.પુલ તૂટી પડતા જ બંને ટ્રક નહેરમાં ફસાઈને લટકી ગયા હતા અને દુર્ઘટના બાદ તેમાં ભીષણ આગ પણ ફાટી નીકળી હતી. ફાયર વિભાગની ગાડીઓ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બીજી તરફ, તૂટેલા પુલના કાટમાળ ઉપરથી ભાખડા નહેરનું પાણી વહેવા લાગતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી, જેને સંભાળવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી



કરવામાં આવી રહી છે.રાહતની વાત એ છે કે બચાવ ટીમો દ્વારા બંને ટ્રક ડ્રાઇવરોનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું છે અને આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. સુરક્ષાના કારણોસર વહીવટી તંત્રએ પુલની બંને તરફ બેરિકેડિંગ લગાવીને આ માર્ગ પર વાહનોની અવરજવર સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. મુસાફરોની સુવિધા માટે વાહનવ્યવહારને બીજી તરફના પુલ પરથી પસાર કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.મળતી માહિતી મુજબ, આ નેશનલ હાઇવે અને પુલનું નિર્માણ વર્ષ 2016ની આસપાસ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્તરે અગાઉ પણ આ પુલમાં તિરાડો પડી હોવાની ફરિયાદો સામે આવી હતી, ત્યારે અચાનક પુલ તૂટી પડતા તેના બાંધકામ અને મજબૂતી પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. આ ઉપરાંત, દુર્ઘટના સમયે પુલ પરથી પસાર થઈ રહેલા ટ્રકો ઓવરલોડ હોવાની પણ ચર્ચા છે, જે અંગે તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કંપનીઓએ અનેક જમીનો લઈ લીધી, અદાણીએ આખું કચ્છ લઈ લીધું: ઈસુદાન

ધારાસભ્ય હેમંત ખવાએ ખેડૂતોને પાણી પહોંચાડ્યું, 125 જેટલા રસ્તાઓના કામ કરાવ્યા: ઈસુદાન ગઢવી



(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટી દ્વારા લાલપુર ખાતે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય હેમંત ખવા, જિલ્લા પ્રમુખ વશરામભાઈ આહીર સહિત મોટી સંખ્યામાં પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાનું વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે હું ગામના લોકોને અને ખાસ કરીને વડીલોને અને ખેડૂતોને કહેવા માંગીશ કે તમે યૂટ્યૂબ પર જોજો કે વિદેશોમાં ગામડા કેવા છે. દુનિયાભરના ખેડૂતો આગળ વધી રહ્યા છે અને આપણા ગુજરાતના ખેડૂતો ત્યાંના ત્યાં જ છે. આનું કારણ છે નમાલા નેતાઓ અને મૌન પ્રજા. અમેરિકાની સરકાર અમેરિકાના ખેડૂતોને વર્ષે 54 લાખની સબસીડી આપે છે, અમેરિકાની સરકાર પ્રયાસ કરે છે કે એમના દેશમાં ઊગેલો

હું જામખંભાળિયામાં અને આસપાસના વિસ્તારોમાં જ્યારે જાઉં છું તો લોકો સામે ચાલીને મને કહે છે કે "ધારાસભ્ય હેમંતભાઈ ખવા ખૂબ જ સારું કામ કરી રહ્યા છે": ઈસુદાન ગઢવી

કપાસની નિકાસ થાય અને ભારતમાં મોકલવામાં આવે. જ્યારે આપણા દેશની સરકારો ખેડૂતો માટે શું કરે છે? હાલ સારી બાબતે છે કે ગામડાઓમાંથી જાતિવાદ ઓછો થઈ રહ્યો છે નહિતર પહેલા નેતાઓ જાતિવાદના નામે ગામડાઓને લુટીને જતા રહેતા.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ભાણવડ તાલુકાના મોડપર ગામે મારી ચૂંટણીમાં જીત થાય એ માટે પગમાં પગરખાં નહીં પહેરવાની બાધા રાખેલી એવા ધરણાત ભાઈ આહીરની કાલે મેં એમના ઘરે મુલાકાત લીધી. એમણે જિંદગીભર કોઈની સામે હાથ લાંબો નથી કર્યો અને સરકાર એમની જમીન છીનવી લેવા ઉતરી પડી છે. કંપનીઓએ અનેક જમીનો લઈ લીધી, અદાણીએ આખું કચ્છ લઈ લીધું, ત્યાં સરકાર પહોંચી શકતી નથી. એક કાનૂન છે કે જેણે વૃક્ષ વાવવા હોય એને જમીન સરકાર આપશે પરંતુ અહીંયા ફટાફટ આ લોકો ઉદ્યોગપતિઓને જમીન આપી રહ્યા છે. ખેડૂતોને જે જમીન આપવાની હોય એ મુદ્દે એક પણ નેતા કંઈ બોલવા તૈયાર નથી.

ખેડૂતોને ન્યાય અપાવવા માટે અમે રાજનીતિમાં આવ્યા છીએ, ઉદ્યોગપતિઓની દલાલી કરવા માટે નહીં: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી ગતરોજ ફેસબુક લાઈવ દ્વારા જણાવ્યું હતું કે, આજે ભાણવડ તાલુકાના મોડપર ગામે મારી ચૂંટણીમાં જીત થાય એ માટે પગમાં પગરખાં નહીં પહેરવાની બાધા રાખેલી એવા ધરણાત ભાઈ આહીરના ઘરે મુલાકાત લઈને એમના આશીર્વાદ લીધા !! અને ભાજપ સરકાર કઈ રીતે પ્રજાને લૂંટે છે ! જમીનો પણ આપવાને બદલે વનખાતાના નામે લઈ રહી છે તેની પીડા પણ કહી ! જાણી ને બહુ દુઃખ થયું ! અદાણીને એક રૂપિયા ટોકનના ભાવે ઘણી જમીન આપવામાં આવે છે, બીજા ઉદ્યોગપતિઓને પણ ખૂબ જમીન આપવામાં આવે છે અને ગરીબ ખેડૂતો પાસેથી જમીનો ઝુંટવી લેવામાં આવે છે, શું આના માટે સરકાર બનાવી છે? ખરેખર તો આ લોકોને જમીન આપવી જોઈએ. વન ખાતાએ ઘણા લોકોની જમીનો ઝડપી લીધી, જો એ વન ખાતાની જમીન હોય તો બાઉન્ડ્રી કેમ પાડો છો? પહેલા કોર્ટમાં જાઓ. જો 2027 માં ફરીથી ભાજપ સરકાર આવી ગઈ તો જેમ અત્યારે વન ખાતાના નામે જમીનો ઝડપી લે છે, એની જગ્યાએ એમ ને એમ જમીનો ઝડપવા લાગશે. ધાકધમકી કરીને ગુંડાઓ જમીન પડાવી લેશે અને પોલીસ પણ આવીને તમને કહેશે કે "નીકળો અહીંયા થી" જે લોકો વર્ષોથી પોતાની જમીન સાથે જીવી રહ્યા છે હવે એ લોકોએ પોતાની જમીનમાં જવા માટે પરમિશન લેવી પડે છે.આપણા દેશના લોકો દેશ છોડીને અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા જવા દેશોમાં જઈ રહ્યા છે કારણકે ગુજરાતમાં ભાજપના ઈશારે પોલીસ ગુંડાની જેમ વર્તી રહી છે. આ લોકોને એટલું જ કહેવા માંગીશ કે તમે રિટાયર થઈ જશો એ પછી પણ હું તમને જેલમાં નાખીશ. ગુજરાતની જનતાને હું અપીલ કરવા માંગીશ કે હવે નરેન્દ્ર મોદીના નામે પણ તમે ભાજપને મત ન આપતા કારણ કે શું અત્યારે નરેન્દ્ર મોદી તમને બચાવવા માટે આવે છે? બાર વર્ષથી પ્રધાનમંત્રી બનેલા નરેન્દ્ર મોદી પ્રજાહિતના કામ નથી કરતા. પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર સાડા ચાર વર્ષથી છે અને ત્યાં 18 વર્ષથી ઉપરની દરેક મહિલાને 1000 અને SC સમાજની મહિલાને મહિને 1500 રૂપિયા આપવામાં આવે છે, પંજાબમાં સરકાર ટેકાના ભાવથી ખેડૂતોની બધી ઉપજ ખરીદી લે છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ખેડૂતોને ફ્રી વીજળી આપે છે અને દરેક ઘરમાં ત્રણસો યુનિટ મફત વીજળી આપે છે અને અહીંયા ગુજરાતમાં રેડ પડે છે. ખેડૂતના ખિસ્સામાં 100 રૂપિયા નથી હોતા એને જીઈબીના અધિકારીઓ 500 રૂપિયાનો દંડ ફટકારે છે. પંજાબમાં દસ લાખ સુધીની સારવાર પ્રાઈવેટ હોસ્પિટલોમાં પણ મફતમાં કરવામાં આવે છે, આવા અનેક કામો કર્યા અને જો આવા જ કામ સાડા ચાર વર્ષમાં પંજાબમાં થઈ શકતા હોય તો 30 વર્ષમાં ગુજરાતમાં કેમ નથી થતા? અમે આ લોકોને જેલમાં નહીં નાખીએ ત્યાં સુધી રાજનીતિમાં રહીશું, તમારાથી થાય એટલા અત્યાચાર અમારા પર કરાવી લો. અત્યારે જેની જેટલી જમીન છીનવી લેવામાં આવી રહી છે, એ વ્યક્તિને એની જમીન આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ પરત આપવામાં આવશે. અમે આવા કામ કરવા માટે રાજનીતિમાં આવ્યા છીએ ઉદ્યોગપતિઓની દલાલી કરવા માટે નહીં. ગુજરાતની જનતાને મારી એટલી જ વિનંતી છે.

જમીન સનદની હજારો પેન્ડિંગ અરજીઓ તાત્કાલિક પૂરી કરીને આદિવાસીઓને સોંપવી જોઈએ : ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય બન્યા બાદ ચૈતરભાઈ વસાવાએ આદિવાસી સમાજ માટે કરેલા કામોને કારણે અંબાજીથી ઉમરગામ સુધીનો આખો સમાજ તેમના સમર્થનમાં જોડાઈ ગયો છે અને જાગૃત થયો છે. આદિવાસી સમાજ વધુ જાગૃત ન થાય, તેમના મુદ્દાઓ ન ઉઠે અને ચૈતરભાઈને સમર્થન ન મળે તે હેતુથી ભાજપે પોલીસ અને કર્મચારીઓનો દુરુપયોગ કરીને ખોટા કેસમાં તેમને જેલમાં પૂર્યા છે, અને ત્યારબાદ મુખ્યમંત્રી, મંત્રીઓ તથા ગૃહમંત્રી આદિવાસી વિસ્તારોમાં રાતો રોકાઈને લોકોને ભ્રમિત કરવા અને મત માટે લોભાવવા ઉતરી પડ્યા છે. મુખ્યમંત્રી આદિવાસી વિસ્તારમાં પહોંચ્યા છે ત્યારે તેમનો ત્રણ દિવસનો પ્રવાસ પૂરો થાય તે પહેલાં આદિવાસી સમાજ માટે માંગણીઓ પૂરી કરવા અને જાહેરાતો કરવા તેમણે વિનંતી કરી હતી, જેમાં આદિવાસીઓને 'વનવાસી' કે 'જનજાતિ'ને બદલે 'મૂળ આદિવાસી' કહેવાનું ચાલુ રાખી પેસા એક્ટનો યોગ્ય અમલ કરવા, મુખ્યમંત્રીને બદલે આદિજાતિ સલાહકાર સમિતિના ચેરમેન પદે આદિવાસીને બેસાડવા, જમીન સનદની હજારો પેન્ડિંગ અરજીઓનો તુરંત નિકાલ કરી સોંપવા તથા ડેમો અને તળાવો ભરીને નર્મદાના પાણી દ્વારા સિંચાઈની પૂરતી વ્યવસ્થા કરવાની માંગણીઓનો સમાવેશ થાય છે.

વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, જો ચૈતરભાઈ વસાવા જેલમાં ન હોત તો તેઓ આજે સરકારને સવાલ પૂછત; સુરત તક્ષશિલા કાંડ, રાજકોટ અગ્નિકાંડ, વડોદરા હરણી કાંડ, મોરબી બ્રિજ કાંડ અને લઠ્ઠાકાંડ જેવા અનેક કાંડોમાં ભાજપના મળતિયાઓ સામે હજુ સુધી કોઈ સજા થઈ નથી, જ્યારે સનદની જમીનના મામલે ખેતરમાં ઊભો પાક કાપવાના કેસમાં ચૈતરભાઈ જેલમાં છે. ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રીને અપીલ કરી હતી કે જો તેઓ ઈશ્વરમાં માનતા હોય તો ચૈતરભાઈને ખોટા કેસમાં ફસાવ્યા હોવાની અને પોલીસ-કર્મચારીઓના દુરુપયોગની વાત સ્વીકારી તેમને ન્યાય અપાવવા તથા મુક્ત કરાવવા માટે અવાજ ઉઠાવે અને પગલાં ભરે. ચૂંટણી નજીક આવતી હોવાથી અને આદિવાસી વિસ્તારમાં ભાજપનો સપાટો બોલી ગયો હોવાથી નેતાઓને પ્રવાસ કરવા પડ્યા છે, પરંતુ આ માંગણીઓ પૂરી કર્યા વિના ગમે તેટલા પ્રયત્નો કરશે તો પણ અંબાજીથી ઉમરગામ સુધીનો આદિવાસી સમાજ હવે ભ્રમિત થવાનો નથી તેમ ઈસુદાન ગઢવીએ ઉમેર્યું હતું.

ચૈતરભાઈને જેલમાં નાખ્યા બાદ ભાજપના નેતાઓ આદિવાસી વિસ્તારોમાં લોકોને ભ્રમિત કરવા ઉતર્યા છે : આદિવાસીઓને વનવાસી નહીં પણ મૂળ આદિવાસી કહીને પેસા એક્ટનો યોગ્ય અમલ કરવો જોઈએ : ઈસુદાન ગઢવી આદિજાતિ સલાહકાર સમિતિના ચેરમેન પદે મુખ્યમંત્રીને બદલે આદિવાસી વ્યક્તિને બેસાડવા જોઈએ : ઈસુદાન ગઢવી

સ્ટેચ્યુ ઓફ યુનિટીના આદિવાસી કર્મચારીઓ સાથે ગેરવર્તન કરનાર DYSP શર્મા અને PI ગઢવી સામે કડક કાર્યવાહી કરો: નિરંજન વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ એક વિડીયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પોતાની માંગણીને લઈને ચાર દિવસથી કર્મચારીઓ હડતાલ પર બેઠા છે ત્યારે ડીવાયએસપી શર્મા અને પી.આઈ ગઢવીએ આદિવાસી કર્મચારીઓ અને આગેવાનો સાથે ગેરવર્તન કર્યું છે. પોતાની સત્તા અને વર્દીનો ખૌફ બતાવીને ડરાવવા ધમકાવવાનો પ્રયાસ કરે છે. ભૂતકાળમાં પણ ધારાસભ્ય ચૈતર વસાવા અને બીજા લોકો સામે આ લોકોએ અપશબ્દનો ઉપયોગ કર્યો છે, ત્યારે હું ગુજરાતના ગૃહમંત્રી, નર્મદાના એસપી અને ગાંધીનગરના ગૃહ વિભાગને પૂછવા માગું છું કે આ જે કર્મચારીઓ છે જે પોલીસ વિભાગને બદનામ કરવાનો પ્રયત્ન કરે છે એમના પર તમે આવનાર દિવસોમાં કયા એક્શન લેશો? જે ભોળાભાળા આદિવાસી લોકો શાંતિપૂર્ણ રીતે પોતાના હક અને અધિકાર માટે ધરણા પર બેઠા હતા અને એજન્સીઓ પાસે પોતાની માંગણીઓ રજૂ કરી રહ્યા હતા અને આવા સમયમાં આ પોલીસ અધિકારીઓ હાથ પકડીને અમારા લોકોને પકડીને ખેંચી જાય છે, ખોટા કેસો કરવાની ધાકધમકી આપો છે. પોલીસનું કામ પ્રજાની સલામતી જાળવવાનું છે, પરંતુ આવા પોલીસ અધિકારીઓ સત્તાના જોરે સામાન્ય લોકોનો અવાજ દબાવવાનો કોશિશ કરે છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, આ કર્મચારીઓને જો બહુ લાગણી હોય તો કેસરી પટ્ટા પહેરી લે અને ચૂંટણી લડે. તમે વર્દીને બાજુમાં મૂકીને આગેવાનો સામે આવો તો જનતા તમને જવાબ આપશે, તમે વર્દી પહેરીને અમારા લોકોને ડરાવો ધમકાવો છો. અમારા લોકો ભોળા છે, કોઈ કાયદો જાણતા નથી. ગૃહમંત્રીને અમે કહેવા માંગીએ છીએ કે તમે ત્રણ દિવસના નર્મદાના પ્રવાસે આવો છો તો તમારે હવે આ ડીવાયએસપી શર્મા અને પીઆઈ ગઢવી પર કડકમાં કડક કાર્યવાહી કરવી પડશે. જો કાર્યવાહી કરવામાં નહીં આવે તો ટ્રાયબલ વિસ્તારમાં ગાંધી ચિંધ્યા માર્ગે તમામ સમાજને સાથે રાખીને કલેકટર કચેરી અને એસપી ઓફિસ સામે ઉગ્ર આંદોલન કરીશું. આ બંને કર્મચારીઓ પર કડક પગલાં લેવામાં આવે અને એક દાખલો બેસાડવામાં આવે જેથી આવનારા સમયમાં બીજો કોઈ પણ કર્મચારી આ રીતે કોઈ સામાન્ય નાગરિક કે સામાજિક આગેવાનને ડરાવી ધમકાવી ન શકે.

સાંસદ ખેલ સ્પર્ધાના નામે લાખો રૂપિયાના મંડપો અને રમતો પાછળ ધુમાડો કરાય છે : નિરંજન વસાવા

(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ ટ્રાયબલ વિસ્તારના રાજકારણ અને ભાજપ સરકારના કાર્યક્રમો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારમાં વધતી જાગૃતિને કારણે ભાજપના નેતાઓ, મંત્રીઓ, ડેપ્યુટી સીએમ, મુખ્યમંત્રી અને કેન્દ્રના નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. મુખ્યમંત્રીનો ટ્રાયબલ વિસ્તારમાં બીજો દિવસ છે અને આવતીકાલથી ડેપ્યુટી સીએમ પણ ડેડિયાપાડાના પ્રવાસે છે. ઉમરગામથી અંબાજી સુધીના સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓ મોટા મંડપો બાંધીને લાખો રૂપિયાના ખર્ચે 'સાંસદ ખેલ સ્પર્ધા' હેઠળ ગિલીદંડા, ક્રિકેટ, લીંબુ-ચમચી, લખોટી અને દોરડા ખેંચ જેવી રમતો રમાડીને પ્રજાના પરસેવાના પૈસાનો ધુમાડો અને તાયફા કરી રહ્યા છે, જ્યારે ગામડાના બાળકો તો આ રમતો રમીને જ મોટા થયા છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે વિસ્તારમાં તૂટેલા રસ્તાઓ, સનદની જમીનના લાખો પેન્ડિંગ દાવા, એક શિક્ષકથી ચાલતી શાળાઓ, ડોક્ટરો અને સાધનો વિનાની હોસ્પિટલો જેવી સમસ્યાઓ છે, જેના કારણે સામાન્ય ઘટનામાં પણ વડોદરા કે સુરત જવું પડે છે, અને નર્મદા તેમજ અન્ય ડેમોનું પાણી સૌરાષ્ટ્ર-કાઠિયાવાડ જાય છે પણ છોટાઉદેપુર, દાહોદ અને નર્મદાના ખેડૂતો તરસે મરી રહ્યા છે.

વધુમાં 'આપ' નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, લીંબુ-ચમચી અને લખોટીની રમતોના નામે પૈસા વેડફવાને બદલે યુવાનોને રોજગારી આપો, બાળકોને સારું શિક્ષણ અને કોમ્પ્યુટર લેબ આપો, ખેડૂતોને સિંચાઈનું પાણી અને જમીનના હક આપો તથા હોસ્પિટલોમાં ડોક્ટરો અને રસ્તાઓની સુવિધા ઊભી કરો, જેથી બેરોજગાર યુવાનોને સુરત, વડોદરા કે સૌરાષ્ટ્ર મજૂરી માટે ન જવું પડે. તેમણે ચેતવણી આપી કે દેખાડા અને તાયફાઓનો સમય હવે પૂરો થઈ ગયો છે, ગ્રામ પંચાયતોને અધિકારો આપો, જમીન સનદના નામે લોલીપોપ આપવાનું બંધ કરો અને આદિવાસી સલાહકાર સમિતિના અધ્યક્ષ પદે મુખ્યમંત્રીને બદલે ટ્રાયબલ ધારાસભ્યો કે સાંસદોને બેસાડો જેથી સાચી માહિતી અને નિરાકરણ મળે. જો વર્ષો જૂના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, તો ૨૦૨૭ની ચૂંટણીમાં ઉમરગામથી અંબાજી સુધીની જાગૃત જનતા ભાજપને રાજનીતિના મેદાનમાંથી ક્લીન બોલ્ડ કરી દેશે અને ફરી બેટિંગ કરવાનો મોકો નહીં આપે તેમ તેમણે ઉમેર્યું હતું.

વધતી મોંઘવારીને કારણે મહિલાઓનું ઘર ચલાવવાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે : પાયલ સાકરીયા AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયાએ વધતી જતી મોંઘવારી મુદ્દે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દેશભરમાં દિવસેને દિવસે વધી રહેલી મોંઘવારીને કારણે સામાન્ય માણસ માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે અને મહિલાઓનું ઘરેલું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગેસ, પેટ્રોલ-ડીઝલ અને શાકભાજીની સાથે દરેક ઘરની પ્રાથમિક જરૂરિયાત ગણાતા દૂધ, દહીં અને છાશ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓમાં પણ સતત ભાવવધારો થઈ રહ્યો છે. ભાજપ સરકારનો મોંઘવારી પર કોઈ અંકુશ નથી અને એક તરફ વિકાસના દાવાઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ મહિલાઓને ઘર ચલાવવા માટે સંઘર્ષ કરવો પડતો હોય તો આ કેવા પ્રકારનો વિકાસ છે તેવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો. આ ભાવવધારાનો લાભ પશુપાલકો કે સામાન્ય જનતાને મળવાને બદલે માત્ર સરકાર અને સરકારમાં બેઠેલા દલાલોને જ થઈ રહ્યો છે. વધુમાં પાયલ સાકરીયાએ જાહેરાત કરી હતી કે, મોંઘવારીને કાબૂમાં લેવા અને સરકારની આંખ ખોલવા માટે આવતીકાલે એટલે કે ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટીની મહિલા વિંગ દ્વારા તમામ જિલ્લાઓની કલેક્ટર કચેરીઓ અને એસડીએમ (SDM) કચેરીઓ ખાતે આવેદનપત્ર આપવામાં આવશે. સામાન્ય નાગરિક જીવનજરૂરી વસ્તુઓ ખરીદી શકે અને સારી રીતે જીવી શકે તે તેનો અધિકાર છે તથા મોંઘવારી નિયંત્રણમાં રાખવી એ સરકારની જવાબદારી છે, જેમાં સરકાર નિષ્ફળ ગઈ છે. આ પરિવારના બજેટ અને ઘરનો વિષય હોવાથી તેમણે ગુજરાતભરની તમામ બહેનોને આ આવેદનપત્રના કાર્યક્રમમાં જોડાવા અથવા સોશિયલ મીડિયાના માધ્યમથી સરકાર સામે અવાજ ઉઠાવી આવનારા સમયમાં પરિવર્તન લાવવા માટે જાગૃતતા સાથે પ્રયાસ કરવા અપીલ કરી હતી.

કંપનીઓ પાસે યોગ્ય દસ્તાવેજો હોય તો કેમ બતાવવામાં આવતા નથી?: ડૉ. કાયનાત અંસારી આથા AAP

અબડાસામાં લોકોનો નહિ પરંતુ કંપનીઓનો વિકાસ પૂરજોશમાં થઈ રહ્યો છે: ડૉ. કાયનાત અંસારી આથા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.કાયનાત અંસારી આથાએ આજે કચ્છ જિલ્લાના કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આ મુદ્દે તેમણે મીડિયા સમક્ષ વિસ્તારપૂર્વક વાત કરતા જણાવ્યું હતું કે, અબડાસા વિધાનસભામાં બે કંપનીઓ છે, એક અવાડા ગ્રીન કંપની અને બીજી NTPC કંપની. તો અમે આવેદનપત્ર આપીને સવાલ કર્યો છે કે આ કંપનીઓને એવી કઈ પરમિશન આપવામાં આવી છે કે આ લોકો પહાડ કાપી રહ્યા છે અને તળાવને દબાવી રહ્યા છે? હાલ દુષ્કાળ જેવી સ્થિતિમાં માલધારીઓ અને પશુપાલકો પાસે પાણી પણ નથી તો આવા સમયમાં એ લોકોએ કઈ રીતે મોમનપુરા તળાવને દબાવી દીધું, અને એની પાછળથી રસ્તો કાઢી દીધો? આ સિવાય અવાડા ગ્રીન દ્વારા સોલર પાઈલિંગનું કામ ચાલી રહ્યું છે. ગવર્મેન્ટના ગેજેટમાં કોઈપણ કંપની સોલર પાઈલિંગ માટે રજીસ્ટર નથી થયેલી. તેઓ વીજ લાઈન નાખવા માટે રજીસ્ટર છે પરંતુ તેઓ એવા સર્વે નંબર ઉપર કામ કરી રહ્યા છે જ્યાં તેમને પરમિશન પણ નથી. તો આ મુદ્દે તમામ ગવર્મેન્ટ ગેજેટના પેપરો અમે કઢાવ્યા અને આજે મેં કલેકટરને આ આવેદનપત્ર આપ્યું અને માંગ કરી કે આ વિસ્તારોમાં જે કામગીરી ચાલી રહી છે તેની તપાસ કરવામાં આવે. આ સિવાય લાગતા વળગતા વિભાગોમાં હવે માંગ કરી છે કે અમને યોગ્ય કાગળો દેખાડવામાં આવે, જો કંપની પાસે યોગ્ય કાગળની કાર્યવાહી કરવામાં આવેલી છે તો કંપની કેમ નથી બતાવતી? અને જો એ લોકો પાસે યોગ્ય કાગળો નથી તો એ કયા આધારે કામ કરી રહ્યા છે અને એ લોકોને કોણ સપોર્ટ કરી રહ્યું છે? તો આ મુદ્દે અમે કલેકટરને રજૂઆત કરવા માટે આવ્યા હતા.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ. કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે, અમે કલેકટર સમક્ષ રજૂઆત કરી છે કે સુઓમોટો કરી આ મુદ્દે તપાસ કરવામાં આવે, જો તપાસ કરવામાં નહીં આવે તો અમે PIL દાખલ કરીશું, જેથી ગ્રામજનોને ન્યાય મળે. કલેકટર સાથે અમારી મુલાકાત થઈ નથી પરંતુ પી.આર.ઓ. એ અમને કહ્યું છે કે પેપર વર્ક વધારે છે માટે 30 દિવસનો એમણે અમને સમય આપ્યો છે. છરી-ઢંઢ અને રામસર કન્ઝર્વેશન રિઝર્વ છે એને પણ ખતમ કરીને ત્યાં જે વૃક્ષો છે અને જે માલધારીઓ ત્યાં પશુઓ ચરાવતા હતા એ તમામ જગ્યાને હટાવીને હવે ત્યાં સોલર પાયલીંગનું કામ ચાલી રહ્યું છે. આ વિસ્તારમાં દર વર્ષે બીજા દેશના હજારો પક્ષીઓ આવતા હતા અને આ જગ્યા એક ટુરિસ્ટ સાઈટ પણ છે અને આ તમામ જગ્યાને ખતમ કરવામાં આવી રહી છે તો આ એક મોટું ષડયંત્ર છે. સરકાર અબડાસા વિધાનસભામાં કોઈ શિક્ષણની સુવિધાઓ નથી આપી રહી, મેડિકલની કોઈ વ્યવસ્થા નથી આપી રહી અને ત્યાં કોઈ ડેવલપમેન્ટ પણ નથી થઈ રહ્યું પરંતુ ત્યાં કંપનીઓનો વિકાસ ખૂબ જ તેજીથી થઈ રહ્યો છે, તો એવું લાગી રહ્યું છે કે સરકારી ઈચ્છી રહી છે કે ત્યાં રહેતા લોકો હિજરત કરી જાય અને ત્યાં આખું કંપની રાજ થઈ જાય. અગાઉ હું કંપનીના લોકો સાથે વાત કરવા ગઈ હતી કારણ કે હું ઈચ્છતી હતી કે કંપની અને ગ્રામજનો સાથે મળીને આગળ વધે પરંતુ કંપનીના લોકોએ મારા અને બીજા અમુક લોકો પર ખોટી FIR કરાવી દીધી. તો એ લોકોને હવે કાનૂન પ્રક્રિયા દ્વારા જ આગળ વધવું છે તો અમે એના માટે તૈયાર છીએ અને અમે સુપ્રીમ કોર્ટ સુધી જઈ શકીએ.

ટણીના એક વર્ષ પહેલાં થતા પ્રવાસો વિકાસલક્ષી નહીં પણ ચૂંટણીલક્ષી હોય છે : રાજુભાઈ વલવાઈ

(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગઈકાલથી ૭૨ કલાક માટે દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભા વિસ્તારમાં પ્રવાસ પર છે અને પ્રથમ દિવસે પત્રકારોના સવાલના જવાબમાં તેમણે આ પ્રવાસને વિકાસલક્ષી ગણાવ્યો હતો, પરંતુ ચૂંટણીના એક વર્ષ પહેલાં થતા આવા પ્રવાસો ચૂંટણીલક્ષી જ હોય છે. તેમણે દાવો કર્યો હતો કે આ સરકારના વિકાસની પોલ ખોલતો કાગળ તેમની પાસે છે, જે મુજબ ગરબાડા તાલુકા પંચાયતમાં યોજાનારી જનસુનાવણીમાં મુખ્યમંત્રી ૧૪૪ લોકો સાથે વાત કરવાના છે અને તે ૧૪૪ લોકોએ કયા સવાલ પૂછવા તથા મુખ્યમંત્રીએ શું જવાબ આપવા તે અગાઉથી નક્કી અને એડવાન્સમાં આપી દેવામાં આવ્યું છે. ૨૦૦૨ની જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૦૦% ઘરોમાં વીજળી આપવાની વાતો છતાં ૨૫ વર્ષ પછી પણ આ ૧૪૪ સવાલોમાંથી ૨૫ થી ૩૦ સવાલો



ઘરના વીજ કનેક્શન માટેના છે, અને ૧૪૪માંથી ૧૨૦ પ્રશ્નો ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ધારાસભ્ય સ્તરે ઉકેલી શકાય તેવા નાના કામોના છે, જે દર્શાવે છે કે સ્થાનિક તંત્ર અને પદાધિકારીઓનો વહીવટ ખાડે ગયો છે. આ પ્રી-પ્લાન યાદીમાં દુષ્કાળમાં ખાલી પડેલા દાહોદના તળાવો ભરવાની વાત, પેસા એક્ટ અને પાંચમી અનુસૂચિના અમલની વાત, ચૈતરભાઈ વસાવાને જેલમાંથી છોડાવવાની વાત, માજી મંત્રીના ૨૫૦૦ કરોડના મનરેગા ગોટાળા અને ટૂંક સમયમાં બહાર પડનારા ૧૭૦૦ કરોડના સંભવિત ગોટાળા સામે સજાની વાત કે અધિકારીઓ-નેતાઓના કરોડોના ભ્રષ્ટાચાર સામે કોઈ કાર્યવાહીનો સવાલ નથી. વધુમાં રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતું કે, અમને વીજ કનેક્શન, લાઈબ્રેરી કે રોડની મંજૂરી જેવા જવાબો નથી જોઈતા, પરંતુ પેસા કાયદો અને પાંચમી અનુસૂચિ જમીન પર ક્યારે લાગુ થશે, દુષ્કાળગ્રસ્ત દાહોદના તળાવો નર્મદા કે કડાણાના પાણીથી ક્યારે ભરાશે, સિંચાઈનું પાણી અને સ્થાનિક રોજગારી આપી હજારો લોકોની હિજરત ક્યારે અટકાવાશે, પ્રાઈવેટ કોલેજોમાં ન સ્વીકારાતા ફીશિપ કાર્ડ મામલે વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શું પગલાં લેવાશે અને આદિવાસીઓના હક માટે લડતા ચૈતરભાઈ વસાવા પરના ખોટા કેસ પાછા ખેંચી તેમને ક્યારે મુક્ત કરાશે તેવા સવાલોના જવાબ જોઈએ છે.

સુરત પોલીસ આ ઘટનાને છાવરવામાં લાગી છે": ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આપી ચીમકી

(એજન્સી) અમદાવાદ | તા. 19

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ એક અત્યંત ગંભીર મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં બિહારના માહોલનું સર્જન થઈ ચૂક્યું છે. ગુજરાતના ઈતિહાસમાં ન બની હોય એવી ઘાતકી અને ક્રૂર ઘટના આપણી નજર સામે આવી છે. આજે સવારે વહેલા અંદાજિત 07:00 વાગ્યા આસપાસ સુરતના ગજેરા સર્કલના આસપાસના વિસ્તારમાં લૂંટારુ ટોળકીએ અલગ અલગ આઠ વ્યક્તિઓને છરી મારીને, હત્યાનો પ્રયાસ કરીને લૂંટી લીધા છે. આઠ વ્યક્તિઓ સાથે એક સાથે લૂંટની ઘટના ઘટી છે. ક્યાંક રસ્તે જતા માણસને ચાકુ મારીને તો ક્યાંક કોઈ વ્યક્તિ ઊભો હતો એને ચાકુ મારીને, કોઈનો મોબાઈલ લૂંટી લેવામાં આવ્યો, કોઈનું પાકીટ લૂંટી લેવામાં



આવ્યું અને ક્યાંક સોના ચાંદી લૂંટી લેવાની એમ કુલ આઠ ઘટનાઓ એક સાથે સુરતમાં ઘટી છે.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, પોલીસ આ ઘટનાને દબાવવાનો અને છાવરવાનો ભરપૂર પ્રયાસ કરી રહી છે. હર્ષ સંઘવી સુરતમાં રહે છે, સી આર પાટીલ સુરતમાં રહે છે, આ સિવાય બીજા અનેક મંત્રીઓ પણ સુરતમાં રહે છે અને હવે સુર

રાજ્યમાં ખાદ્ય સુરક્ષા મુદ્દે સરકાર એક્શન મોડમાં

આજથી સમગ્ર ગુજરાતમાં "ઓપરેશન હેલ્થ" હેઠળ નેશનલ હાઈવે તથા રાજ્ય નામુખ્ય હાઈવે હોટલ - રેસ્ટોરન્ટ/ ઢાબા ની તપાસ નો પ્રારંભ :- આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



(એજન્સી) ગાંધીનગર | તા.19

રાજ્યના નાગરિકોને શુદ્ધ, સ્વચ્છ અને આરોગ્યપ્રદ આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે કડક કદમ ઉઠાવવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ખાદ્ય પદાર્થોના વેચાણમાં પારદર્શિતા લાવવા અને જનઆરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં આરોગ્ય મંત્રીશ્રીએ નેશનલ હાઈવે તથા રાજ્ય ના મુખ્ય હાઈવે પરની તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, હાઈવે પરના ઢાબા અને ફૂડ સર્વિસ સાથે સંકળાયેલી તમામ પેઢીઓનું સઘન ચેકિંગ [illegible] અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યા છે. મંત્રીશ્રીના દિશાનિર્દેશ મુજબ, ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬' હેઠળ તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૬થી સમગ્ર રાજ્યમાં "ઓપરેશન હેલ્થ" અંતર્ગત ખાસ તપાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ અંગે વધુ વિગતો આપતા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે તમામ મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના તમામ જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રીઓને ખાસ આદેશો જારી કરવામાં આવ્યા છે. વિશેષ કરીને, નેશનલ અને રાજ્યના મુખ્ય હાઈવે કોરિડોર પર ધમધમતી તમામ હોટેલો, રેસ્ટોરન્ટ્સ અને ઢાબાઓનું ચેકિંગ સંબંધિત જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવશે.

આરોગ્ય મંત્રીની સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી : સામાન્ય નાગરિકો અને મુસાફરોના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારના ચેડાં અથવા બેદરકારી સાંખી લેવામાં આવશે નહીં. તપાસણી દરમિયાન જ્યાં પણ શંકાસ્પદ જણાય ત્યાં ત્વરિત ખાદ્યચીજોના સેમ્પલ લેવામાં આવશે. એટલું જ નહીં, ફૂડ સેફ્ટી એક્ટના 'શિડ્યુલ-૪' ની જોગવાઈઓનો ભંગ કરનારા એકમો સામે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવાથી લઈને લાયસન્સ સસ્પેન્ડ કરવા અથવા કાયમી ધોરણે રદ કરવા સુધીની કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.વધુમાં ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા પણ આ બાબતે જરૂરી તપાસ અને ખાદ્ય ચીજ ના સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવશે.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યના તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરો - ખાસ કરીને હોટેલ, રેસ્ટોરન્ટ અને ઢાબા સંચાલકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, ગ્રાહકો તથા મુસાફરોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને સુરક્ષિત આહાર મળી રહે તે માટે તમામ વેપારીઓએ ફૂડ સેફ્ટીના કાયદાઓ અને સ્વચ્છતાના નિયમોનું સ્વયંભૂ અને ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે તેમ મંત્રીશ્રીએ કડક શબ્દોમાં જણાવ્યું હતું.

કર્ણાટક વિધાનસભાની પિટિશન અને હાઉસ કમિટીના સભ્યોની સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત



રાજપીપળા | કર્ણાટક વિધાનસભાના ડેપ્યુટી સ્પીકરની આગેવાની હેઠળ વિધાનસભાની પિટિશન અને હાઉસ કમિટીના 10 સભ્યોએ નર્મદા જિલ્લાના વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાને નિહાળી સૌ સભ્યોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.કમિટીના સભ્યોએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યૂઈંગ ગેલેરીની મુલાકાત લઈ વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાઓનું રમણીય દૃશ્ય તેમજ સરદાર સરોવર નર્મદા બંધનો ભવ્ય નજારો નિહાળ્યો હતો.આ પ્રસંગે સભ્યોએ સરદાર સાહેબનાં ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરી હતી. ત્યારબાદ તેમણે સરદાર સાહેબના જીવન અને કવનને પ્રસ્તુત કરતો પ્રોજેક્શન મેપિંગ લેસર શો પણ નિહાળ્યો હતો.સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર દ્વારા કમિટીના સભ્યોને તેમની તસવીર ધરાવતી ફ્રેમ સ્મૃતિભેટરૂપે અર્પણ કરવામાં આવી હતી.

સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પી ભાવવંદના કરી

PM-KUSUM યોજનાએ આદિવાસી ખેડૂત ઈશ્વરભાઈ વસાવાના જીવનમાં પ્રસરાવી 'સૌર' ઊર્જાની હરિયાળી

(એજન્સી) દેડિયાપાડા | તા.19

નર્મદા જિલ્લાના અંતરિયાળ દેડિયાપાડા તાલુકાના બલ (મોઝદા) ગામના એક સામાન્ય ખેડૂત ઈશ્વરભાઈ દાજીયાભાઈ વસાવા માટે પ્રધાનમંત્રી કુસુમ (PM-KUSUM) યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ક્યારેક વરસાદી ખેતી પર નિર્ભર અને મજૂરી માટે શહેરો તરફ સ્થળાંતર કરતા ઈશ્વરભાઈ આજે સૌર ઊર્જાના સહારે આત્મનિર્ભર બની આધુનિક ખેતીની નવી મિસાલ પેશ કરી રહ્યા છે. પોતાની સંઘર્ષગાથા વર્ણવતા ઈશ્વરભાઈ વસાવા જણાવે છે કે, 'પહેલા હું માત્ર વરસાદ પર આધારિત ખેતી કરતો હતો. સિંચાઈની સુવિધાના અભાવે વર્ષના બાકીના સમયમાં પરિવારનું ગુજરાન ચલાવવા મારે શહેરમાં મજૂરી કરવા જવું પડતું હતું. પરંતુ ત્રણ વર્ષ પહેલાં જ્યારે મને PM-KUSUM યોજનાનો લાભ મળ્યો, ત્યારથી મારું જીવન બદલાઈ ગયું છે. હવે હું વર્ષમાં ત્રણ સીઝન ખેતી કરું છું અને મારે મજૂરી કરવા ક્યાંય જવું પડતું નથી.'



બલ(મોઝદા) ગામના ખેડૂત માટે PM-KUSUM યોજના બની આત્મનિર્ભરતાનું પ્રતીક

આદિવાસી વિસ્તારોમાં PM-KUSUM-B યોજના હેઠળ કેન્દ્ર સરકારના 60 ટકા અને રાજ્ય સરકારના 40 ટકા મળી આદિજાતી ખેડૂતોને 100 ટકા સહાય

ખેતીમાં થયેલી આર્થિક સમૃદ્ધિની અસર પરિવારના શિક્ષણ પર પણ જોવા મળી છે. ઈશ્વરભાઈ ગર્વ સાથે કહે છે કે, 'ખેતીમાંથી થતી આવકના ટેકાને કારણે મારી દીકરીએ અંગ્રેજી વિષય સાથે સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. હવે તેના ઉચ્ચ અભ્યાસ માટે મારે કોઈની પાસે ઉછીના નાણાં માંગવાની જરૂર નથી. સોલાર પંપે માત્ર ખેતર જ નહીં, પણ મારી દીકરીના ભવિષ્યને પણ તેજસ્વી બનાવ્યું છે.' જીતની ખુશીમાં નવેમ્બર ૧૪ ના રોજ ઉજવાશે, તેમ તેમણે ઉમેર્યું. ઈશ્વરભાઈ વસાવાએ વધુમાં ઉમેર્યું કે, 'PM-KUSUM યોજનાથી અમને માત્ર ખેતીમાં જ નહીં, પણ પીવાના શુદ્ધ પાણી માટે પણ સુવિધા મળી છે. જે પાણી પહેલાં અમારે દૂરથી ભરી લાવવું પડતું હતું, તે હવે સોલાર પંપના કારણે ઘરે જ ઉપલબ્ધ છે.'

મુખ્યમંત્રી ગરબાડા માં બીજો દિવસ

રતનમહાલના જંગલ વચ્ચે આવેલા પ્રાચીન બાબાદેવના સ્થાનકે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા



(એજન્સી) દાહોદ | તા.19

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ જિલ્લાની ત્રિદિવસીય મુલાકાત ના બીજા દિવસે ધાનપુર તાલુકાના રતનમહાલના ગાઢ જંગલની વચ્ચે આવેલા ભુવેરો ગામના પ્રાચીન બાબાદેવના સ્થાનકે પહોંચીને શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા. બાબાદેવનું આ સ્થાનક આદિવાસી સમાજની ધાર્મિક આસ્થા, પરંપરા અને સંસ્કૃતિનું પ્રતીક છે. અહીં વર્ષોથી આદિવાસી સમાજ દ્વારા બાબાદેવની પૂજા-અર્ચના કરવામાં આવે છે. દર વર્ષે અખાત્રીજ અને મહાશિવરાત્રિના પર્વે અહીં મોટા મેળાનું આયોજન થાય છે. જ્યારે શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડે છે.

બાળ અધિકારો સંબંધિત મુદ્દાઓ અને પડકારો અંગે આગામી ૧લી ડિસેમ્બરના રોજ રાજપીપળા ખાતે એક દિવસીય કોન્ફરન્સ યોજાશે

રાજપીપળા | આગામી તા. ૧લી ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાજપીપળા સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બાળ અધિકારો સંબંધિત વિવિધ મુદ્દાઓ અને પડકારો અંગે એક દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના આયોજન અને પૂર્વતૈયારીઓના ભાગરૂપે આજરોજ અધિક નિવાસી કલેક્ટરશ્રી સી.કે. ઉંધાડના અધ્યક્ષસ્થાને તેમની ચેમ્બરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રીમતી શિતલબેન સોલંકીએ આગામી કોન્ફરન્સના આયોજન અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમજ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે વિવિધ વિભાગો દ્વારા કરવાની થતી કામગીરી અને જવાબદારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.આ એક દિવસીય કોન્ફરન્સમાં શાળાઓમાં શારીરિક સજા અને માનસિક ત્રાસ પર પ્રતિબંધ, શારીરિક સજાની બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર થતી અદ્રશ્ય અસરો અને શાળાઓમાં બાળકોના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ તથા પોક્સો (POCSO) અધિનિયમ, ૨૦૧૨ના અમલીકરણ દરમિયાન ઉદ્ભવતા પડકારો અને રહેલી ખામીઓ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.આર.પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી વી.બી. દરજી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી કિરણબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નિશાંત દવે સહિત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે

તૃતીય ઓલ ઇન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર ૨૦૨૬-૨૭નો શાનદાર પ્રારંભ



(એજન્સી) અમદાવાદ | તા.19

દેશના તમામ પોલીસ દળો અને અર્ધલશ્કરી દળોમાં ખેલદિલી, શારીરિક સક્ષમતા અને પરસ્પર ભાઈચારો વધારવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે આજે 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર ૨૦૨૬-૨૭'નો પ્રારંભ થયો છે. ગુજરાત પોલીસની યજમાનીમાં યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનો રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે દેશભરમાંથી પધારેલા ખેલાડીઓ, અધિકારીઓને આવકારતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસને આ રાષ્ટ્રીય ક્લસ્ટરની યજમાની મળી છે, જે સમગ્ર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. કેરળ અને ઉત્તર પ્રદેશ પોલીસે શરૂ કરેલી આ પરંપરાને આગળ ધપાવતા ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમોની આ સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને જીવંત કરે છે. સ્પર્ધામાં ૨૫૧ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે, જેઓ કાયદો-વ્યવસ્થાની ફરજોની સાથે રમતના મેદાનમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડોદરાના સેવાસી ખાતે બે દિવસીય GUJARAT WOSH ૨૦૨૬ કાર્યક્રમનું આયોજન

વડોદરા | વડોદરાના સેવાસી ખાતે GUJARAT WOSH ૨૦૨૬- World of Occupational Safety & Health કાર્યક્રમ આજે તા.૨૦/૧૧/૨૦૨૬ અને તા.૨૧/૧૧/૨૦૨૬ એમ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો શુભારંભ આજે તા.૨૦/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આરના લોન્સ, એફજીઆઇ પાસે, મહાપુરા, સેવાસી, વડોદરા ખાતે ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામવિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરવામાં આવશે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવાના હેતુથી સંયુક્ત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, વડોદરા દ્વારા આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરતમાં ભાજપના વોર્ડ નંબર 27ના વોટ્સઅપ ગ્રુપમાં જ 19 લાખના તોડકાંડની ચર્ચા, ધર્મેશ ભંડેરીએ ભાજપને ઘેર્યું



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને સુરત મનપાના કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, "ન ખાઈશ ન ખાવા દઈશ" આ સૂત્રના આધારે લોકો વર્ષોથી ભાજપને મત આપતા આવ્યા છે. કોર્પોરેશનની ચૂંટણીમાં કે વિધાનસભા ચૂંટણીમાં કે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારને જોયા વગર લોકોએ ભાજપને મત આપ્યા અને અંતે એનું દુષ્પરિણામ આપણી સામે આવ્યું છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિપક્ષને નબળો પાડી દીધો. અત્યાર સુધી ભાજપના કોર્પોરેટરો છાના માના ભ્રષ્ટાચાર કરતા હશે, પરંતુ હવે વોર્ડ નંબર 27 ના ભાજપના વોટ્સએપ ગ્રુપમાં ચર્ચા થવા લાગી કે "આપણા વિસ્તારોમાં દુકાનોના શટર પાડવા મુદ્દે 19 લાખ રૂપિયાનો તોડકાંડ થયો." તો આ તોડકાંડ કઈ રીતે થયો તેનો જવાબ છે કે આપણે ઉમેદવારને જોયા વગર અને ચકાસ્યા વગર માત્ર કમળ જોઈને બટન દબાવ્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, ધર્મની રક્ષા કરવાના નામે આ લોકો મત લઈ ગયા અને આજે મટનની દુકાનમાંથી હપ્તા લે છે અને એ દુકાનો ચાલે છે. એટલે કે આ લોકો દર વખતે આપણને ઉલ્લુ બનાવે છે, ભ્રમણામાં નાખે છે અને છેતરી લે છે, ત્યારબાદ આપણા મતથી જ સરકાર બનાવી લે છે અને તોડ કરે છે, આનાથી સ્પષ્ટ થાય છે કે "ન ખાઈશ ન ખાવા દઈશ" સૂત્ર ફક્ત જનતાને છેતરવાના હેતુથી બનાવેલું હતું એનાથી વિશેષ આ સૂત્રનું કોઈ મહત્વ નથી. સુરતની અને ગુજરાતની જનતાને આજે હું વિનંતી કરું છું કે ઉમેદવારોને ચકાસીને મત આપો. ખાલી ઉપરના નેતાઓને જોઈને મત ન આપો. આપણા વિસ્તારમાં ગ્રાઉન્ડ લેવલ પર કામ કરવાવાળા લોકો કોણ છે એ જોઈને મત આપવા જોઈએ. જો ફક્ત કમળનું બટન જોઈને મત આપીશું તો હેરાન થઈશું, મોંઘવારી વધશે, ગુંડાગર્દી વધશે, અત્યાચાર વધશે, દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. આજે ભાજપનું પાપ છાપરે ચડીને પોકારે છે અને જણાવે છે કે તમે આપેલા મતનો કેટલો દુરુપયોગ થઈ રહ્યો છે.

આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધ ગુજરાત સરકાર

ગાંધીનગર | વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી જ આદિજાતિ બાંધવોના સર્વાંગી વિકાસનો સંકલ્પ કર્યો હતો. આજે અંબાજીથી ઉમરગામ સુધી આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, સુવિધાઓ, યોજનાઓ અને આર્થિક ગતિવિધિઓનો વ્યાપ નિરંતર વધી રહ્યો છે. આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર દ્વારા પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ 438.27 કરોડના ખર્ચે 58.38 લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ 420.28 કરોડના ખર્ચે 32,226 આદિજાતિ વિદ્યાર્થિનીઓને સહાય આપવામાં આવી છે. ગુજરાત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ 1થી 10માં અભ્યાસ કરતા તમામ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કૌટુંબિક આવકમર્યાદા ધ્યાને લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ 2021-22થી 2025-26 દરમિયાન આ યોજના હેઠળ 438.27 કરોડના ખર્ચે 58.38 લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે.

ટેન્ડર પ્રક્રિયા વિના ફાળવેલા LNG પંપની ફાળવણી સામે કોંગ્રેસ કાઉન્સિલરનો વિરોધ

વડોદરા | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની 18 નવેમ્બરના રોજ યોજાયેલી સામાન્ય સભામાં વોર્ડ નંબર 14નાં કોંગ્રેસનાં કાઉન્સિલર દીપા શ્રીવાસ્તવે વડોદરા ગેસ લિમિટેડ (વીજીએલ) દ્વારા પોર, વાઘોડિયા અને આસોજ ખાતે એલએનજી સ્ટેશનોની કરવામાં આવેલી ફાળવણીનો મુદ્દો ઉઠાવી તંત્ર પાસે જવાબ માગ્યા હતા. ત્રણેય સ્ટેશનોની ફાળવણી પ્રક્રિયા તાત્કાલિક રદ કરી તમામ પાત્ર અરજદારોને સમાન તક મળે તે માટે નવેસરથી પારદર્શક અભિવ્યક્તિ રસ (ઈઓઆઈ) અથવા ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવાની માગ કરી હતી. દીપા શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, આ મામલો માત્ર ત્રણ એલએનજી સ્ટેશનોની ફાળવણી પૂરતો મર્યાદિત નથી, પરંતુ કોર્પોરેશનની જાહેર હિસ્સેદારી ધરાવતા સંયુક્ત સાહસમાં નિર્ણય પ્રક્રિયાની પારદર્શિતા, જાહેર સંપત્તિનું રક્ષણ અને જવાબદારી સાથે જોડાયેલો છે. વીજીએલમાં કોર્પોરેશનની 50 ટકા હિસ્સેદારી છે. ત્યારે સ્ટેશનોની ફાળવણી કયા માપદંડોના આધારે અને કોની મંજૂરીથી કરવામાં આવી છે તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે.આ મુદ્દે વીજીએલ, કોર્પોરેશન, ગેઇલ અને પીએનજીઆરબી સમક્ષ અનેક વખત લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં મુખ્ય પ્રશ્નોના સંતોષકારક જવાબો મળ્યા નથી. મ્યુનિસિપલ કમિશનર દ્વારા 15 દિવસમાં જવાબ આપવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ સમયમર્યાદા વીતી જવા છતાં જવાબ નહીં મળતાં તેમણે વાંધો ઉઠાવ્યો હતો.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલે સોમેશ્વર પૂજા કરી

(એજન્સી) સોમનાથ | તા.19

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રી આનંદીબહેન પટેલે ભાવપૂર્વક મહાદેવના દર્શન કર્યા હતાં. રાજ્યપાલશ્રીએ સોમેશ્વર મહાપૂજા સંપન્ન કરી ઢોલ-શરણાઈના સૂરો વચ્ચે ધ્વજારોહણ કરી મહાદેવના આશીર્વાદ મેળવ્યાં હતાં.સવારના આહલાદક સમયમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે રાજ્યપાલશ્રીએ મંદિરમાં પૂજા કરીને શ્રી સોમનાથ મહાદેવ સમક્ષ પંચામૃત, ગંગાજળ સહિત દ્રવ્યો અર્પણ કરી ભગવાન ભોળાનાથનું અર્ચન કર્યું હતું. સોમેશ્વર પૂજા સંપન્ન કર્યા બાદ રાજ્યપાલશ્રીએ ઢોલ-શરણાઈના સૂરો વચ્ચે મંદિરની પ્રદક્ષિણા કરી ધ્વજારોહણ કર્યું હતું.શ્રી સોમનાથ મંદિરના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડાએ ટ્રસ્ટ વતી રાજ્યપાલશ્રીને સોમનાથ મહાદેવની તસવીર તેમજ પ્રસાદ ભેટ અર્પણ કરી હતી.



સોમનાથમાં કલા અને સંસ્કૃતિનો અલૌકિક ઉત્સવ 'શ્રી સોમનાથ ઉત્સવ-૨૦૨૬' ઉજવાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનરશ્રી યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ જિલ્લા વહીવટી તંત્ર અને શ્રી સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૨૦ અને તા.૨૧ નવેમ્બરના રોજ સદભાવના મેદાન, પ્રભાસપાટણ ખાતે 'શ્રી સોમનાથ ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવશે. પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથના આંગણે કલા અને સંસ્કૃતિના અલૌકિક ઉત્સવ 'શ્રી સોમનાથ ઉત્સવ'માં કલાકારો રાત્રે ૮.૩૦ કલાકથી નાગરિકો સમક્ષ વિવિધ પ્રસ્તુતિ થકી રંગ જમાવશે.'શ્રી સોમનાથ ઉત્સવ'માં તા.૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ સુરીલી સરગમના બેલા મહેતા અને લોકગાયક રાજ ગઢવી તેમજ તા.૨૧ નવેમ્બરના રોજ લોકગાયક સાગરદાન ગઢવી જેવા કલાકારો ભક્તિ સંગીત સહિતની સુરીલી પ્રસ્તુતી સાથે જ વિવિધ કલાવૃંદો દ્વારા ગરબા, રાસ, લોકનૃત્ય, ડાયરો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કલા અને સંસ્કૃતિને ઉજાગર કરશે.



આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

વૃષભ : બ. વ. ઉ.

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. બેન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. આજે રોમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો.

મિથુન : ક. છ. ઘ.

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે.

કર્ક : ડ. હ.

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે.

સિંહ : મ. ટ.

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે.

કન્યા : પ. ઠ. ણ.

ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

તુલા : ર. ત.

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

વૃશ્ચિક : ન. ય.

સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે.

મકર : ખ. જ.

ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શેર કરતા પહેલા વિચારજો.

કુંભ : ગ. સ. શ. ષ.

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

મીન : દ. ચ. ઝ. થ.

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો! આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે! ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.

વિવિધ યોજનાઓ

મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી



કમલેશ પટેલ. સંખેડા

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં ચાલી રહેલા જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના સંખેડા વિધાનસભા મતવિસ્તારના બહાદરપુર એ.પી.એમ.સી. ખાતે મહિલા સંમેલન યોજાયું હતું.સંમેલનમાં છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને ધારાસભ્ય અભેસિંહ તડવીએ વાત કરી હતી. તેમણે મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોએ આઈ.સી.ડી.એસ. વિભાગ અને મહિલા તથા બાળ વિભાગના સ્ટોલની મુલાકાત લીધી હતી.કિશોરીઓ અને સગર્ભા માતાઓને ટી.એચ.આર. (THR) કીટ આપવામાં આવી હતી. વ્હાલી દીકરી યોજના હેઠળ લાભાર્થીઓને મંજૂરી હુકમ અને સહાય કીટ પણ અપાઈ હતી. કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા સમિતિનાં ચેરમેન લીલાબેન ભીલ, નસવાડી તાલુકા પંચાયતના પ્રમુખ વિનુભાઈ ભીલ, જિલ્લા પંચાયતનાં સભ્ય યતીતાબેન ચૌહાણ, તાલુકા પંચાયતના સભ્ય અજયભાઈ ભીલ અને પૂર્વ એસ.ટી. નિગમના ચેરમેન જશુભાઈ ભીલ હાજર રહ્યા હતા.બહાદરપુરના સરપંચ મેહુલભાઈ તડવી, અગ્રણી પ્રેમજીભાઈ ડુ. ભીલ સહિત અન્ય પદાધિકારીઓ, અધિકારી�ો અને મોટી સંખ્યામાં મહિલાઓ પણ ઉપસ્થિત રહી હતી.

તા.૨૦ નવેમ્બર થી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમા

લાખો ભાવિકો માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ વિવિધ વ્યવસ્થાઓનું આયોજન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.19

ગિરનારની પવિત્ર લીલી પરિક્રમા-૨૦૨૬ તા.૨૦ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાશે. આ પરિક્રમામાં મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ પાણી, વીજળી, આરોગ્ય, સ્વચ્છતા, પરિવહન, સુરક્ષા સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢના જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરી એ જણાવ્યું છે કે તા. ૨૦ નવેમ્બર મધ્યરાત્રીએ પરિક્રમાનો વિધિવત પ્રારંભ થશે. પરિક્રમાના રૂટ પર યાત્રિકો માટે ખાસ કરીને આ વર્ષે પીવાના પાણીની સમસ્યા ન રહે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વન વિભાગ અને અન્ય વિભાગો સાથે સંકલન કરીને આરોગ્ય પરિવહન સહિતની વિવિધ વ્યવસ્થાઓ જળવાઈ રહે તેનું આયોજન કર્યું છે. વન વિભાગ દ્વારા પરિક્રમાના રૂટની મરામત, વિવિધ સ્થળોએ રાવટી અને ૪૨૫થી વધુ વન વિભાગના કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરાએ જણાવ્યું છે કે પોલીસ વિભાગ દ્વારા પણ યાત્રિકોને સગવડતા રહે અને તેમને ખાસ કરીને જુનાગઢ શહેરમાંથી ભવનાથ જતી વખતે મુશ્કેલીના પડે તે માટે જરૂરી વાહનોના અવર જવર ઉપર નિયંત્રણ રાખીને બંદોબસ્તની કામગીરી તેમજ રૂટ ઉપર પણ જરૂરી બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે.વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ગિરનારની પવિત્ર લીલી પરિક્રમામાં આવનાર તમામ શ્રદ્ધાળુઓને પ્રકૃતિનું જતન કરવા અને પોતાની સુરક્ષાનું ધ્યાન રાખવા નમ્ર અપીલ કરી છે. તેમણે પરિક્રમા પથની પવિત્રતા જાળવવા પ્લાસ્ટિકની વસ્તુઓ, થેલીઓ કે બોટલો સાથે ન લઈ જવા, કચરો ન ફેંકવા તેમજ કચરાનો યોગ્ય નિકાલ કરવા જણાવ્યું હતું. પીવાના પાણીની મર્યાદિત વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને વૃદ્ધો, અશક્ત વ્યક્તિઓ અને બાળકોને પરિક્રમામાં સાથે ન લાવવા અપીલ કરી હતી. જંગલ વિસ્તારમાં સુકા ઘાસને કારણે આગ લાગવાની સંભાવના હોવાથી સિગારેટ, બીડી કે અન્ય જ્વલનશીલ વસ્તુઓનો ઉપયોગ ટાળવા તેમજ ગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓની વધુ વસ્તીને ધ્યાનમાં રાખીને નિર્ધારિત રૂટ પર સમૂહમાં જ ચાલવા અનુરોધ કર્યો હતો. તેમણે કોઈપણ શ્રદ્ધાળુ નિર્ધારિત રૂટની બહાર ન જાય એ માટે પણ અનુરોધ કર્યો છે. મંત્રીશ્રીએ સૌને પવિત્ર પરિક્રમા પર્વની શુભકામનાઓ પાઠવી શ્રદ્ધા સાથે પ્રકૃતિનું સંરક્ષણ થાય અને ગિરનારની સુરક્ષા જળવાઈ રહે તે રીતે યાત્રા કરવા અપીલ કરી છે. જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિક્રમાના સુચારુ સંચાલન માટે વિવિધ વિભાગો દ્વારા નીચે મુજબની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા કુલ ૩૩ બોર, ૯ કૂવા, ૭ હેન્ડપંપ અને ૫,૦૦૦ લિટરની ૫૦ ટાંકીઓ મારફતે સતત પાણી પુરવઠો કરવામાં આવશે. આ માટે ૨૮ પંપ અને ૩૦ ડી.જી. સેટની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રણ ઝોનમાં ૧૬ કર્મચારીઓ મોનિટરિંગ કરશે, જ્યારે ૧૧ કર્મચારીઓ સાથે ૨૪ કલાક કંટ્રોલ રૂમ અને લેબોરેટરી દ્વારા પાણીનું નિયમિત ક્લોરિનેશન તથા પરીક્ષણ કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં રીમોટ સંચાલિત ડ્રોન, એરીયલ મીસાઇલ કે પેરાગ્લાઇડર ચલાવવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.19

જૂનાગઢ જિલ્લાના ક્રિટીકલ/સ્ટ્રેટઝીકલ ઈન્સ્ટોલેશન સ્થળો ખાતે ઉપલી સત્તા તરફથી અન્ય કોઇ ફેરફાર ન થાય ત્યાં સુધી આ સ્થળો તથા તેની આજુબાજુના યાદીમાં જણાવ્યાનુસારના વિસ્તારમાં રિમોટથી ચાલાવાતા ડ્રોન કે રીમોટ થી કંટ્રોલ કરાતા એરીયલ મીસાઇલ કે પારાગ્લાઇડ રીમોટ કંટ્રોલ, માઇક્રો લાઇટ એર ક્રાફટ ચલાવવાની મનાઇ ફરમાવવામાં આવી છે. ત્યારે આ તમામ બાબતો ને ધ્યાનમાં રાખતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડને મળેલી સત્તાની રૂએ રેડ ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે નહિ, તથા યલો ઝોનમાં એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડવા માટે ડીઝીસ્કાય એપ ઉપરથી મંજુરી મળી શકશે. તે માટે ડીઝીસ્કાય એપ ઉપર અરજી કરવાની રહેશે અને ગ્રીન ઝોનમાં ડીઝીસ્કાય ઉપરથી મંજુરીની રાહ જોયા સિવાય ગ્રીન ઝોનમાં રીમોટ થી ચાલતા એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે(રેડ તથા યલો ઝોન સિવાયના વિસ્તારો ગ્રીન ઝોન ગણાશે.) આ તમામ ઝોનની આસપાસના બફર ઝોનમાં લગત ઝોનને અનુરૂપ અમલવારી કરવાની રહેશે. આ હુકમ તાત્કાલિક અસર થી તા.૧૬/૦૧/૨૦૨૭ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર દ્વારા જૂનાગઢ ખાતે ૧૦ દિવસીય ડુંગરાળ પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ ,તા.19

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા સંચાલિત ૧૦ દિવસીય "ડુંગરાળ વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ"નું આગામી તા. ૦૮/૧૨/૨૦૨૬ થી ૧૭/૧૨/૨૦૨૬ દરમિયાન સંપૂર્ણ સરકારી ખર્ચે જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા અને ઓછામાં ઓછો બેઝિક કોર્ષ પૂર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પસંદગીની પ્રક્રિયામાં કોચિંગ કોર્ષ કરેલ ઉમેદવારોને અગ્રિમતા આપવામાં આવશે. આ માટેનું નિયત અરજી ફોર્મ ફેસબુક પેજ 'SVIM ADMINISTRATION' પરથી ડાઉનલોડ કરી શકાશે. ઈચ્છુક ઉમેદવારોએ સંપૂર્ણ ભરેલા ફોર્મ સાથે જન્મનો પુરાવો, નિવાસ અંગેનું આધાર કાર્ડ, બેઝિક કોર્ષનું પ્રમાણપત્ર, મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર અને વાલીનું સંમતિપત્ર બિડાણ કરીને તા. ૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ- ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. અધૂરી વિગતો વાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. આ અંગે વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૨૮૫-૨૬૨૭૨૨૮ પર સંપર્ક કરવા ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જશ્રીની યાદીમાં જણાવાયું છે.

કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી, અટકાવ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ અધિનિયમ અંગે જાગૃતિ કાર્યક્રમ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા. 19

જૂનાગઢમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી. સોજીત્રા, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી પી. પી.જાદવના માર્ગદર્શન હેઠળ જે.કે. ફોર્ઝન ફૂડ મેંદરડા ખાતે મહિલા કર્મચારીઓ સાથે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં મહિલાઓને કામકાજના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ અધિનિયમ - ૨૦૧૩ અન્વયે ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ, આંતરિક ફરિયાદ સમિતિ, સ્થાનિક ફરિયાદ સમિતિ, જાતીય સતામણીના કિસ્સામાં ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપીને મહિલાઓને જાતીય સતામણી અંગે ઓનલાઈન ફરિયાદ માટે She-Box પોર્ટલની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિકાર નામની શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ તકે DHEW અને OSC ટીમ દ્વારા મહિલાલક્ષી યોજનાકીય માહિતી વિશે ચર્ચા કરવામાં આવી હતી.આ કાર્યક્રમ દરમિયાન દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી પી.પી જાદવ, શ્રી ચિરાગભાઈ પટેલ, શ્રી મોહિતભાઈ કોટડીયા જે.કે. ફોર્ઝન ફૂડ, DHEW, OSC ટીમ, મહિલાઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

જામનગરના નાગપુર ગામે લગ્ન નોંધણી પ્રકરણમાં તપાસ તેજ, સરપંચ અને તલાટી કમ મંત્રી લાપતા



(એજન્સી) જામનગર | તા.19

જામનગરના કાલાવડ તાલુકાના માત્ર 700 જેટલી વસ્તી અને 170 જેટલાં ઘરો ધરાવતા નાગપુર ગામમાં ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં 431 લગ્નની નોંધણી થયાના ચોંકાવનારા પ્રકરણમાં હવે તપાસના ચક્રો વધુ ગતિમાન બન્યા છે. આરટીઆઈ હેઠળ મેળવેલી વિગતોના આધારે બહાર આવેલા આ પ્રકરણમાં હવે ગ્રામ પંચાયતના વહીવટ સામે પણ ગંભીર સવાલો ઊઠવા લાગ્યા છે.ગ્રામ પંચાયતના અન્ય સભ્યો, સ્થાનિક નાગરિકો સહિતના લોકોની પૂછપરછ અને પ્રાથમિક તપાસ દરમિયાન ગામના સરપંચ તથા તલાટી કમ મંત્રી બંને હાલ લાપતા હોવાની વિગતો સામે આવતાં સમગ્ર મામલો વધુ રહસ્યમય બન્યો છે. આ પ્રકરણમાં સરપંચ અને તલાટી કમ મંત્રીની સંભવિત મિલીભગત હોવાની પણ ગામમાં ચર્ચા ચાલી રહી છે.એટલું જ નહીં, લગ્નની એક નોંધણી કરાવવા પાછળ રૂ. 10 હજાર જેટલી રકમ વસૂલવામાં આવતી હોવાના આક્ષેપો અને ચર્ચાઓ પણ સામે આવી રહી છે. જોકે, આ નાણાકીય વ્યવહારો અંગે હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તપાસમાં જ તેની વાસ્તવિકતા બહાર આવશે.લગ્ન નોંધણી વખતે દસ્તાવેજો અને સાક્ષીઓની ખરાઈને લઈ ઉઠ્યા સવાલબીજી તરફ, નોંધાયેલા 431 લગ્ન પૈકી મોટા ભાગનાં લગ્નમાં યુવક-યુવતીની ઉંમર 18થી 22 વર્ષની આસપાસ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આટલી મોટી સંખ્યામાં બહારગામનાં યુવક-યુવતીઓનાં લગ્ન નાગપુર ગ્રામ પંચાયતમાં કેવી રીતે નોંધાયા? લગ્ન નોંધણી વખતે જરૂરી દસ્તાવેજો અને સાક્ષીઓની ખરાઈ કરવામાં આવી હતી કે કેમ? લગ્ન નોંધણી માટે સંબંધિત પરિવારોની સંમતિ હતી કે નહીં? સહિતના અનેક સવાલો હવે ઊભા થયા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ સમગ્ર મામલે તપાસ સમિતિની રચના કર્યા બાદ હવે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર સહિતની ટીમ દ્વારા તપાસને વધુ વેગ આપવામાં આવ્યો છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં 'વિશ્વ એન્ટિમાઇક્રોબાયલ જાગૃતિ સપ્તાહ'નો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.19.

માનવજાતને જીવલેણ રોગો સામે રક્ષણ આપતી એન્ટિબાયોટિક દવાઓનું અસ્તિત્વ અને તેની અસરકારકતા ટકાવી રાખવાના ઉમદા હેતુ સાથે GMERS જનરલ (સિવિલ) હોસ્પિટલ, જૂનાગઢ ખાતે ૧૮ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાનાર 'વિશ્વ એન્ટિમાઇક્રોબાયલ જાગૃતિ સપ્તાહ' નો ભાવસભર પ્રારંભ કરવામાં આવ્યો છે. આજના સમયમાં એન્ટિબાયોટિક દવાઓનો અવિચારી અને વધુ પડતો ઉપયોગ સમગ્ર વિશ્વ માટે એક ગંભીર પડકાર બની રહ્યો છે. જ્યારે કોઈ દર્દીના જીવન-મરણનો પ્રશ્ન હોય ત્યારે આ દવાઓ બેઅસર સાબિત ન થાય અને આવનારી પેઢીઓનું સ્વાસ્થ્ય સુરક્ષિત રહે, તેવી ઊંડી સંવેદના સાથે હોસ્પિટલ ખાતે એક



વિશેષ જાગૃતિ અને સંવેદનશીલતા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સત્રમાં માઇક્રોબાયોલોજી, ફાર્માકોલોજી અને મેડિસિન વિભાગ ના નિષ્ણાત તબીબોએ અત્યંત સરળ અને હૃદયસ્પર્શી શૈલીમાં એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) ના જોખમો અંગે માર્ગદર્શન આપ્યું હતું. નિષ્ણાતો એ જણાવ્યું હતું કે, દરેક તબીબ અને આરોગ્યકર્મીનીએ નૈતિક જવાબદારી છે કે દર્દીને માત્ર જરૂરિયાત મુજબ અને યોગ્ય પ્રમાણમાં જ એન્ટિબાયોટિક દવાઓ આપવામાં આવે. કાર્યક્રમના સૌથી ભાવુક અને પ્રેરણાદાયી તબક્કામાં, હોસ્પિટલ ના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા ઉપસ્થિત તમામ લોકોને એન્ટિબાયોટિક્સના તર્કસંગત અને જવાબદારીપૂર્વકના ઉપયોગ તેમજ પ્રિસ્ક્રિપ્શન અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.આ સંવેદનશીલ અભિયાનમાં હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ (HODs), ફેકલ્ટી સભ્યો, રેસિડેન્ટ ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ સહિત કુલ ૨૦૦ જેટલા આરોગ્ય પ્રહરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ એકસૂરે સંકલ્પ લીધો હતો કે તેઓ દર્દીઓના હિતમાં એન્ટિબાયોટિક દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને સમાજને એક સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્ય ની ભેટ આપશે.

ગિરનાર લીલી પરિક્રમામાં ભાવિકો ના આરોગ્યની સુરક્ષા માટે આરોગ્ય તંત્ર દ્વારા ક્લોરીનેશન કરાયું

|નરેન્દ્ર દવે જૂનાગઢ તા.19.

ગિરનાર લીલી પરિક્રમામાં પધારનારા લાખો ભાવિકોને શુદ્ધ અને સુરક્ષિત પીવાનું પાણી મળી રહે તે હેતુથી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા વિવિધ સ્થળોએ ક્લોરિનેશન ની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરિક્રમા માર્ગ પર આવેલા બોરદેવી, શ્રવણની કાવડ અને ઝીણા બાવાની મઢી વિસ્તારમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પાણીના સ્ત્રોતોમાં ક્લોરિનેશન કરી પાણીની શુદ્ધતા જાળવવા જરૂરી કામગીરી કરવામાં આવી હતી. પરિક્રમા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો પધારતા હોવાથી પાણી જન્ય રોગચાળો અટકાવવા અને જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા આરોગ્ય તંત્ર દ્વારા જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીના ભાગરૂપે પરિક્રમા માર્ગ પરના પાણીના સ્ત્રોતોમાં ક્લોરિનેશન કરીને ભાવિકોને સુરક્ષિત પીવાનું પાણી મળી રહે તે માટે આરોગ્ય શાખાની ટીમ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે.

ગિરનાર પરિક્રમા અન્વયે દૂધ અને ગેસ સિલિન્ડરના ભાવો જાહેર કરવામાં આવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.19,

આગામી કારતક સુદ અગિયારસથી કારતક સુદ પુનમ દરમ્યાન જૂનાગઢમાં ગિરનાર પરિક્રમા ૨૦૨૬ યોજાનાર છે. આ પરિક્રમા દરમ્યાન નકકી કરવામાં આવેલ નીચે મુજબના દુધ વિતરણ કેન્દ્રોએ દુધ અને છાસના ભાવ તથા એલ.પી.જી. કોમર્શીયલ ગેસ સીલીન્ડરના ભાવ નીચે મુજબ દર્શાવેલ વિગતે રહેશે. જેની તમામ શ્રધ્ધાળુઓ તથા જાહેર જનતાને આથી જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ દ્વારા જાણ કરવામાં આવે છે.કે, અમુલ દૂધ જીણાબાવાની મઢીમાં તાજા ટેટ્રા મિલ્ક પેક એક લી. - રૂા.૮૦/-, તાજા ટેટ્રા મિલ્ક પેક ૫૦૦ એમ.એલ. - રૂા. ૪૨/-, ગોલ્ડ ટેટ્રા મિલ્ક પેક એક લી. - રૂા.૮૬/-, ગોલ્ડ ટેટ્રા મિલ્ક પેક ૫૦૦ એમ.એલ. - રૂા.૪૫/-, બટર મિલ્ક ટેટ્રા પેક ૨૦૦ એમ.એલ - રૂા.૧૫/-, રોઝ લસ્સી ૨૦૦ એમ. એલ - રૂા.૨૫/- ભાવ રહેશે. મધર ડેરીમાં જીણાબાવાની મઢીમાં, બોરદેવીમાં, બોરદેવી ત્રણ થાણાના રસ્તાની બાજુમાં અને કાળકાના વડલાની બાજુમાં મધર ડેરી ટેટ્રા પેક મિલ્ક પેક એક લી.-રૂા.૭૭/- + રૂા.૨/-, મધર ડેરી ટેટ્રા પેક મસાલા છાસ ૧૮૦ એમ.એલ. - રૂા.૧૫/-, રૂા.૨/- પરિવહન દર, મધર ડેરી ટેટ્રા પેક લસ્સી ૧૮૦ એમ.એલ. - રૂા.૨૦/- + રૂા.૨/-, પરિવહન દર મધર ડેરી ટેટ્રા પેક મિલ્ક શેક ૧૮૦ એમ.એલ. - રૂા. ૩૫/- રૂા.૨/- પરિવહન દર છે. તેમજ અભય ડેરી માટે બોરદેવી મંદિરથી નાગદેવતા મંદિરની વચ્ચે મિલ્ક એક લી. - રૂા.૭૫/-, મિલ્ક ૫૦૦ એમ.એલ. - રૂા.૩૮/- રહેશે. આ સિવાયના પરિક્રમાના તમામ સ્થળોએ એમ.આર.પી. મુજબ દુધ વિતરણ કરવાનું રહેશે. ઉપરોક્ત વિગતે અમુલ ડેરી તથા માહી ડેરી દ્વારા આ દર્શાવેલ કેન્દ્રો ખાતેથી દુધ, છાસ, લસ્સી, મિલ્ક શેક ઉપલબ્ધ કરાવવામાં આવશે.આ પરિક્રમા દરમ્યાન એલ.પી.જી. કોમર્શીયલ ગેસ સીલીન્ડર ઓઈલ માર્કેટીંગ કંપનીના નિયત બિલમાં દર્શાવેલ એમ.આર.પી. મુજબ મળશે.

ગ્રામ્ય વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે

દિવાળી બાદ PGVCLની વીજ ચેકિંગ ઝુંબેશનો ચોથો દિવસ: વીજચોરો સામે તવાઈ, અત્યાર સુધી 228થી વધુ કેસ

(એજન્સી) જામનગર | તા.19

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વીજચોરી કરતા તત્વો સામે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા દિવાળીના તહેવારો બાદ શરૂ કરવામાં આવેલી મેગા વીજચેકિંગ ઝુંબેશ સતત ચોથા દિવસે પણ અવિરત ચાલુ રાખવામાં આવી છે. સોમવારથી શરૂ થયેલી આ ઝુંબેશના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન જ વીજચોરીના 228 કેસ સામે આવ્યા છે. વીજતંત્ર દ્વારા આજે ગુરુવારે પણ જામનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દિવાળીના તહેવારો દરમિયાન વિરામ બાદ સોમવારથી શરૂ કરવામાં આવેલી આ કાર્યવાહી અંતર્ગત પ્રથમ દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને રાવલ પંથકમાં વીજચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં વીજચોરીના 74 કેસ પકડાતાં જામનગરના વીજ પોલીસ મથકમાં 74 ફરિયાદો



નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ મંગળવારે જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાયેલી તપાસ દરમિયાન વીજચોરીના 78 કેસ સામે આવ્યા હતા. જ્યારે બુધવારે સતત ત્રીજા દિવસે વીજતંત્રની ટીમોએ અલગ-અલગ વિસ્તારોમાં તપાસ કરતાં વધુ 76 વીજચોરીના ગુનાઓ નોંધાયા હતા.

આમ, પ્રથમ ત્રણ દિવસમાં જ વીજચોરીના કુલ 228 કેસ સામે આવ્યા છે. અગાઉની કાર્યવાહી દરમિયાન એક લાખ રૂપિયાથી વધુની વીજચોરીના 46 અને પાંચ લાખ રૂપિયાથી વધુની વીજચોરીના પાંચ કેસ સામે આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

બીજી તરફ, આજે ગુરુવારે સતત ચોથા દિવસે પણ વીજતંત્ર દ્વારા

ટાઈમે ભારતના 100 ઉભરતા નેતૃત્વકર્તાઓની પ્રથમ યાદી જાહેર કરી


દેશનું ભવિષ્ય ઘડનારી પ્રતિભાઓને મળ્યું સ્થાન













(એજન્સી) મુંબઇ | તા 19

આંતરરાષ્ટ્રીય સામયિક ટાઈમે ભારતના ભવિષ્યને આકાર આપનારા 100 ઉભરતા નેતૃત્વકર્તાઓની પ્રથમ યાદી જાહેર કરી છે. તેમાં કારોબાર, મનોરંજન, વિજ્ઞાન, રમતગમત, ટેકનોલોજી, સામાજિક મુદ્દાઓ અને અન્ય ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારી પ્રતિભાઓને સામેલ કરવામાં આવી છે. રિલાયન્સ આ પહેલનો મુખ્ય ભાગીદાર છે. ટાઈમની આ યાદીનું આ પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્કરણ છે, જેના માધ્યમથી ભારતીય પ્રતિભાઓને વૈશ્વિક ઓળખ મળશે. આ પ્રથમ યાદીમાં સામેલ હસ્તીઓના સન્માનમાં ટાઈમ અને રિલાયન્સ તરફથી 12 ડિસેમ્બરે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ભવ્ય સમારોહ યોજાશે.આ વિશેષ અંકના ત્રણ અલગ-અલગ મુખપૃષ્ઠ જાહેર કરવામાં આવ્યા છે. તેમાં અભિનેત્રી આલિયા ભટ્ટ, સ્કાયરૂટના સહ-સ્થાપક, મુખ્ય કાર્યકારી અધિકારી અને ટેકનિકલ વડા પવન કુમાર ચંદના તેમજ ફિલ્મકાર આર્યન ખાન, પાયલ કાપડિયા અને તેજા રિયોનું સંયુક્ત મુખપૃષ્ઠ સામેલ છે.યાદીમાં સામેલ પ્રતિભાઓ વિશે લખવા માટે ટાઈમે વિવિધ ક્ષેત્રોની જાણીતી હસ્તીઓને આમંત્રણ આપ્યું છે. તેમાં એસ.એસ. રાજામૌલીએ આલિયા ભટ્ટ વિશે, ઈમ્તિયાઝ અલીએ વેદાંગ રૈના વિશે, ઋચા ચઢ્ઢાએ પાર્વતી થિરુવોથુ વિશે, વિશાલ ભારદ્વાજે આર્યન ખાન વિશે, એ.આર. રહેમાને ફહીમ અબ્દુલ્લા વિશે, અલ્લુ અર્જુને અનિરુદ્ધ રવિચંદર વિશે અને આયુષ્માન ખુરાનાએ વૈભવ સૂર્યવંશી વિશે લખ્યું છે.ટાઈમના મુખ્ય કાર્યકારી અધિકારી જેસિકા સિબ્લીએ જણાવ્યું હતું કે ભારત એવા અસાધારણ યુવા નેતૃત્વકર્તાઓનો દેશ છે, જેમના વિચારો અને પ્રભાવ પોતાના ક્ષેત્રોની સાથે દેશના ભવિષ્યને પણ આકાર આપી રહ્યા છે. તેમનું યોગદાન વૈશ્વિક સ્તરે પણ અનુભવાઈ રહ્યું છે. આ યાદીના માધ્યમથી ભવિષ્યને દિશા આપનારી પ્રતિભાઓને ઓળખવાની તક મળી છે.ટાઈમના પ્રધાન સંપાદક સેમ જેકબ્સે પોતાના તંત્રીલેખમાં જણાવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી મોટી અને સૌથી યુવા વસ્તી ધરાવતા દેશોમાં સામેલ છે. આ પેઢીના વિચારો, મહત્વાકાંક્ષાઓ અને નેતૃત્વ માત્ર ભારતનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું ભવિષ્ય નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ યાદી દ્વારા એવી પ્રતિભાઓને પણ ઓળખ આપવાનો પ્રયાસ છે, જેમનું યોગદાન હજુ આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપકપણે સામે આવ્યું નથી, પરંતુ જેમનો પ્રભાવ પોતાના ક્ષેત્રો અને સ્થાનિક સમુદાયોમાં અનુભવાઈ રહ્યો છે.મનોરંજનથી રમતગમત જગત સુધીની હસ્તીઓ સામેલ : મનોરંજન જગતમાંથી અલી ફઝલ, ઈશાન ખટ્ટર, નયનતારા, સાઈ પલ્લવી, વિકી કૌશલ અને વેદાંગ રૈના સહિત અનેક નામો સામેલ છે. સંગીતના ક્ષેત્રમાંથી દિલજીત દોસાંઝ, અનિરુદ્ધ રવિચંદર, અરિવુ, જસલીન રોયલ, પ્રતીક કુહાડ અને ફહીમ અબ્દુલ્લાને સ્થાન મળ્યું છે. રમતગમત જગતમાંથી હરમનપ્રીત કૌર, લવલીના બોરગોહેન, સાનિયા મિર્ઝા, સવિતા પૂનિયા, વૈભવ સૂર્યવંશી અને વિથ્યા રામરાજની પસંદગી કરવામાં આવી છે.કારોબાર અને ટેકનોલોજીના ક્ષેત્રમાંથી પીયૂષ બંસલ, અલબિંદર સિંહ ઢીંઢસા, પવન કુમાર ચંદના, રાધિકા ગુપ્તા અને તરુણ મહેતા સહિત અનેક પ્રતિભાઓને સ્થાન મળ્યું છે. વિજ્ઞાન અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાંથી શુભાંશુ શુક્લા, નીના ગુપ્તા અને રેવંત હિમાત્સિંગકા સહિત અન્ય નામો સામેલ છે.

News Brief

સ્માર્ટફોન ઉપરાંત અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસમાં જોવા મળેલી પ્રોત્સાહક વૃદ્ધિ



મુંબઈ : પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કમ્યુનિકેશન સાધન, મેમરી ચીપ્સ તથા સ્ટોરેજ ડીવાઈસિસની નિકાસમાં વૃદ્ધિના ટેકા સાથે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસ વાર્ષિક ધોરણે ૪૪ ટકા વધી ૩૨ અબજ ડોલર રહી હતી.ભારતના સ્માર્ટફોન્સ ઉપરાંત અન્ય ઈલેકટ્રોનિક માલસામાનની પણ વિદેશમાં માગ વધી રહી હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે.ગત નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસનો આંક ૨૨.૨૦ અબજ ડોલર રહ્યો હતો.ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો સૌથી વધુ જળવાઈ રહ્યો છે આમ છતાં સ્માર્ટફોન સિવાયના ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં ૫૬.૫૦ ટકા જેટલી ઊંચી વૃદ્ધિ જોવા મળી છે. જ્યારે સ્માર્ટફોનની નિકાસ ૩૫.૮૦ ટકા વધી છે, એમ વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયુ છે.ઈલેકટ્રોનિક માલસામાનની નિકાસમાં સ્માર્ટફોનનો હિસ્સો ૬૦.૩૦ ટકા પરથી ઘટી વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૫૬.૮૦ ટકા રહ્યો છે જ્યારે અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસનો હિસ્સો વધી ૪૩.૨૦ ટકા રહ્યો છે.અન્ય ઈલેકટ્રોનિકસની નિકાસનો આંક ૮.૮૦ અબજ ડોલર પરથી વધી ૧૩.૮૦ અબજ ડોલર રહ્યાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયુ છે. સ્માર્ટફોનની નિકાસનો આંક ૧૮.૨૦ અબજ ડોલર રહ્યો છે. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની નિકાસ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં વાર્ષિક ધોરણે ૩૨ ગણી વધી ૨.૧૦ અબજ ડોલર રહી છે. સિંગાપુર ખાતેથી ભારતના પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની માગ ઊંચી જોવા મળી રહી છે. આ ઉપરાંત લોડેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડની નિકાસમાં પણ ૩૦૦ ટકા જેટલી વૃદ્ધિ રહીને તે ૮૬.૪૧ કરોડ ડોલર રહી છે. આ સાધન માટે ચીન મુખ્ય મથક બની રહ્યુ છે.છેલ્લામાં છેલ્લા ઈલેકટ્રોનિક નિકાસ આંક ભારતમાં ઈલેકટ્રોનિકસનું ઉત્પાદન તથા નિકાસ વધી રહી હોવાનું સૂચવે છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યુ હતું.પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કમ્યુનિકેશન સાધન, મેમરી ચીપ્સ તથા સ્ટોરેજ ડીવાઈસિસનો નિકાસમાં હિસ્સો વધી રહ્યો છે.

તહેવારો પૂરા થતા રવી વાવણીની કામગીરીમાં ગતિ આવવાની અપેક્ષા



મુંબઈ : વર્તમાન વર્ષમાં નબળા ચોમાસાને કારણે રવી વાવણીમાં પ્રારંભમાં ધીમી ગતિ જોવા મળી રહી છે. એકંદર રવી વાવેતર અત્યારસુધી નીચુ રહ્યું અને દિવાળી તથા છઠ પુજા જેવા તહેવારો પૂરા થતા વાવણીમાં ગતિ આવવાની શકયતા જોવાઈ રહી છે.વર્તમાન વર્ષનું ચોમાસુ નબળુ રહેતા મુખ્ય રવી કઠોળ ચણાના વાવેતરમાં પ્રારંભિક ઘટ જોવા મળી રહી હોવાનું ધ્યાનમાં રાખી સરકાર આકસ્મિક સમયે પહોંચી વળવા માટેની યોજના તૈયાર કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.ગયા વર્ષના ૧૩ નવેમ્બર સુધીની સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળામાં ચણાનું વાવેતર નીચુ જોવા મળી રહ્યુ છે.રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા આન્ધ્ર જેવા ચણાના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં દૂકાળ અથવા સામાન્ય કરતા ઓછા વરસાદને કારણે વાવેતરમાં પ્રારંભમાં ઘટ જોવા મળી છે.વાવેતર વિસ્તારોમાં જમીનમાં ભેજનું પ્રમાણ અપૂરતુ હોવાથી ચણાની વાવણી ઢીલમાં પડી હોવાનું કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યુ હતું. ગયા વર્ષના ૧૩ નવેમ્બર સુધીમાં ૩૯.૭૦ લાખ હેકટરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ચણાની વાવણી ૩૧.૧૦ લાખ હેકટર રહી છે. સામાન્ય રીતે રવી મોસમમાં ચણાનો વાવણી વિસ્તાર ૯૯.૮૦ લાખ વિસ્તાર રહેતો હોય છે.એકંદર રવી કઠોળનું વાવેતર ૧૪.૩૦ ટકા ઓછુ રહીને ૪૭ લાખ હેકટર રહ્યુ છે જે ગયા વર્ષે ૫૪.૮૭ લાખ હેકટર જોવા મળ્યુ હતું. વાવણીમાં ઢીલનું એક કારણ દિવાળી તથા છઠ પુજા પણ રહ્યું હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું. તહેવારો પૂરા થવા સાથે વાવણીની કામગીરી જોશમાં શરૂ થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.ચણાના મુખ્ય ઉત્પાદક રાજ્યોને ખાસ સલાહસૂચનો મોકલવામાં આવ્યા છે.

ભાવ તૂટતા ગોલ્ડ લોનમાં ડીફોલ્ટ વધવાની સંભાવના

મુંબઈ : સોનાના ભાવમાં તાજેતરમાં જોવા મળેલા જોરદાર ઘટાડાને પરિણામે ઊંચા ભાવના ગોલ્ડ સામે લોન છૂટી કરી ચૂકેલી બેન્કો તથા નોન-બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઝ (એનબીએફસીસ) માં મોટી સંખ્યાના બોરોઅરો ડીફોલ્ટ થવાની શકયતા વધી ગઈ છે.લોન લેવા માટે ગીરવે મુકાયેલા સોનાના ઓકશનમાં ડીફોલ્ટને કારણે વધારો જોવા મળવાની પણ સંભાવના જોવાઈ રહી છે.સામાન્ય રીતે ધિરાણદારો સોનાના મૂલ્યના ૭૫ ટકા જેટલી જ લોન પૂરી પાડતા હોય છે પરંતુ છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં તેની ઓલ ટાઈમ હાઈથી ભાવમાં ૨૮ ટકા જેટલો ઘટાડો બોલાઈ ગયો છે. વ ર્તમાન વર્ષના જાન્યુઆરીના અંતે ૯૯.૯૦ દસ ગ્રામ સોનાનો મુંબઈમાં જીએસટી વગરનો ભાવ રૂપિયા ૧,૭૫,૦૦૦ને પાર કરી ગયો હતો જે હાલમાં રૂપિયા ૪૪૦૦૦ જેટલો ઘટી રૂપિયા ૧,૩૧,૦૦૦ સુધી આવી ગયો છે.અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં વધારો તથા ડોલરની મજબૂતાઈને કારણે ગોલ્ડના આંતરરાષ્ટ્રીય ભાવમાં કડાકો બોલાઈ ગયો છે. અમેરિકન ફેડરલ રિઝર્વ આગામી મહિને વ્યાજ દરમાં વધારો કરશે તો સોનાના ભાવમાં વધુ ઘટાડો થવાની શકયતા નકારાતી નથી.ઊંચા ભાવ વખતે સોનાની જ્વેલરી સામે લોન લઈ ગયેલા બોરોઅરો લોનના રિપેમેન્ટમાં ઢીલ કરશે તેવી શકયતા નકારાતી નહીં હોવાનું એક બેન્કરે જણાવ્યુ હતું. તાજેતરમાં સોનાના ભાવમાં સતત ઘટાડાથી ધિરાણદારો લોનની વસૂલી પણ આક્રમક બનાવી રહ્યાનું ચર્ચાઈ રહ્યુ છે.એક અંદાજ પ્રમાણે એનબીએફસીસ દ્વારા ગોલ્ડ જ્વેલરી સામે પૂરી પડાયેલી લોન્સનો બાકી પડેલો આંક સપ્ટેમ્બરના અંતે વાર્ષિક ધોરણે ૬૬ ટકા વધી રૂપિયા ૩.૭૪ ટ્રિલિયન રહ્યો હતો.

UPI યૂઝર્સને મોટી રાહતના સંકેત, ટ્રાન્ઝેક્શન પર ચાર્જનો નિર્ણય 2027 સુધી ટળી શકે

(એજન્સી) નવી દિલ્હી | તા 19

UPI પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાનો નિર્ણય 2027ની વિધાનસભા ચૂંટણીઓ પછી સુધી ટળી શકે છે. આ દરખાસ્ત હેઠળ 2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર 0.4% MDR ચાર્જ લગાવવાની યોજના છે. સામાન્ય યુઝર્સ દ્વારા એકબીજાને પૈસા મોકલવા (P2P) અથવા નાના ડિજિટલ પેમેન્ટ પર કોઈ વધારાનો ચાર્જ લાગશે નહીં.

તેનું મુખ્ય કારણ વેપારીઓ અને તેમના સંગઠનોનો વિરોધ છે. આવતા વર્ષે ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. UPI પર લાગતો ચાર્જ ક્યારથી લાગુ થશે, તે અંગે હજુ સંપૂર્ણ માહિતી સામે આવી નથી. મહત્વનું છે કે કેન્દ્ર સરકારે 2,000 રૂપિયાથી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ચાર્જ લાગુ કરવાના નિર્ણયમાં છેલ્લી ઘડીએ ફેરફાર કર્યો હતો. 15 ઓક્ટોબરથી આ ચાર્જ લાગુ થવાનો હતો, પરંતુ પસંદગીના UPI ટ્રાન્ઝેક્શન માટે તેનો અમલ દિવાળી પછી સુધી મુલતવી રાખવામાં આવ્યો હતો. પહેલા એવી ચર્ચા હતી કે દિવાળી બાદ UPI ટ્રાન્ઝેક્શન પર MDR ચાર્જ લાગુ થઈ જશે. પરંતુ મનીકંટ્રોલના રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા મુજબ હવે આવનાર નવા વર્ષ 2027 અમલવારી થશે. 5નો કન્સેશનલ દર: નિર્ધારિત પાંચ કેટેગરીમાં 2,001 કે તેથી વધુ ગમે તેટલું મોટું પેમેન્ટ કરવામાં આવે તો પણ MDR પ્રતિ ટ્રાન્ઝેક્શન માત્ર 5 જ રહેશે.

ઓછા માર્જિનવાળા સેક્ટર્સને રાહત: આ નિર્ણય ખાસ કરીને એવા ક્ષેત્રો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે જ્યાં વ્યવહારોનું મૂલ્ય ઘણું ઊંચું હોય છે પરંતુ નફાનું માર્જિન ઓછું હોય છે.ઉદાહરણ: સામાન્ય નિયમ મુજબ 10,000ના UPI પેમેન્ટ પર 0.4% લેખે વેપારીએ 40નો MDR ચૂકવવો પડે, પરંતુ ફ્લેટ-રેટ મોડેલમાં સામેલ સેક્ટર્સને 10,000ના પેમેન્ટ સામે માત્ર 5નો જ MDR ચૂકવવો પડશે.પેટ્રોલ પંપ: પેટ્રોલ પંપ પર 2,000થી વધુના UPI પેમેન્ટ માટે 0.4% ના બદલે ફ્લેટ 5 MDR લાગુ થશે. પેટ્રોલ-ડીઝલના વેચાણ પર માર્જિન મર્યાદિત હોવાથી રિટેલ વિક્રેતાઓ માટે ડિજિટલ પેમેન્ટને પરવડે તેવું રાખવા આ રાહત આપવામાં આવી છે.

સોનામાં ચીનથી મગાવેલા 'રેનિયમ પાઉડર' ની ભેળસેળનો દાવો

24 કેરેટની શુદ્ધતામાં પણ પાસ, હોલમાર્કિંગ સામે ઊઠ્યા સવાલ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દેશમાં સોનાની ખરીદી કરતા ગ્રાહકો માટે એક અત્યંત ચોંકાવનારા અને આંખ ઉઘાડનારા સમાચાર સામે આવ્યા છે. ચીનથી મંગાવવામાં આવી રહેલા 'રેનિયમ પાઉડર' (Rhenium Powder) નામના એક ખાસ કેમિકલ પાઉડરનો ઉપયોગ કરીને સોનામાં મોટા પાયે ભેળસેળનું નવું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો દાવો કરાયો છે. આ પાઉડર સોનાનું વજન વધારી દે છે અને સૌથી ગંભીર બાબત એ છે કે સામાન્ય તપાસ મશીનો તેમજ સત્તાવાર હોલમાર્કિંગ સેન્ટરો પણ આ ભેળસેળ પકડવામાં નિષ્ફળ નીવડી રહ્યા છે.મીડિયા રિપોર્ટના દાવા અનુસાર, ચીનના શેનઝેનમાં બેઠેલા એક એજન્ટે દાવો કર્યો છે કે તેમની કંપની રેનિયમ પાઉડર બનાવે છે અને ભારતના અનેક શહેરોમાં તેના ડીલરો સક્રિય છે. એક પ્રયોગ દરમિયાન 1 ગ્રામ રેનિયમ પાઉડરને 7.83 ગ્રામ 24 કેરેટ સોનામાં ભેળવવામાં આવ્યો હતો. આ મિશ્રણનું વજન 8.83 ગ્રામ થઈ ગયું અને ટેસ્ટિંગ મશીને આ ભેળસેળવાળા સોનાને પણ 24 કેરેટ શુદ્ધ સોના તરીકે જ બતાવ્યું હતું!રિપોર્ટમાં વધુમાં ખુલાસો થયો છે કે આ મિશ્રણમાં અન્ય ધાતુ ઉમેરીને 22 કેરેટના દાગીના તૈયાર કરવામાં આવ્યા હતા. હોલમાર્કિંગ સેન્ટરે પણ તેને 22 કેરેટ સોના તરીકે પ્રમાણિત કરી દીધું, પરંતુ વાસ્તવિક તપાસમાં જાણવા મળ્યું કે તેમાં સાચા સોનાની માત્રા માત્ર 81.73% જ હતી, જે વાસ્તવમાં 20 કેરેટ શુદ્ધતા બરાબર થાય છે. આમ, ગ્રાહકોને 20 કેરેટનું સોનું 22 કેરેટના ભાવે વેચીને છેતરવામાં આવી રહ્યા છે. આ સ્કેમે દેશની સમગ્ર હોલમાર્કિંગ વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કર્યા છે. સીએજી (CAG) ના ડ્રાફ્ટ રિપોર્ટ મુજબ, નાણાકીય વર્ષ 2024-25 માં દેશના 81 ટકા નોંધાયેલા જ્વેલર્સનું કોઈ નિરીક્ષણ જ કરવામાં આવ્યું નહોતું.

પ્રીમિયમાઇઝેશન, પોર્ટફોલિયોમાં વધારો અને નવા બજારો ભારતની આગામી રૂ. 3 ટ્રિલિયનની ઇલેક્ટ્રોનિક્સની વૃદ્ધિને આગળ વધારશે : ક્રોમા x કાર્ની રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ટાટા ગ્રૂપની ભારતની અગ્રણી ઓમ્નિચેનલ ઇલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ મુંબઈના જુહુમાં પોતાનો પ્રથમ સ્ટોર શરૂ કર્યાના 20 વર્ષ પૂર્ણ કર્યાના વિશેષ પ્રસંગ પર આંતરરાષ્ટ્રીય મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ કાર્ની સાથે મળીને હાઉ ઇન્ડિયા અપગ્રેડ્સ નામનો એક નવો રિપોર્ટ રજૂ કર્યો છે. આ રિપોર્ટમાં ભારતના ગ્રાહકો અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો વચ્ચે બદલાતા સંબંધોનું વિશ્લેષણ કરવાની સાથે દેશના આગામી ઉપભોગચક્રને આકાર આપશે એવાં પરિબળોની ઓળખ કરવામાં આવી છે. ઇન્ફિનિટી રિટેલ લિમિટેડ (ક્રોમા)ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શિવાશિષ રોયએ કહ્યું હતું : "છેલ્લાં બે દાયકામાં અમે ભારતના કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ બજારને પ્રથમ વખત ખરીદી કરવાના કે સ્વીકાર્યતાના તબક્કામાંથી આગળ વધીને આકાંક્ષાઓ, અનુભવ અને સતત અપગ્રેડેશન પર આધારિત બજાર તરીકે વિકસતું જોયું છે. ક્રોમા X કાર્ની : હાઉ ઇન્ડિયા અપગ્રેડ્સ રિપોર્ટમાં અમે ગ્રાહકોના અભિગમમાં આવતાં પરિવર્તનો અને ભવિષ્યમાં આ ક્ષેત્રના દિશા આપતા પરિબળોને સમજવાનો પ્રયાસ કર્યો છે. જેમ જેમ ટેક્નોલોજી વધુ આધુનિક અને જટિલ બની રહી છે, તેમ તેમ ક્રોમામાં અમારી ભૂમિકા ગ્રાહકોની ખરીદીની પ્રક્રિયાને સરળ બનાવવાની છે. યોગ્ય ઉત્પાદનો, નિષ્ણાતોની સલાહ, સસ્તી અને સરળ ફાઇનાન્સિંગ સુવિધાઓ તથા ખરીદી પછીની સર્વિસ દ્વારા અમે સમગ્ર ભારતના ગ્રાહકોને આત્મવિશ્વાસ સાથે અપગ્રેડ કરવામાં મદદ કરવા પ્રતિબદ્ધ છીએ."કાર્ની ઇન્ડિયાના ચેરમેન કૌશિકા માધવે કહ્યું હતું, "ભારતના કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગનું ભવિષ્ય ઉપકરણોના વેચાણના આંકડાને આધારે નક્કી ન થાય, પરંતુ ગ્રાહકો ટેક્નોલોજી સાથે પોતાના જીવનને વધુ સુવિધાજનક બનાવવા કઈ રીતે અપગ્રેડ કરવાનું પસંદ કરે છે તેના આધારે નક્કી થશે. પ્રીમિયમ ઉત્પાદનો તરફ વધતો ઝુકાવ, વિકસતાં બજારોમાં વધતી માંગ અને ગ્રાહકોની બદલાતી અપેક્ષાઓનો સમન્વય ઇનોવેશન, મૂલ્યસર્જન અને લાંબા ગાળાના વિકાસ માટે નવી તકો ઊભી કરી રહ્યું છે."

3 થી 5 વર્ષના વિસ્તરણથી રિફાઇન્ડ મેટલ ક્ષમતા

હિન્દુસ્તાન ઝિંક ₹80,000 કરોડના વિસ્તરણ સાથે બનશે વિશ્વની સૌથી મોટી ઝિંક અને ચાંદી ઉત્પાદક કંપની



ઉદયપુર : વેદાંતા ગ્રુપની કંપની અને વિશ્વની સૌથી મોટી સંકલિત ઝિંક ઉત્પાદક કંપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ (NSE: HZL) એ જાહેરાત કરી છે કે તેના બોર્ડે ધાતુનું ઉત્પાદન બમણું કરવા માટે 80,000 કરોડ* ના રોકાણને મંજૂરી આપી છે. આ નવું રોકાણ આગામી 3 થી 5 વર્ષમાં કરવામાં આવશે, જેના પરિણામે કંપનીની ઝિંક ઉત્પાદન ક્ષમતા બમણી થઈને વાર્ષિક 2 મિલિયન ટન (MTPA) સુધી પહોંચશે, જે વૈશ્વિક ઝિંક માંગના 15% હિસ્સાને સ્વતંત્ર રીતે પૂરો કરવા સક્ષમ હશે. આ ઉપરાંત, કંપની તેની ચાંદીની ઉત્પાદન ક્ષમતા પણ બમણી કરીને વાર્ષિક 1,500 ટન (TPA) કરશે. આ રોકાણ રાજસ્થાનની ખાણકામ અને ધાતુ ક્ષેત્રની વ્યવસ્થાતંત્રમાં હિન્દુસ્તાન ઝિંકનાં યોગદાનને વધુ મજબૂત બનાવશે. રાજ્યમાં સૌથી મોટા ખાનગી રોકાણકાર તરીકે, વેદાંતા ગ્રુપે અત્યાર સુધીમાં રાજસ્થાનમાં 1.5 લાખ કરોડનું રોકાણ કર્યું છે, અને આ નવું રોકાણ રાજ્યમાં વેદાંતાના વધારાના 1 લાખ કરોડના રોકાણનો એક ભાગ છે. આનાથી 2 લાખથી વધુ નોકરીઓ અને 500 થી વધુ MSME નું સર્જન થશે.હિન્દુસ્તાન ઝિંક એ ભારતની સૌથી મોટી અને એકમાત્ર ઝિંક, સીસું અને ચાંદીની ઉત્પાદક કંપની છે. આ વિસ્તરણ બાદ હિન્દુસ્તાન ઝિંક વિશ્વની સૌથી મોટી ઝિંક અને ચાંદી ઉત્પાદક કંપની બની જશે. આ પ્રગતિ અત્યંત મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે એવા સમયે થઈ રહી છે જ્યારે વૈશ્વિક ઝિંક અને ચાંદીના બજારોમાં સતત અછત જોવા મળી રહી છે. વર્ષ 2002 માં સરકારે પોતાનો હિસ્સો વેચ્યા બાદ અને ત્યારપછી વેદાંતા લિમિટેડ દ્વારા કંપનીના અધિગ્રહણ પછી, તેનું ઝિંક ઉત્પાદન 4 ગણું વધ્યું છે, જ્યારે ચાંદીનું ઉત્પાદન 20 ગણાથી પણ વધુ વધ્યું છે. આ કંપની વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ખર્ચે ઝિંકનું ઉત્પાદન કરતી કંપનીઓમાં સામેલ છે અને 25 વર્ષથી વધુ સમય સુધી ચાલી શકે તેવી ખાણ ક્ષમતા સાથે વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો ઝિંક ભંડાર અને સંસાધનો ધરાવે છે. આધુનિક ઔદ્યોગિક અને માળખાકીય વિકાસ માટે ઝિંક અત્યંત આવશ્યક હોવાથી તેનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. જસતનો ઢોળ ચડાવવાની પ્રક્રિયા દ્વારા તે વિશ્વની સૌથી વધુ વપરાતી ધાતુ એટલે કે સ્ટીલને કાટ લાગવાથી બચાવે છે.

રાયચંદ હાઉસમાં પ્રવેશો

એરબીએનબી તમારા જીવનમાં લઇને આવી રહ્યું છે, બોલિવૂડના સૌથી જાણિતા પરિવારના ઘરને

મુંબઈ | જો તમને ભવ્ય રાયચંદ હાઉસની સીડીઓ પર ચાલવા મળે તો, પૂ..ના અદ્ભુત વોર્ડરોબને અંદરથી જોવા મળે અને ફેમિલી સ્ટડી જે બોલિવૂડની સૌથી અવિસ્મરણિય ક્ષણોનો સાક્ષી બન્યો છે, તે જોવા મળે તો કેવું લાગે? કે૩જીના 25 વર્ષ બાદ, પહેલી વખત દર્શકો મળશે રાયચંદને, જે શક્ય બન્યું છે, એરબીએનબીને લીધે. ફિલ્મની 25મી એનવર્સરીની ઉજવણીના ભાગરૂપે એરબીએનબી જાણિતા રાયચંદ હાઉસને ફરીથી વિચારીને મુંબઈમાં At Home with the Raichandsની સાથે તેની દુનિયાને જીવંત કરી રહ્યું છે, ખાસ ફક્ત એરબીએનબી અનુભવને ફિલ્મ મેકર કરણ જોહર દ્વારા હોસ્ટ કરવામાં આવી છે, જેને અત્યંત ચહિતા એવા કે૩જી, પૂ, રોહન રાયચંદની દુનિયાને ઉભી કરી હતી. એક ફિલ્મ દ્વારા તેમને ભારતીય સિનેમાના કેટલાક ખૂબ જ જાણા પાત્રો, ડાયલોગ અને ફેશનની પળો આપણને આપી હતી, રાયચંદ હાઉસની પોતાની જ એક અલગ દુનિયા હતી. જ્યાં પારિવારિક નાટક સામે આવ્યા, ભવ્ય પ્રવેશદ્વાર હતો, પૂએ અવિસ્મરણિય લૂક્સ આપ્યા અને રોહને તેના જાદુથી બધાના દિલ જિત્યા હતા. હવે, ચાહકો સ્ક્રીનથી આગળ વધીને એ દુનિયાને પોતાની જાતે જોઈ શકશે. અહીં તમને જૂની યાદો, ફેશન, પરિવાર, થોડો ડ્રામા અને તમારામાં રહેલા બોલિવૂડ સ્ટારને બહાર લાવવાની ભરપૂર તકો મળશે.આ ફિલ્મ સાથે મોટા થયેલા, તેના સંવાદો બોલનારા અને તેના યાદગાર દ્રશ્યોને ફરીથી જીવંત કરનારા ચાહકોની પેઢીઓ માટે, 'એટ હોમ વિથ ધ રાયચંદ્રસ' એ આ ફિલ્મને એક તદ્દન નવી રીતે ફરી માણવાનું આમંત્રણ છે. ૧ થી ૬ ડિસેમ્બર દરમિયાન ફક્ત ૧૮૦ લોકો માટે જ જગ્યા હોવાથી, આ એક એવું પારિવારિક આમંત્રણ છે જે ચૂકશો નહીં.આ ઘરને જોવા માટે મહેમાનોને 2 કલાક જેટલો સમય લાગશે, જાણિતી ક્ષણોને ફરીથી જીવંત કરી શકશે અને એવી કેટલીક વિગતો જાણી શકશે, જેની તેમને અત્યાર સુધી ફક્ત કલ્પના જ કરી હશે. અહીં એક ભવ્ય પારિવારિક ઘર છે, તેના સૌથી મહત્વપૂર્ણ સ્થળને આવરી લેતી એક આકર્ષક ઓડિયો ટૂરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે અને સ્વાભાવિક રીતે જ પૂ..ની દુનિયાને નજીકથી પણ જોવાની તક પણ મળશે. કરણ જોહર, કબી ખુશી કબી ગમના ફિલ્મમેકર અને ડિરેક્ટર કહે છે: "જ્યારે હું કબી ખુશી કબી ગમને જોઉં છું, ત્યારે મને એક એવી દુનિયા ઉભી કરવાની ખુશી થાય છે, જે ભવ્ય અને અલગ જ હતી, પરંતુ તેની લાગણી ખૂબ જ પરિચિત હતી. આ ફિલ્મ એ પરિવાર, આત્મિયતા, સંબંધ તથા ઘરની વાત છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 11

'ભાષણની લંબાઈ નહીં, થાળી અને ગજવાથી વિકાસ મપાશે'

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ વધતી મોંઘવારી બાબતે કેન્દ્ર સરકાર અને નરેન્દ્ર મોદી પર નિશાન તાંક્યું છે. એમણે કહ્યું હતું કે, દેશનો વિકાસ વડાપ્રધાનના ભાષણની લંબાઈથી નહીં માપી શકાય. વિકાસ લોકોની થાળીમાં જરૂરી અન્ન અને એમના ગજવામાં પૈસાથી મપાશે. સરકારે ૧૨ વર્ષ પહેલા મોંઘવારી ઓછી કરવાનું વચન આપ્યું હતું. જોકે હવે પરિસ્થિતિ ઉલ્ટી થઈ રહી છે. સામાન્ય માણસને ઓછો સામાન મળી રહ્યો છે અને એમના ગજવા ખાલી થઈ રહ્યા છે. જરૂરી વસ્તુઓની કિમત સતત વધી રહી છે. ખડગેએ સોશ્યલ મીડિયા એક્સ પર હિન્દીમાં એક પોસ્ટ મૂકી છે. એમણે લખ્યું છે કે, 'મોદીજીએ મોંઘવારી ઓછી કરવાનું વચન આપ્યું હતું. જોકે આજે પરિસ્થિતિ એવી છે કે સામાન્ય માણસની થાળી નાની થઈ રહી છે, એના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે અને ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. લોકો અસહાય છે.'સુપ્રિમ કોર્ટે દિલ્હીની ૧૩૫ વર્ષ જૂની કેન્દ્રીય સચીવાલય લાઈબ્રેરી (સીએસએલ)માં રહેલા પુસ્તકો બીજી જગ્યાએ સ્થળાંતરીત કરતા અટકાવ્યા છે. કોર્ટે એ વાત પર ગંભીર ચિંતા બતાવી હતી કે, પુસ્તકોની સંભાળ આ રીતે થઈ રહી છે. કોર્ટે પુસ્તકોની જાળવણીની પદ્ધતિ પર પણ પ્રશ્ન કર્યો હતો. જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ સંજીવ સચદેવાની બેંચ સમક્ષ ન્યાયમિત્ર (એમીકસક્યુરી) અને સિનિયર વકીલ હરીપ્રિયા પદ્મનાભનએ કહ્યું હતું કે, નવેમ્બર સુધી પુસ્તકોને બીજી જગ્યાએ લઈ જવાની ઉતાવળ દેખાય છે. એમણે કોર્ટને આ પ્રક્રિયા અટકાવી દેવા વિનંતી કરી હતી. દિલ્હીના આરકે પુરમમાં રાખવામાં આવેલા કેટલાક પુસ્તકોનું ઉદાહરણ આપતા એમીકસક્યુરીએ કહ્યું હતું કે એમણે જાતે જઈને જોયું છે કે પુસ્તકો કેટલી ખરાબ હાલતમાં રાખવામાં આવ્યા છે.અમેરિકાના પ્રવાસે પહોંચેલા રાહુલ ગાંધીએ કોલમ્બિયા યુનિવર્સિટીમાં એક સભાને સંબોધન કરતા કહ્યું હતું કે સીધી વાત એક છે કે ભારત આર્થિક મુશ્કેલીમાં છે. આ સત્ય છે. કોઈ એને અવગણી શકે નહીં. મીડિયા આ વાતને અવગણે છે, પરંતુ ભારતમાં બેરોજગારી એક મોટી સમસ્યા છે. મોડરેટર લીડીયા પોલ ગ્રીનના સવાલનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતની શિક્ષણ વ્યવસ્થા મોટી સમસ્યા છે. બેરોજગારી અને દેશની શિક્ષણ વ્યવસ્થાને લઈને ભારત એક મોટા આર્થિક સંકટ તરફ ધસી રહ્યું છે. રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે, યુવાનોનો એક વર્ગ હમણાની પરિસ્થિતિને કારણે નિરાશ છે, આ વર્ગ મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે અને એણે ઔપચારીક શિક્ષા મેળવી છે. યુવાનો એટલા માટે નિરાશ છે કે એમને પોતાનું ભવિષ્ય દેખાતું નથી.કર્ણાટક સરકારે કેન્દ્ર સરકારને ઈ-૨૦ ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમની સમીક્ષા કરવા આગ્રહ કર્યો છે. સરકારનો આરોપ છે કે રાજ્યભરના પેટ્રોલ પંપોમાંથી લેવામાં આવેલા નમૂનાની તપાસમાં ઈથેનોલની માત્રા ૨૦ ટકાથી વધુ જોવા મળી છે. કેન્દ્રીય પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગેસમંત્રી હરદીપ સિંહ પુરીને લખેલા એક પત્રમાં કર્ણાટકના મંત્રી રીઝવાન અરસદએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર ઈથેનોલ - બ્લેન્ડિંગ કાર્યક્રમની વિરુદ્ધમાં નથી, પરંતુ ઈથેનોલની વધુ માત્રાને કારણે વાહનો પર થતી અસરથી ચિંતીત છે. ઈથેનોલ બ્લેન્ડિંગ વધારવાનું પરિણામ સામાન્ય નાગરીકે ભોગવવું પડે છે. અરસદના કહેવા પ્રમાણે છેલ્લા કેટલાક મહિનાઓથી સરકારને વાહન માલિકો તરફથી ફરિયાદો મળી રહી છે. લોકોની ફરિયાદ છે કે વાહનોની એવરેજ ઘટી રહી છે અને એન્જિન બગડી રહ્યા છે.સોનિયા ગાંધીના પુસ્તકને લઈને મહારાષ્ટ્રમાં વિવાદ થયો છે. પુસ્તકમાં વીર સાવરકર પર કરવામાં આવેલી ટીપ્પણીઓને લઈને શિવસેના (એકનાથ શિંદે)એ વિરોધ પ્રદર્શિત કર્યો છે. શિવસેના (એકનાથ શિંદે)ના કેટલાક નેતાઓએ પુસ્તક ખરીદીને વાંચ્યા વગર એમાથી કેટલાક પાનાઓ ફાડ્યા હતા. પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા સંજય નિરૂપમ અને રાષ્ટ્રીય મંત્રી શાઈના એનસીએ કેમેરા સામે પુસ્તકના પાનાઓ ફાડીને પુસ્તકના પાના નંબર ૨૦૧ અને ૪૩૩ દુર કરવાની માંગણી કરી છે. આ માંગણી પ્રકાશક હાર્પર કોલિન્સને કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના મોટા ભાગના લોકોને છત્રપતિ શિવાજી પછી વીર સાવરકર માટે સૌથી વધુ અહોભાવ છે. અગાઉ પણ સંસદમાં સાવરકરની ટીકા બાબતે વિવાદ થયો હતો અને એની અસર મુંબઈમાં જોવા મળી હતી. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)એ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર બેવડુ ધોરણ અપનાવવાનો તેમજ રાજકીય અવસરવાદનો આરોપ મૂક્યો છે. અમિત શાહ પર આરોપ મૂકવામાં આવ્યો છે કે ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવારના મૃત્યુ સાથે જોડાયેલી પરિસ્થિતિ અવગણવાની કોશિષ એમણે કરી છે. અજીત પવારના મૃત્યુ બાબેત જે પ્રશ્નો ઉભા થયા છે એ બાબતે કેન્દ્ર સરકાર કોઈ તપાસ કરાવતી નથી.

કચ્છ જિલ્લામાં ગોપાષ્ટમી પર્વે ભક્તિભાવપૂર્વક ગોપૂજન અને અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

મહેશ એલ.સોની નખત્રાણા



તા.૧૭/૧૧/૨૦૨૬ ના સમગ્ર કચ્છ જિલ્લામાં ગોપાષ્ટમી પર્વ નિમિત્તે ભક્તિ, શ્રદ્ધા અને ગૌસેવાના પવિત્ર ભાવ સાથે ગોપૂજન કરવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ, માતાના મઢ જિલ્લા દ્વારા આયોજિત આ પાવન અવસરે ગોપાષ્ટમીના અન્નકૂટ ઉત્સવની મહિમા અને ગૌમાતાના મહાત્મ્યનો સંદેશ સમગ્ર જિલ્લામાં ગુંજી ઉઠ્યો હતો.નખત્રાણા નગરમાં નખત્રાણા ગૌશાળા ટ્રસ્ટ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાનથી ગોપૂજન કરવામાં આવ્યું હતું. આ અવસરે વિશ્વ હિન્દુ પરિષદ, માતાના મઢ જિલ્લા મંત્રી શ્રી ભરતભાઈ રૈયાણી, કચ્છ વિભાગ મંત્રી શ્રી ચંદુભાઈ રૈયાણી, જિલ્લા પ્રચાર-પ્રસારક શ્રી હિરેનભાઈ ભાનુશાલી, નગર ટીમમાંથી શ્રી પ્રીતેશભાઈ, શ્રી ભાવિનભાઈ, ટ્રસ્ટીશ્રીઓ શ્રી ડાયાભાઈ નારણભાઈ સેંઘાણી , શ્રી લાલજીભાઈ રામાણી, શ્રી મોહનભાઈ લીંબાણી, શ્રી બેચરભાઈ સુરાણી, શ્રી બેંગલોર હીરાભાઈ છાભૈયા, શ્રી દમયંતીબેન ડાયાભાઈ સેઘાણી સહિત અનેક ગૌભક્તો ઉપસ્થિત રહ્યા હતા.કનકપર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, માતાના મઢ જિલ્લા કોષાધ્યક્ષ શ્રી પ્રદીપભાઈ ડ્યાણી તથા ગ્રામ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગોપૂજન સંપન્ન થયું હતું.રામપર ગઢ, અબડાસા ગૌશાળા ટ્રસ્ટ તેમજ વાંકું ખાતે પણ ગોપાષ્ટમી પૂજન ભક્તિભાવપૂર્વક યોજાયું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ ધર્મપ્રસાર, સૌરાષ્ટ્ર પ્રાંતના શ્રી જગદિશસિંહ ગોહિલ (વાંકું), માતાના મઢ જિલ્લા ગૌસેવા સંવર્ધન પ્રમુખ શ્રી મયુરસિંહ જાડેજા (વાડા પધ્ધર), ધર્મપ્રસાર પ્રશાસનિક પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ જાડેજા (આરીખાણા), કોઠારા પ્રખંડ ગૌસેવા સંવર્ધન પ્રમુખ શ્રી દલપતસિંહ જાડેજા (રાપરગઢ), કોઠારા પ્રખંડ ગૌસેવા સંવર્ધન ઉપપ્રમુખ શ્રી વિપુલભાઈ શાહ (રાપરગઢ), શ્રી ગૌતમભાઈ શાહ, ભજન કલાકાર શ્રી વાલજીભાઈ જોગી (વાંકું) તેમજ ગૌશાળાના સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગોમાતાના પૂજન, આરતી અને અન્નકૂટના દર્શનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ગૌસેવા એ જ પ્રભુસેવા છે, એવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.

એવું વિશ્વ હિન્દુ પરિષદ, માતાના મઢ જિલ્લા પ્રચાર-પ્રસારક શ્રી હિરેનભાઈ ભાનુશાલીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

ખારી ધારીયાલ ગામે પિઠાઇમાતાજીના મંદિરમાં. તસ્કરો ત્રાટક્યા : સોનાનું છત્તર માતાજીના સોના ચાંદીના આભુષણો નો હાથ ફેરો કરી ગયા

નિતીન ઠાકર ચાણસ્મા

શિયાળાનો શુભારંભ થતાં ગુલાબી ઠંડીનું ધીમા પગલે આગમન થઈ રહ્યું છે ત્યારે શિયાળાની ઠંડીનો લાભ લેવા માટે તસ્કરો સક્રિય થઈ રહ્યા ની ઘટના ચાણસ્મા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં પ્રકાશમાં આવી છે જેની હકીકત એવી છે ચાણસ્મા તાલુકાના ખારીધારીયાલ ગામે આવેલા પિઠાઇ માતાજીના મંદિરે બુધવારે મોડી રાત્રીથી ગુરૂવારે વહેલી સવાર દરમિયાન માતાજી ને ચઢાવેલ સોનાના છત્ર સહિત સોના ચાંદીના આભુષણોની તસ્કરી થયાની ઘટના બન્યાની હકીકત વાયુવેગે ગામમાં પ્રસરી જતાં ખારી ધારીયાલ ગામ સહિત પંથક માં ચકચાર મચી જવા પામી છે ..ગુરૂવારે વહેલી સવારે સાડા પાંચ વાગે આરતી કરવા મંદિરે પહોંચ્યા ત્યારે મંદિરનો દરવાજાના સળીયા તૂટેલી હાલતમાં જોવા મળતાં કંઈક અજગતું બન્યાની ઘટના બની હોવાની શંકા જતાં પૂજારીએ મંદિરના ટ્રસ્ટીઓને ઘટનાની જાણ કરી હતી બાદ માં મંદિરના ટ્રસ્ટીઓ મંદિર ખાતે આવી ઘટનાની માહિતી મેળવી ચાણસ્મા પોલિશને જાણ કરી હતી ઘટનાની જાણ થતાં ચાણસ્મા પોલિશ ઘટના સ્થળે આવી પહોંચી . ખારી ધારીયાલ ગામે પિઠાઇ માતાજીના મંદિરે ચોરીની ઘટના બની હોવા ની મંદિર ના ટ્રસ્ટી ઓ દ્વાર ચાણસ્મા પોલિશને કરતાં પી આઇ જીગર પટેલ પીએસઆઇ પંડ્યા. સહિત



પોલિશ કાફ્લો ઘટનાસ્થળે પહોંચી પ્રા. તપાસ હાથ ધરી હતી ચાણસ્મા પોલિશે ડોગ સ્કોડ એફએસએલ સહિતની ચોરી ઘટનામાં મદદ લીધી . ચાણસ્મા પોલિશ દ્વારા ખારી ધારીયાલ ગામે થયેલી મંદિર ચોરી સંદર્ભે તપાસના કામે એફ એસ એલ.ની મદદ સાથે ડોગ સ્કોડની મદદ લેવાઈ હતી પૂજારી શું કહે છે . :. મંદિરના પુજારી દિપકભાઈ એ જણાવ્યું હતું કે વહેલી સવારે પૂજા કરવા મંદિરે ગયા ત્યારે મંદિરનાં દરવાજાના સળીયા તુટેલી હાલત માં જોવા મળતાં કંઈક અજૂગતું બન્યાની શંકા જતાં. ટ્રસ્ટીઓ ને જાણ કરી હતી ટ્રસ્ટીઓ શું કહે છે . મંદિર ચોરીની ઘટના અંગે ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું પુજારી દ્વારા મંદિરમાં ચોરીની ઘટના બની હોવાની જાણ કરતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતાં . છત્ર સોનાનો હાર સહિત આભૂષણો ગાયબ હોવાની જાણ થતાં ચાણસ્મા પોલિસ ને જાણ કરી હતી મંદિર પરીશરમાં લાવેલ સીસી કેમેરામાં બે તસ્કરો છત્ર ઓઢી મોઢે રૂમાલ બાંધેલી હાલતમાં મંદિરમાં પ્રવેશી મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશતા જોવા મળ્યા . ચાંદીનું છત્ર સોના ચાંદીના માતાજીના આભૂષણો સહિત અંદાજે 5 કિલો ચાંદી અંદાજે 6 તોલા સોના ચાંદીના આભૂષણો ની ચોરી થયાનો ટ્રસ્ટીઓ દ્વારા અંદાજ લગાવાઈ રહ્યો છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનાર દ્વારા ખેત બચાઓ અભિયાન યોજાયુ



નરેન્દ્ર દવે જૂનાગઢ

કોડીનાર તા.૧૯ ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા તા.૨૨ ઓક્ટોબર થી ૩૦ નવેમ્બર-૨૦૨૬ સુધી સમગ્ર દેશમાં ખેત બચાઓ અભિયાન યોજાય રહ્યો હોય ત્યારે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા તા.૨૨ ઓક્ટોબર થી ૧૯ નવેમ્બર-૨૦૨૬ સુધીમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, તાલાળા, વેરાવળ, ગીરગઢડા, સુત્રાપાડા અને ઉના તાલુકાના બોડીદર, સિંધાજ, નાળીએરી મોલી, સાણાવાકિયા, ઉમરેઠી, મોરુકા, ટોબરા, વાસાવડ, બોડવા, સાંઢડીધાર બામણાસા ગીર, જશાધાર, સુલતાનપુર, ગરાળ, ઉમેજ, અમોદ્રા, કુકરાસ, નાખડા, બોળાશ, મેઘપૂર, ઘાટવડ, પાવટી, કડસલા, મટાણા, સીમાર, કાણેક, કરેડા અને કોડીનાર ગામ ખાતે ૬૪૪ ખેડુત ભાઈઓ અને ખેડૂત બહેનોએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત કેવિકે દ્વારા જુદી-જુદી ૨ ટીમો બનાવી જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાશ્રી જિતેન્દ્રસિંહ અને જુદા-જુદા નિષ્ણાંતશ્રીઓ શ્રી રમેશભાઈ રાઠોડ (પાક સરક્ષણ), શ્રી મનીષભાઈ બલદાનિયા (પાક વિજ્ઞાન), શ્રી સતિષભાઈ હડીયલ (જમીન વિજ્ઞાન), શ્રીમતી હંસાબેન પટેલ (ગૃહ વિજ્ઞાન), શ્રી રણજીતસિંહ બારડ (બાગાયત) અને શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (મત્સ્ય પાલન) એ શિયાળુ પાકોની આધુનિક ખેતી, પ્રાકૃતિક ખેતી, રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન અને જમીન તથા પાણીની ચકાસણીનું મહત્વ અને તેના દ્વારા ખેતી ખર્ચમાં થતા ઘટાડા વિશે માહિતી આપી હતી. જુદા- જુદા કાર્યક્રમો અંતર્ગત ખેડૂતો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. આ અભીયાનમા ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ, આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારીઓ પણ જોડાયા હતા.

ટેબલ પોઇન્ટ પાસે કાર રિવર્સમાં ખીણમાં ખાબકી, પાંચ પ્રવાસીઓનો આબાદ બચાવ..

ડાંગ | બારડોલીથી સાપુતારા ફરવા આવેલ પરિવારની કાર અકસ્માતનો ભોગ બની, સ્થાનિકો અને 112ની ટીમે તાત્કાલિક રેસ્ક્યૂ કરી પરિવારને સુરક્ષિત બહાર કાઢ્યો. ગુજરાતના પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવેલા પ્રવાસીઓને અકસ્માત નડતા ભારે દોડધામ મચી જવા પામી હતી.બારડોલીથી સાપુતારા ફરવા આવેલા એક પરિવારની કાર નંબર GJ-19-BE-0538 ટેબલ પોઈન્ટ પાસે અકસ્માતનો ભોગ બની ખીણમાં ખાબકી હતી.પ્રાથમિક માહિતી મુજબ, ટેબલ પોઈન્ટ તરફ જતા ચઢાણવાળા ઘાટ પર કાર ચઢી શકી ન હતી અને અચાનક રિવર્સમાં આવતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેના પગલે કાર ખીણમાં ખાબકી હતી. આ ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ સાપુતારાના સ્થાનિક લોકો અને 112 ઈમરજન્સી સેવા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.સ્થાનિકો અને બચાવ ટીમની સમયસૂચકતા તથા ભારે જહેમતના પરિણામે કારમાં સવાર ત્રણ પુખ્ત વયના વ્યક્તિઓ અને બે બાળકો સહિત કુલ પાંચ સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.આ સમગ્ર બચાવ કામગીરીમાં સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે.કે. બારીયા અને તેમની ટીમે અથાગ મહેનત કરી પરિવારનો જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સદનસીબે પરિવારના તમામ સભ્યોનો આબાદ બચાવ થતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.સાપુતારા પોલીસની સતર્કતા, સ્થાનિક નાગરિકોની માનવતા અને 112ની ટીમની સમયસરની મદદને કારણે મોટી જાનહાનિ ટળી હતી.મુશ્કેલીના સમયે માનવતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર તમામ બચાવકર્મીઓની કામગીરી સરાહનીય બની રહી છે.

માંથી આંખ, પિતાથી પાંખ અને ગુરુજીથી શાખ મળે : મોરારિબાપુ



ચંપારણ્ય(તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂ મોરારિબાપુના વ્યાસાસને 'માનસ ભારત સ્વસ્તિક યાત્રા'ની છઠ્ઠા ચરણની કથા આજે મહાપ્રભુજી વલભાચાર્યજીની પ્રાગટ્ય ભૂમિ પર ગવાઈ હતી. આ ભૂમિ પર પૂજ્ય વલભાચાર્યજી મહારાજે સમગ્ર પરંપરાને જીવંત કરવાનો અને આગળ લઈ જવાનો પ્રયાસ કર્યો તે ભૂમિ પર આ અગાઉ બે કથાઓ નું આયોજન વૈષ્ણવો દ્વારા યોજાય ચૂક્યું છે.

પુ મોરારિબાપુએ આજે કથાના અમૃત વચનોમાં કહ્યું કે આ ભૂમિ પર કથાના ગાન માટેનો અવસર મળ્યો છે તે આનંદનો વિષય છે. એક સમયે આ ભૂમિએ ચંપાનું અરણ્ય હતું. એટલે તેનું નામ ચંપારણને પડ્યું.કદાચ શ્રીમાન મહાપ્રભુજી મહારાજે પણ આ ભૂમિને પસંદ કરી. ચિત્રકૂટમાં પણ વાલ્મિકી રામાયણ થઈ હતી તેથી ત્યાં બેઠકજી છે. શ્રી કૃષ્ણ શરણં મમ તે ચતુર શ્લોકી એવો મંત્ર છે. શ્રીનો અર્થ થાય છે કલ્યાણ. કલ્યાણકારી કૃષ્ણ પણ સ્વસ્તિક છે. શરણાગતિ કલ્યાણકારી હોય છે. માં એ આંખ, પિતાએ પાંખ અને ગુરુએ શાખ આપે છે.

કથામાં પાવન હાજરી આપવા પધારેલા પુ. દ્વારકેશ લાલજી બાવાએ જણાવ્યું કે આવી યાત્રાઓ સનાતન ધર્મની પંરપરાને વધું મજબૂત કરે છે.રાષ્ટ્ર નિર્માણમાં બાપુની આ કથા મહત્વની સાબીત થશે.હુ અહીં છપ્પનભોગ ઉત્સવમાં આવતીકાલે આવનાર હતો પણ આજે આવી ગયો તેનો આનંદ છે.

કથાના ક્રમમાં આજે રામ લક્ષ્મણનું વિશ્વામિત્ર ના યજ્ઞના રક્ષણ માટેનું ગમન,એ માટે દશરથજીની અનુમતિ શુભ માટે બ્રહ્મની ગતિ,તાડકાનુ નિર્વાણ ભાવવાહી રજુઆત થઈ હતી.

મહીસાગર જિલ્લાના ધરતીપુત્રો હવે મોબાઈલ એપ્લિકેશન દ્વારા ખાતરનું એડવાન્સ બુકિંગ કરી શકશે

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના ખેડૂતોને સબસીડીવાળા રાસાયણિક ખાતરનો જથ્થો સરળતાથી, સમયસર અને પારદર્શક રીતે મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા એક નવતર ડિજિટલ પહેલ હાથ ધરવામાં આવી છે. સાબરકાંઠા અને નવસારી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટની સફળતા બાદ, હવે આગામી સમયમાં મહીસાગર જિલ્લામાં પણ ખાતરના વિતરણ માટે 'ફ્રેમવર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ' (Framework for Fertilizer Sale) નામની નવી ડિજિટલ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવનાર છે. આ વ્યવસ્થા અંતર્ગત જિલ્લાના ખેડૂતો પોતાના મોબાઈલ ફોન પરથી જ જરૂરી ખાતરનું એડવાન્સ બુકિંગ કરાવી શકશે, જેના પરિણામે ખાતર ડેપો કે સહકારી મંડળીઓ પર લાગતી લાંબી લાઈનોમાંથી કાયમી મુક્તિ મળશે.આ નવી ડિજિટલ પદ્ધતિના અમલીકરણથી ખેડૂતો ઘરે બેઠા જ જાણી શકશે કે કયા વિક્રેતા (ડીલર) પાસે કેટલો ખાતરનો સ્ટોક ઉપલબ્ધ છે. મોબાઈલ એપ્લિકેશન મારફતે ખાતર બુક કર્યા બાદ ખેડૂતે બુકિંગ કર્યાના બે દિવસની અંદર સંબંધિત વિક્રેતા પાસેથી પોતાનો જથ્થો મેળવી લેવાનો રહેશે; જો બે દિવસમાં ખરીદી કરવામાં નહીં આવે તો તે બુકિંગ આપોઆપ રદ થઈ જશે. બુકિંગ કર્યા બાદ જનરેટ થયેલો ટોકન નંબર દુકાન પર બતાવવાથી ખેડૂતોને કોઈપણ પ્રકારની રાહ જોયા વગર તુરંત ખાતર મળી રહેશે.આ સમગ્ર પ્રક્રિયામાં તમામ વેચાણનો ડિજિટલ રેકોર્ડ જળવાઈ રહેતો હોવાથી વિતરણ વ્યવસ્થામાં સંપૂર્ણ પારદર્શકતા આવશે અને નકલી ખરીદદારો કે ગેરરીતિ સામે ખેડૂતોને રક્ષણ મળશે. સબસીડીવાળા રાસાયણિક ખાતરોની ખરીદ પ્રક્રિયા અત્યંત સરળ અને પારદર્શક બની રહી હોવાથી, જિલ્લાના તમામ ખેડૂત મિત્રોને કોઈપણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), લુણાવાડા, જિ. મહીસાગરની અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

મહીસાગર જિલ્લામાં નવી ડિજિટલ ખાતર વિતરણ વ્યવસ્થા અંગે જિલ્લા પંચાયત હોલ ખાતે તાલીમ યોજાઈ .....

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લામાં ખેડૂતોને ખાતરનું પારદર્શક, સરળ અને સુવ્યવસ્થિત વિતરણ મળી રહે તે હેતુથી જિલ્લા પંચાયત હોલ ખાતે નવી ડિજિટલ ખાતર વિતરણ વ્યવસ્થા (FFS - Framework for Fertilizer Sale) અંગે તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લાના ઇનપુટ ડીલરો, ગ્રામસેવકશ્રીઓ, વિસ્તરણ અધિકારીશ્રીઓ, આત્મા (ATMA) તથા પ્રાકૃતિક કૃષિ બોર્ડ તેમજ કૃષિ સખીના કર્મચારીઓ અને અધિકારીશ્રીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થના(IAS) માર્ગદર્શન હેઠળ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી બી.એસ. પંચાલ અધ્યક્ષ સ્થાને નાયબ ખેતી નિયામક (વિ.) મહેશભાઈ પટેલ તથા જી.એન.એફ.સી.ના અધિકારીશ્રી અનિલ સાવલિયા દ્વારા નવી ખાતર વિતરણ વ્યવસ્થાના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન નવી ડિજિટલ વ્યવસ્થા અંતર્ગત ખેડૂતની ઓળખ, Farmer ID, જમીન અને પાકની વિગતો, ખાતરનું ઓનલાઈન બુકિંગ, QR કોડ દ્વારા ખાતર વિતરણ તથા વેચાણની ડિજિટલ નોંધણી સહિતની પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ખાતર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય, ખેડૂતોને સમયસર અને સરળતાથી ખાતર મળી રહે, ખાતરની કાળાબજારી અને અનિયમિતતાઓ પર નિયંત્રણ આવે તેમજ ખેડૂતોને પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ આવે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નાયબ ખેતી નિયામકશ્રીએ નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે સંબંધિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને ખાતર વિક્રેતાઓને સંકલન સાથે કામગીરી કરવા તથા ખેડૂતોને નવી પ્રક્રિયાથી માહિતગાર કરવા પર ભાર મૂક્યો હતો.

આ તાલીમ કાર્યક્રમ દ્વારા જિલ્લાના તમામ સંબંધિત અધિકારીઓ, કર્મચારીઓ અને ખાતર વિક્રેતાઓને નવી ડિજિટલ ખાતર વિતરણ વ્યવસ્થા અંગે જરૂરી જાણકારી અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ વ્યવસ્થાના અસરકારક અમલીકરણથી આગામી સમયમાં જિલ્લામાં ખાતર વિતરણ પ્રક્રિયા વધુ પારદર્શક, સુવ્યવસ્થિત અને ખેડૂતલક્ષી બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

મહીસાગર જિલ્લામાં આગામી તા. ૦૪ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન 'શાળા બહારના બાળકો'નો વિશેષ સર્વે હાથ ધરાશે.....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ અધૂરું છોડનાર અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા જાહેર જનતાને સહભાગી થવા અપીલ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને 'સમગ્ર શિક્ષા' અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં કોઈપણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આગામી તા. ૦૪/૧૨/૨૦૨૬ થી તા. ૧૦/૧૨/૨૦૨૬ દરમિયાન જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ મારફત શાળા બહારના બાળકોનો સઘન સર્વે કરવામાં આવશે. આ સર્વે કામગીરીમાં જુદા-જુદા કારણોસર શાળામાં પ્રવેશ ન મેળવી શકેલા અથવા અધવચ્ચેથી અભ્યાસ છોડી દઈ ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ ન કરી શકેલા 'શાળા બહારના બાળકો' (Out of School Children) તેમજ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો (Children with Special Needs)ની ઓળખ કરવામાં આવશે. શિક્ષણ વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય આવા તમામ બાળકોની વિગતો એકત્ર કરી, તેમને વયકક્ષા મુજબ યોગ્ય શાળાઓમાં પુનઃ પ્રવેશ અપાવી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાનો છે.મહીસાગર જિલ્લાના સમગ્ર શિક્ષા અભિયાનની આ મહત્વપૂર્ણ કામગીરીને સફળ બનાવવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા જિલ્લાની તમામ જાહેર જનતાને સક્રિય સહભાગી થવા જાહેર અપીલ કરવામાં આવી છે. આપની આસપાસ, મહોલ્લા કે ગામમાં કોઈપણ બાળક શાળા બહાર હોય અથવા શિક્ષણથી વંચિત જણાય, તો તેવા બાળકોની વિગતો આપી નજીકની પ્રાથમિક શાળાના આચાર્યશ્રીનો સંપર્ક સાધી આ ઉમદા કાર્યમાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મિક્સર મશીન ભાડે લઈ છેતરપિંડી આચરનાર આરોપીને મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડવામાં ડાંગ SOG પોલીસને સફળતા.

ડાંગ | 'આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલાયો, 21 વર્ષીય આરોપી અમોલ મોહિતેની ધરપકડ'. ડાંગ જિ

વિથોણમાં 'મોતિયા મુક્ત કચ્છ' અભિયાન અંતર્ગત નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો





૧૩૨ દર્દીઓએ કરાવી આંખોની તપાસ, ૧૨ દર્દીઓના ભુજમાં વિનામૂલ્યે ઓપરેશન કરાશે; ૫૩ લોકોને રાહતદરે ચશ્માં અપાયાં

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છને મોતિયા મુક્ત બનાવવાના ઉમદા હેતુ સાથે અંધજન મંડળ, કે.સી.આર.સી. ભુજ દ્વારા નખત્રાણા તાલુકાના વિથોણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.'દૃષ્ટિ થકી સૃષ્ટિ અને સૃષ્ટિ થકી દૃષ્ટિ'ના સેવાભાવી વિચાર સાથે યોજાયેલા આ કેમ્પમાં મોતિયો, ઝામર, વેલ, પરવાળા, નાસૂર સહિત આંખોને લગતી વિવિધ બીમારીઓની તપાસ કરવામાં આવી હતી. દર્દીઓને જરૂરી દવાઓ અને આંખનાં ટીપાં વિનામૂલ્યે આપવામાં આવ્યાં હતાં, જ્યારે ચશ્માં રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં હતાં.કેમ્પ દરમિયાન કુલ ૧૩૨ દર્દીઓએ આંખોની તપાસ કરાવી હતી. જેમાંથી ૧૨ દર્દીઓ ઓપરેશન માટે યોગ્ય જણાતાં તેમનાં ભુજ ખાતે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે. જ્યારે ૫૩ દર્દીઓને રાહતદરે ચશ્માં આપવામાં આવ્યાં હતાં. સંસ્થા દ્વારા ઓપરેશન લાયક દર્દીઓનાં દરરોજ નિઃશુલ્ક ઓપરેશન કરવાની સુવિધા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કેમ્પનો પ્રારંભ દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિથોણ ગામનાં સરપંચ લક્ષ્મીબેન મહેશ્વરી, વિથોણ ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખ રતિલાલભાઈ ખેતાણી, નખત્રાણા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ દિલીપભાઈ નરસિંગાણી, વિથોણ PHCના મેડિકલ ઓફિસર ડૉ. નક્ષ, આશાવર્કર બહેનો મેમુનાબેન રાજા, હંસાબેન લોચા તેમજ PHCનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

અંધજન મંડળ, કે.સી.આર.સી. ભુજ તરફથી રસમિતાબેન, પચાણભાઈ ગઢવી, ડિમ્પલબેન ભાટિયા, બાદલભાઈ ભદ્રુ અને અબ્દુલભાઈ રાયમાએ સેવા આપી હતી. કેમ્પને સફળ બનાવવા પચાણભાઈ ગઢવી, બાદલભાઈ ભદ્રુ, મેમુનાબેન રાજા સહિત સ્થાનિક આગેવાનો અને સંસ્થાના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

મોતિયા મુક્ત કચ્છના સંકલ્પને સાકાર કરવા અંધજન મંડળ, કે.સી.આર.સી. ભુજ દ્વારા 'માંગો ત્યાં કેમ્પ અને રોજે રોજ આંખોનાં ઓપરેશન'ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંસ્થાના મેનેજર અરવિંદસિંહ ગોહિલ, રાજેશ પલણ અથવા પચાણભાઈ ગઢવીનો સંપર્ક કરવા જણાવાયું છે.

૧૦ વર્ષથી પ્રતિનિધિત્વની રાહ જોતા કોલીવાસ-સોઢાવાસને ન્યાય આપવાની માંગ!

દેશલપર (ગુંતલી) ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૭ની અનામત બેઠકમાં ફેરફાર કરવા જગદીશ પી. દવેની નાયબ કલેક્ટરશ્રી સમક્ષ રજૂઆત

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાની દેશલપર (ગુંતલી) ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૭ હેઠળ આવતા કોલીવાસ અને સોઢાવાસ વિસ્તારના રહેવાસીઓને છેલ્લા આશરે ૧૦ વર્ષથી યોગ્ય પ્રતિનિધિત્વ મળતું ન હોવાની સમસ્યાને લઈને જગદીશ પી. દવે દ્વારા નાયબ કલેક્ટરશ્રી, નખત્રાણા સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ વોર્ડ નંબર ૭માં ઘર નંબર ૨૫૨થી ૨૯૫ સુધીના કોલીવાસ તથા સોઢાવાસ વિસ્તારનો સમાવેશ થાય છે. હાલની બેઠકની અનામત કેટેગરીને કારણે સ્થાનિક સ્તરે યોગ્ય ઉમેદવારી ઉપલબ્ધ ન થતી હોવાના કારણે આ વિસ્તારના લોકો ગ્રામ પંચાયતમાં પોતાના પ્રતિનિધિથી વંચિત રહેતા હોવાની રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા પરિશિષ્ટમાં વોર્ડ નંબર ૭ની બેઠક અ.જ.જા. સામાન્ય કેટેગરીમાં દર્શાવવામાં આવી છે અને આગામી ચૂંટણી માટે પણ આ જ કેટેગરી દર્શાવાઈ છે.

આથી આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭ની બેઠકની અનામત કેટેગરીમાં પ્રવર્તમાન નિયમો મુજબ ફેરફાર કરી અન્ય યોગ્ય બેઠકની ફાળવણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જો આ વિસ્તારને અનુકૂળ બેઠકની ફાળવણી કરવામાં આવે તો સ્થાનિક લોકોને ગ્રામ પંચાયતમાં પોતાનો પ્રતિનિધિ ચૂંટવાની તક મળશે. વિસ્તારના પાણી, રસ્તા, સફાઈ સહિતના સ્થાનિક પ્રશ્નો પંચાયત સમક્ષ અસરકારક રીતે રજૂ થઈ શકશે. ઉપરાંત ગ્રામ પંચાયતની બોડીમાં એક સક્રિય સભ્યનો ઉમેરો થતાં ગામની વિકાસલક્ષી કામગીરીને પણ વેગ મળી શકશે.લોકશાહીમાં દરેક વિસ્તારને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જરૂરી છે. ત્યારે છેલ્લા દસ વર્ષથી પ્રતિનિધિત્વની સમસ્યાનો સામનો કરી રહેલા કોલીવાસ-સોઢાવાસ વિસ્તારના લોકોની રજૂઆતને ધ્યાને લઈ ચૂંટણી તંત્ર દ્વારા નિયમોનુસાર હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૬, ભવનાથમાં પુરવઠા, ફૂડ અને તોલમાપ વિભાગની સંયુક્ત કાર્યવાહી; અખાદ્ય ખાદ્યપદાર્થોનો નાશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૧૯ ગિરનાર પરીક્રમા-૨૦૨૬ દરમ્યાન આજ રોજ લોકોને શુદ્ધ અને આરોગ્યપ્રદ અને નિયત ભાવે ચીજવસ્તુઓ મળી રહે તે માટે ફૂડ અને ડ્રગ્સ વિભાગ તથા તોલમાપ વિભાગને સાથે રાખી પુરવઠા વિભાગ દ્વારા ભવનાથ વિસ્તારમાં આવેલ જુદા જુદા રેસ્ટોરન્ટ, ખાણી પીણીની દુકાનો, સ્ટોલ ખાતે તપાસણી હાથ ધરી હતી. જેમા અખાદ્ય જણાયેલ મંચુરિયન-૨૦ કિ.ગ્રા.,ગાંઠીયા-૨ કિ.ગ્રા., ખમણ-૪ કિ.ગ્રા., ભાજી-૨ કિ.ગ્રા., બટેટાનો છુંદો- ૨.૫ કિ.ગ્રા., તથા છાસ-૧૭૫૦ એમ.એલ. ખાદ્યપદાર્થોનો નાશ કરાયો હતો. તેમજ ચીજવસ્તુઓ ના ભાવ નિયત થયલે ભાવો પ્રમાણે લેવામાં આવે છે કે કેમ અને દર્શાવેલ જથ્થાના પ્રમાણમાં ચીજ વસ્તુઓ વહેચાય છે કે કેમ તે બાબતો સુનિશ્ચિત કરવામાં આવ્યુ હતુ. અને એક્સપાઇર થઇ ગયેલ પેકિંગ વાળા ખાદ્ય ચીજવસ્તુઓ તથા વાસી અને ભેળસેળયુકત ખાદ્યપદાર્થોનુ વેચાણ ન થાય અને સ્વચ્છતા જળવાઈ રહે તે બાબતે સબંધિત વેપારીઓને સૂચનાં આપવામાં આવી હતી.

ગિરનાર પરિક્રમા રૂટમાં તા. ૨૪ નવેમ્બરના રોજ સવારે ૭ વાગ્યા બાદ પરિક્રમાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૯ ગિરનારની લીલી પરિક્રમામાં આવતા લાખો શ્રદ્ધાળુ ઓની સલામતી અને જંગલ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સાથેના સંઘર્ષને ટાળવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ. બારડ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, આગામી તા. ૨૪/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૭:૦૦ કલાક બાદ કોઈ પણ પરિક્રમાર્થી કે શ્રદ્ધાળુઓ ને પરિક્રમા રૂટમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ગિરનાર ગિરિવરની ગોદમાં કારતક સુદ -૧૧ (અગિયારશ) થી કારતક સુદ - ૧૫ (પૂર્ણિમા) સુધી ગિરનારની લીલી પરિક્રમા યોજાનાર છે. આ પરિક્રમા માં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભવનાથ ખાતે આવે છે. જૂનાગઢ ખાતે પરંપરાગત રીતે યોજાનાર આ ગિરનાર પરિક્રમામાં સમગ્ર રાજ્ય- દેશમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સાધુ સંતો જોડાય છે. આ પરિક્રમા ગિરીવર ગિરનાર ની તળેટીમાં જંગલના દુર્ગમ વિસ્તારમાં પગપાળા કરવામાં આવે છે. ગિરનારની લીલી પરિક્રમા એ એશિયાટિક સિંહ અને દીપડા જેવા વન્ય પ્રાણીઓનું કુદરતી રહેઠાણ ૩૬ કિલોમીટરના ગાઢ જંગલમાંથી પસાર થતી હોવાથી, અહીં માનવ- વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને અવગણી શકાય નહિ. જીણાબાવા ની મઢી માળવેલા અને બોરદેવી જેવા વિસ્તારોમાં વન્ય પશુઓની અવરજવર રહે છે. તેમજ આ વર્ષે ગિરનાર ક્ષેત્રમાં ઓછા વરસાદને કારણે જંગલમાં પાણીના કુદરતી સ્ત્રોત વહેલા સુકાઈ ગયા છે જેથી પણ પાણીની શોધમાં વન્યજીવો પરિક્રમા રૂટ કે માનવ વસાહત તરફ આકર્ષિત શકે છે.લાખો યાત્રાળુઓ ની ભીડ, અવાજ તેમજ લાઈટનાં કારણે પણ વન્યજીવોના કુદરતી વર્તનમાં ખલેલ પહોંચી શકે. ચાલુ વર્ષે ગિરનાર સીડી વિસ્તારમાં સિંહના હુમલાનો બનાવ પણ બનવા પામેલ છે. જેથી આ સંજોગોમાં લોકોની સલામતી માટે આખરી દિવસે જો ખૂબ મોડેથી પરિક્રમા શરૂ કરવામાં આવે તો નિશ્ચિત સમયે પરિક્રમા પૂરી ન થાય અને તેથી જોખમને અવગણી શકાય નહિ. અકસ્માત નિવારણ અને લોકોની સલામતી માટે સાવચેતીના પગલા લેવાનું અનિવાર્ય જણાતાં, જૂનાગઢ જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એસ.બારડ દ્વારા પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) થી મળેલ અધિકારની રૂએ, ગિરનાર પરિક્રમા અનુસંધાને તા.૨૪/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૭-૦૦ કલાક બાદ કોઈ પણ પરિક્રમાર્થી / શ્રદ્ધાળુઓને પરિક્રમા રૂટમાં પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામુ ગિરનાર પરિક્રમાની કામગીરી સાથે સંકળાયેલ સરકારના કોઈ પણ સંબંધિત ખાતા / વિભાગના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જોગવાઈ લાગુ પડશે નહિ. ગિરનાર પરિક્રમા રૂટમાં આવેલ વિવિધ અન્નક્ષેત્રો / ઉતારા મંડળો જેઓ પ્રવેશ માટે ધોરણસર પાસ / પરમીટ ધરાવે છે તેઓને આ જોગવાઈ લાગુ પડશે નહિ. ગિરનારની લીલી પરિક્રમા એ એશિયાટિક સિંહ અને દીપડા જેવા વન્ય પ્રાણીઓનું કુદરતી રહેઠાણ ૩૬ કિલોમીટરના ગાઢ જંગલમાંથી પસાર થતી હોવાથી, અહીં માનવ- વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને અવગણી શકાય નહિ. જીણાબાવા ની મઢી માળવેલા અને બોરદેવી જેવા વિસ્તારોમાં વન્ય પશુઓની અવરજવર રહે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ (આંક-૨૨) ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

જૂનાગઢ જિલ્લામાં શાળા બહાર ના ૬ થી ૧૮ વર્ષના બાળકોને શોધવા વિશેષ સર્વે હાથ ધરાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૯ શિક્ષણ વિભાગ, સમગ્ર શિક્ષા દ્વારા સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ૬ થી ૧૮ વર્ષની વય જૂથ ના કદી શાળાએ ન ગયેલા અથવા અધવચ્ચેથી શાળા છોડી દીધેલા દિવ્યાંગ સહિતના તમામ શાળા બહારના બાળકોને શોધવા માટે નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન એક વિશેષ સર્વે હાથ ધરવામાં આવશે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે,જે અન્વયે આવા બાળકોને નજીકની શાળામાં વયકક્ષા મુજબ સ્પેશિયલ ટ્રેનિંગ આપી મુખ્ય ધારામાં જોડવામાં આવશે.જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરશ્રી લત્તાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરાશે. આ સર્વેમાં જે તે વિસ્તારની પ્રાથમિક શાળાને મુખ્ય સેન્ટર રાખી મુખ્ય શિક્ષક/ આચાર્યશ્રીની આગેવાની હેઠળ શાળાના શિક્ષકો, સમગ્ર શિક્ષાનો સ્ટાફ (બી.આર.સીસી.આર.સી., બી.આર.પી., સ્પે. એજ્યુકેટર્સ, આઈ.ઈ.ડી.,બાલ મિત્રો) તેમજ એન.એસ.એસ., એન.સી.સી., કોલેજો, સ્વેચ્છિક સંગઠનો અને અન્ય સરકારી વિભાગો જોડાશે. આ સર્વે કામગીરી દરમિયાન જૂનાગઢ જિલ્લાના શહેરી વિસ્તારો જેવા કે સ્લમ, પછાત વિસ્તાર, ઝૂંપડપટ્ટી, રિમાન્ડ હોમ, નારી સંરક્ષણ ગૃહ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, કન્સ્ટ્રક્શન સાઈટ, શ્રમિક પરિવારોના રહેઠાણો અને સિનેમાઘરોની આસપાસના વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેવી જ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં દરિયા કિનારાના વિસ્તારો, જંગલના અંતરિયાળ નેસ વિસ્તાર અને અગરિયા વિસ્તારના તમામ બાળકોને પણ આવરી લેવામાં આવશે. આથી જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે જો આપની આસપાસ ૬ થી ૧૮ વર્ષની વયજૂથનું કોઈપણ બાળક (દિવ્યાંગ સહિત) શાળા શિક્ષણથી વંચિત જણાય.

પાક નુકસાનના વળતરની માંગ સાથે ડાંગમાં આંદોલનના મંડાણ, અચોક્કસ મુદતની ભૂખ હડતાળ



ડાંગ | 'ડાંગમાં પાક નુકસાનના વળતરની માંગ સાથે ભૂખ હડતાળના મંડાણ,100 ઈંચથી વધુ વરસાદ છતાં સિંચાઈના પાણીના અભાવે પાક સુકાયા હોવાનો આક્ષેપ,સામાજિક આગેવાન મહેશ આહીરે શરૂ કરી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ,ખેડૂતોને હેક્ટરદીઠ યોગ્ય વળતર ચૂકવવાની માંગ તેજ થઈ' ડાંગ જિલ્લામાં ખેડૂતોને થયેલા પાક નુકસાનનું વળતર ચૂકવવાની માંગ સાથે ખેડૂતોના પ્રશ્ને આંદોલનના મંડાણ થયા છે. સામાજિક આગેવાન અને BSP પ્રમુખ મહેશ આહીરે આજથી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરી છે.ડાંગ જિલ્લામાં 100 ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવા છતાં સિંચાઈના પાણીના અભાવે ખેડૂતોનો ઊભો પાક સુકાઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખાસ કરીને ડાંગના મુખ્ય પાક નાગલી સહિત ડાંગર અને અન્ય ખેતી પાકોને પણ વ્યાપક અસર થઈ હોવાનું જણાવાઈ રહ્યું ,આંદોલનકારીઓના આક્ષેપ મુજબ રાજ્યના ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ ડાંગ જિલ્લામાં હજુ સુધી પાક નુકસાનનો સર્વે કરવામાં આવ્યો નથી. મુખ્યમંત્રી સમક્ષ વારંવાર આવેદનપત્રો અને રિમાઈન્ડર રજૂ કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં આખરે ભૂખ હડતાળનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. વધુમાં, કરોડો રૂપિયાની જળ યોજનાઓ હોવા છતાં ડાંગના અનેક ખેતરો સુધી સિંચાઈનું પાણી ન પહોંચતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હોવાનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.ભૂખ હડતાળ પર ઉતરેલા મહેશ આહીરે તાત્કાલિક ધોરણે પાક નુકસાનનો સર્વે કરાવી ખેડૂતોને હેક્ટરદીઠ યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી છે. હવે ડાંગ જિલ્લાના ખેડૂતોના પાક નુકસાનના પ્રશ્ને શરૂ થયેલી આ ભૂખ હડતાળ બાદ જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવે છે તેના પર ખેડૂતો સહિત સૌની નજર મંડાઈ છે.

જૂનાગઢ જિલ્લામાં તા.૦૨ ડિસેમ્બર સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તાર માં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાઈ હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસરથી તા. ૦૨/૧૨/૨૦૨૬સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં. આ જાહેરનામુ ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક મંડળીઓ, સરકારી નોકરીએ જતા કે અવર-જવર કરતા વ્યક્તિઓ, કોઈ લગ્નના વરઘોડો, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિઓને, કે સક્ષમ અધિકારીએ કાયદેસર પરવાનગી આપી હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે નહીં.

રાજા રજવાડાના સમયમાં પણ પ્રજાને કર ફરજિયાત ચૂકવવો પડતો



કરવેરા નું ચક્ર

- રુપાલી દવે

કરવેરા(ટેક્સ) નું ચક્ર એ આજકાલ નું નથી પ્રાચીન સમયમાં પણ સુવ્યવસ્થિત રીતે ચાલતું હતું. રાજા રજવાડા ના સમય માં પણ પ્રજા ને કર ફરજિયાત ચૂકવવો પડતો હતો.કરવેરા ની વ્યાખ્યા ફિલ્મ "લગાન" માં ક્રિકેટ રમી ને અંગ્રેજી ટીમને હરાવી ને ટેક્ષ માફી કરાવો.give & take ની ફિલોસોફી માં આખું વિશ્વ જીવી રહ્યું છે.કરવેરા ના ધન થી જ પ્રજા ને સુખ સગવડો પ્રાપ્ત કરાવી શકાય છે.જેના ઉપયોગ જેમ કે રોડ, ગટર,ઘર,ખેતીલાયક જમીન,પાણી,લાઈટ વગેરે વગેરે જે કંઈ વાપરો છો એના માટે સરકાર દ્વારા નક્કી કરેલ ટેક્સ આપવા ફરજિયાત છે.રાજા રજવાડા ના સમય માં ધનવાન ને માટે કર માં મુક્તિ નહતી કેમ કે કરવેરા ની આવક થી જ બધા વ્યવહાર ચાલતા હોય છે. વાસ્તવિકતા તો એ છે કે આ ધરા પર જન્મ લીધા બાદ શ્વાસ પર પણ આપણો અધિકાર નથી તો અન્ય તો ક્યાંથી હોવાનો. કરવેરા ને ટૂંક માં સમજીએ તો એક પ્રકાર ની લેવડદેવડ થાય. નાની કે મોટી લેવડદેવડ થી જ વેપાર વાણિજ્ય સાથે વિકાસ ની યોજનાઓ ચાલતી હોય છે.વેપાર વાણિજ્ય જ માત્ર લેવડ દેવડ ના સબંધ થી નથી ચાલતા પરંતુ આંતરિક સામાજિક અને કૌટુંબિક સંબંધો પણ લેવડ દેવડ માં લાંબા સમય સુધી તંદુરસ્તી થી ચાલતા રહેતા હોય છે. ઉદારહણ રૂપે પ્રસંગો : લગ્ન કે અન્ય નાના મોટા પ્રસંગ માં વ્યવહાર કરતા પહેલા સબંધ કેવા પ્રકાર નો છે? નજીકનો,દૂરનો કે ખપ પૂરતો એવું વિચારી ને વ્યવહાર કરતા હોઈએ છીએ. પહેલા ના સમય માં ૧૧ થી ૫૧ રૂપિયા થી વધીને ૧૦૦રૂપિયાનો ટોકન ચાંદલો લગ્ન કે અન્ય પ્રસંગ માં થતો હતો.વર્તમાન સમય માં મોંઘવારી ને ધ્યાન માં રાખીને લગ્ન કે અન્ય પ્રસંગો માં ૫૦૧ નો ટોકન ચાંદલો થાય છે. શું કામ? લગ્ન અને પ્રસંગો પણ એક પ્રકારે માનસિક મનોરંજન જ છે એટલે પ્રસંગો માં ટોકન ચાંદલો કરવાની પરંપરા બાપ દાદા ના સમય થી ચાલી રહી છે.

વિશ્વ માં લગભગ બધેજ પ્રત્યેક અને પરોક્ષ એમ બે પ્રકારે કરવેરા નું માળખું લગભગ સરખું જ છે પરંતુ મોટાભાગ ની પ્રજા ને પ્રત્યેક્ષ અને પરોક્ષ કરવેરા નું માળખા વિશે ખાસ સમજણ નથી હોતી. જે આપણે કુદરતી અને કુત્રિમ સગવડતાઓ નો ઉપયોગ રૂટિન લાઈફ માં કરીએ છીએ જેમકે રોડ રસ્તાઓ,પાણી, ભૂમિ, ગેસ,પેટ્રોલ ડીઝલ, અનાજ, વીજળી વગેરે વગેરે માટે ભરવા પડતા કરવેરા ને પ્રત્યેક્ષ ટેક્સ કહેવામાં આવે છે જે મોટાભાગે ગ્રાહક જ ભરતો હોય છે. જ્યારે પરોક્ષ ટેક્સ પણ જાણે અજાણે પબ્લિક જ ભરતી હોય છે પણ ઉદાહરણ : નાસ્તા ના પેકેટ્સ લેતા પહેલા ટેક્સ વિશે પૂછ પરછ કરતા નથી પણ સોની ની દુકાને ઘરેણા ખરીદવા જશો ત્યારે મજૂરી સાથે ટેક્ષ વિશે પણ જાણવા માંગશો. કદાચ ક્યારેય તમે ઓનલાઈન મંગાવેલ ચીજ વસ્તુ ના પેકેટ્સ માં બિલ માં દર્શાવેલ "ટેક્ષ" પર ધ્યાન જ આપશો નહી. આપણા ત્યાં પેકેટ્સ અને છૂટક અનાજ, દૂધ, ફૂડ પેક્ટ્સ અને શાકભાજી પર ટેક્સ ના નિયમો અલગ અલગ છે.

છૂટક અનાજ,દૂધ અને શાકભાજી માં 0% ટેક્સ લાગે છે જેમકે અમૂલ દૂધ ની જેમ પેકેટ માં આવતા દૂધ અને દૂધ માંથી બનતી પ્રોડક્ટ્સ પર ટેક્સ લાગે છે.આ કારણોસર જ બ્રાન્ડેડ દૂધ ના ભાવ વધે ત્યારે ટેક્સ પણ ઉમેરાય છે એટલે દૂધ નો ભાવ વધી જતો હોય છે. ભારત ની સમસ્યા એ છે કે એના મૂળ માંજ ભ્રષ્ટાચાર છે એટલે ભલે સરકાર ક્લાસ ફોર નું પદ પરીક્ષા વગર ભરવાનું એલાન કરે પણ આ પદ માટે ઊંચી બોલી લગાતી હશે એટલું નક્કી. જે ચીજ પરોક્ષ છે એમાં પણ ઉધઈ રૂપી કીડા ખદબદે છે તો પછી દૂધ નું વેચાણ કરતા વેપારી શું કામ રાતો રાત અબજોપતિ બનવાના સ્વપ્ના ન જુવે. ગુજરાત માં સરકાર જેવો અમૂલ દૂધ નો ભાવ વધારે એ ભેગા છૂટક દૂધ વેંહચતા દૂધ ના વેપારીઓ પણ અમૂલ ગોલ્ડ ના લિટર ના ભાવ હિસાબે છૂટક દૂધ ના ભાવ પણ ગ્રાહક આગળ થી વસુલે છે. જોવાનું એ કે માફીયાઓ સાથે સરકારી અધિકારીઓ અને નેતાઓ નું સેટિંગ એટલું મજબૂત હોય છે ને કે આ કારણોસર આમ ગ્રાહક ફરિયાદ સાંભળતી જ નથી.

રશિયા,હંગેરી અને એસ્ટોનિયા માં ટેક્સ એ અમીર ગરીબ નથી ત્યાં બધા એ ટેક્સ ફરજિયાત ચૂકવવો પડે છે. ટેક્સ ની રકમ પણ બધા માટે સરખી હોય છે.જ્યારે ભારત,અમેરિકા અને મોટાભાગ ના યુરોપિયન દેશો માં વ્યક્તિગત રીતે જેમ જેમ આવક વધે એ મુજબ ટેક્સ ની રકમ પણ વધે છે.અમેરિકા માં રાજ્યો મુજબ ટેક્સ દર અલગ અલગ છે એટલે કે ટેક્સાસ અને કેલિફોર્નિયા ના ટેક્સ દર સરખા નથી.પ્રતિગામી ટેક્ષ પ્રણાલી માં ડાયરેક્ટ ટેક્સ આવક પર આધારિત નથી હોતો કેમકે પેકેજીંગ અને નોન પેકેજીંગ ફૂડ ને લગતો સમાન ગરીબ અને સામન્ય આવક ધરાવતા લોકો પણ ખરીદતા હોય છે એટલે બધા એ ચીજ વસ્તુઓ ખરીદતી વખતે સરખો ટેક્ષ ચૂકવવો પડતો હોય છે. ભારત જેવા ૧૦૦ કરોડો ઉપરની વસ્તી ધરાવતા દેશ માં અમીરો ની સંખ્યા એ ગરીબો અને મધ્યમ વર્ગીય કરતા ઓછી છે.વાસ્તવિકતા તો એ છે કે મોટાભાગે ભારત માં ગરીબો અને મધ્યમ વર્ગીય ની વસ્તી જ પ્રત્યક્ષ, પ્રતિગામી અને પરોક્ષ કરવેરા ચૂકવે છે. સત્ય તો એ છે કે ભારત ની ઈકોનોમી જ મધ્યમ વર્ગીય અને ગરીબો ની ડાયરેક્ટ ઈન ડાયરેક્ટ ટેક્સ ભરવા ના લીધે ચાલી રહી છે.ભારત માં વસ્તા ધનવાન લોકો કાયદેસર નો ટેક્ષ તો ભરતા જ નથી આ ઉપરાંત વેપાર માટે અધધ બેંક લોન લીધા બાદ પણ માસિક વ્યાજ ચૂકવતા નથી હોતા.અમીર લોકોની રૂટિન લાઈફ સ્ટાઈલ માં દેશી ને વિદેશી ચીજ વસ્તુઓ સામેલ હોય છે,શોપિંગ અને ફરવાના સ્થળો એ દુબઈ, યુરોપિયન દેશો વગેરે હોય છે એટલે પ્રત્યેક્ષ,પરોક્ષ અને પ્રતિગામી ટેક્ષ એના જીવનમાં બાધક બનતા નથી. બિઝનેસ ખોટ માં ગયો તો એને સરકાર અને બેંકો મદદ કરે છે પણ સામન્ય મધ્યમ વર્ગીય એ બિઝનેસ માટે લીધેલ નાની એમાઉન્ટ ની લોન ની ભરપાઈ માટે બેંક વાળા એની પાછળ પડી જતા હોય છે.

પ્રગતિશીલ દેશો રશિયા,અમેરિકા,જાપાન,ચાઈના ના ઝડપી વિકાસ પાછળ ત્યાંની ટેક્ષ પદ્ધતિ અમીર ગરીબ નથી.આ પ્રગતિશીલ દેશો માં સરકારે નિશ્ચિત કરેલ ટેક્સ બધાના માટે ફરજિયાત છે ને ત્યાંની જનતા ટેક્સ ભરે પણ છે. કોઈપણ દેશ આર્થિક અને વ્યવસાયિક ક્ષેત્રે પ્રગતિ ત્યારે જ કરી શકે જ્યારે ટેક્સ નું માળખું તંદુરસ્તી થી સુવ્યવસ્થિત ઢબે ચાલતું હોય.દરેક દેશની પ્રગતિ અને વિકાસ માં પબ્લિક ના ટેક્ષ નો અમૂલ્ય ફાળો હોય છે. આના કારણે જ જે તે દેશ આર્થિક,સામાજિક, વ્યવસાયિક અને વિકાસ ના કાર્યો ને ઝડપી બનાવી શકે છે.અફસોસ તો એ છે કે ભારત માં ટેક્સ ભરનાર ની સંખ્યા ઓછી છે ને ડાયરેક્ટ ઈન ડાયરેક્ટ ટેક્સ ની કુલ રકમ માંથી અમુક ભાગ નેતાઓની તિજોરીમાં અને અબજોપતિઓની દેવળીયા લોન પર વધારે ખર્ચાઈ છે.

'સલમાનથી શ્રેષ્ઠ કોઇ 'પ્રેમ' નથી'

'થે પ્રેમ મોલ લિયા'માં 'પ્રેમ' બનવા પર આયુષ્માનનો ખુલાસો; સૂરજ બડજાત્યાએ બંને સ્ટાર્સ વચ્ચેની સમાનતા જણાવી

(એજન્સી) મુંબઈ | તા.19

ડિરેક્ટર સૂરજ બડજાત્યાની આગામી ફેમિલી એન્ટરટેનર ફિલ્મ 'થે પ્રેમ મોલ લિયા'નું ટ્રેલર બુધવારે મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું. આ પ્રસંગે ફિલ્મની કાસ્ટના લગભગ 20 કલાકારો હાજર રહ્યા હતા.

રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના પહેલીવાર સૂરજ બડજાત્યાના જાણીતા પાત્ર 'પ્રેમ' તરીકે જોવા મળશે. આ પહેલાં સૂરજ બડજાત્યાની ઘણી ફિલ્મોમાં આ પાત્ર સલમાન ખાન ભજવી ચૂક્યો છે.

ટ્રેલર લોન્ચ ઇવેન્ટમાં દિવ્ય ભાસ્કરના પ્રશ્નના જવાબમાં ડિરેક્ટર સૂરજ બડજાત્યાએ જણાવ્યું કે, તેમણે આ પાત્ર માટે આયુષ્માનને જ શા માટે પસંદ કર્યો. તેમને પૂછવામાં આવ્યું કે, 'સલમાને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, અસલી પ્રેમ સૂરજ બડજાત્યા છે અને તેમની ફિલ્મોના પાત્રોમાં તેમનો પોતાનો અંશ હોય છે. આવી સ્થિતિમાં તમે આયુષ્માનમાં કયા ગુણો જોયા? સલમાન અને આયુષ્માનમાં શું સમાનતાઓ છે?'

આ અંગે સૂરજે કહ્યું, 'જ્યારે પહેલી વાર આ વાર્તા મારી પાસે આવી, ત્યારે મારા મનમાં માત્ર આયુષ્માનનું નામ આવ્યું. ફિલ્મમાં તેમનું પાત્ર પોતાના દૃષ્ટિકોણ અને નરમ અવાજમાં કેટલાક પ્રશ્નો ઉઠાવે છે. આયુષ્માનની ફિલ્મોગ્રાફી જુઓ અથવા તેમને વ્યક્તિગત રીતે ઓળખો, તેમના દરેક પ્રશ્ન પાછળ એક કારણ હોય છે. તેમનામાં સાદગી પણ છે. આ તેમની ફિલ્મોમાં જોવા મળે છે. પછી તે 'બાલા' હોય કે 'ડ્રીમ ગર્લ'.'

તેમણે આગળ કહ્યું, 'બંનેમાં સમાનતા એ છે કે હું તેમને પોતાની રીતે કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપું છું. પહેલા જ દિવસે મેં જોયું કે આયુષ્માને પ્રેમના પાત્રની શૈલી એટલી સારી રીતે પકડી લીધી હતી કે મેં તેમાં કોઈ ફેરફાર કર્યો નહીં. સલમાન ભાઈ સાથે પણ આવું જ થાય છે. હું તેમને મળવા જાઉં છું, વાર્તા સંભળાવું છું અને પછી તેઓ પોતાની શૈલીમાં દૃશ્ય ભજવે છે.'

ટ્રેલર લોન્ચ દરમિયાન આયુષ્માનને પૂછવામાં આવ્યું કે, 'સૂરજ બડજાત્યાની ફિલ્મોમાં તમારો સૌથી પ્રિય 'પ્રેમ' કોણ રહ્યો છે?' આ અંગે તેમણે કહ્યું, 'આ કેવો પ્રશ્ન છે? સલમાન ભાઈથી વધુ સારો પ્રેમ કોઈ હોઈ જ ન શકે. તેઓ જ અસલી પ્રેમ છે. આપણે સૌ તેમને પ્રેમના રૂપમાં પોતાના આદર્શ માનીએ છીએ. તેમનું લોન્ચિંગ જ પ્રેમથી થયું છે.'


આયુષ્માને કહ્યું કે, 'પ્રેમનું પાત્ર ભજવવું મોટી જવાબદારી છે. પ્રેમ એવો માણસ છે, જે સંવેદનશીલ છે, બીજાઓની કાળજી રાખે છે અને સંબંધોને સમજે છે.' તેમણે કહ્યું, 'આ દુનિયા એક પ્રેમ ઇચ્છે છે અને અમે એ જ લઈને આવી રહ્યા છીએ.'

આયુષ્માનના જવાબ બાદ સૂરજ બડજાત્યાએ કહ્યું કે, 'આયુષ્માને પ્રેમને પોતાની રીતે ભજવ્યો છે. તેમનું પાત્ર અગાઉના પ્રેમનાં પાત્રોથી અલગ છે.'

સૂરજ બડજાત્યાની ફિલ્મોમાં 'પ્રેમ'નું પાત્ર

- સૂરજ બડજાત્યાએ ડિરેક્ટર તરીકે બનાવેલી 6 ફિલ્મોમાં સલમાન ખાન, ઋતિક રોશન, અભિષેક બચ્ચન અને શાહિદ કપૂર જેવા કલાકારોને પ્રેમના પાત્રમાં દર્શાવવામાં આવ્યા હતા. સલમાને સૌથી વધુ 4 ફિલ્મોમાં પ્રેમની ભૂમિકા ભજવી હતી.
- 1989માં રિલીઝ થયેલી ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'માં સલમાન પહેલીવાર 'પ્રેમ' બન્યો હતો. ત્યારબાદ તેણે 'હમ આપકે હૈં કૌન' (1994), 'હમ સાથ-સાથ હૈં' (1999) અને 'પ્રેમ રતન ધન પાયો' (2015)માં પણ આ જ પાત્ર ભજવ્યું હતું.
- વળી, 2003ની ફિલ્મ 'મૈં પ્રેમ કી દીવાની હૂં'માં ઋતિક રોશન અને અભિષેક બચ્ચન, બંનેના પાત્રનું નામ પ્રેમ હતું. 2006માં રિલીઝ થયેલી 'વિવાહ'માં શાહિદ કપૂરે પ્રેમની ભૂમિકા ભજવી હતી.
- હવે 2026માં રિલીઝ થનારી ફિલ્મ 'થે પ્રેમ મોલ લિયા'માં આયુષ્માન ખુરાના આ પાત્ર ભજવી રહ્યો છે. સૂરજ બડજાત્યાના પરિવારના પ્રોડક્શન હાઉસ રાજશ્રી ફિલ્મ્સની ફિલ્મોમાં પ્રેમ પાત્રની શરૂઆત 1977ની ફિલ્મ 'દુલ્હન વહી જો પિયા મન ભાયે'થી થઇ હતી. તેમાં એક્ટર પ્રેમ કૃષ્ણએ આ ફિલ્મનું કર્યું ન હતું.
- ત્યાં જ, રાજશ્રી પ્રોડક્શન્સની ફિલ્મ 'એક વિવાહ... ઐસા ભી' (2008)માં સોનુ સૂદે પણ પ્રેમનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મની વાર્તા સૂરજ બડજાત્યાએ લખી હતી, જ્યારે તેનું ડિરેક્શન કૌશિક ઘટકે કર્યું હતું.
- સૂરજ બડજાત્યાએ કહ્યું- 'ધુરંધર શાનદાર ફિલ્મ છે, દર્શકોને ફેમિલી ફિલ્મ પણ જોઇએ'.





'રામાયણ'એ આખરે 'ધુરંધર-2'નો રેકોર્ડ તોડ્યો

(એજન્સી) મુંબઈ | તા.19

રણબીર કપૂર અને યશ સ્ટારર ફિલ્મ 'રામાયણ' સૌથી ઝડપથી 1,500 કરોડની કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ છે. તેનું વિશ્વવ્યાપી ગ્રોસ કલેક્શન રિલીઝના 14 દિવસમાં 1,519.05 કરોડે પહોંચી ગયું છે.

આ પહેલાં આ રેકોર્ડ 'ધુરંધર 2'ના નામે હતો. રણવીર સિંહની આ ફિલ્મે 16 દિવસમાં 1,500 કરોડનો આંકડો પાર કર્યો હતો.

સેકનિલ્ક અનુસાર, ફિલ્મ રામાયણનું ભારતમાં ગ્રોસ કલેક્શન 1,009.05 કરોડ થઈ ગયું છે. હવે તે સ્થાનિક બોક્સ ઑફિસ પર 1,000 કરોડની કમાણી કરનારી છઠ્ઠી ભારતીય અને ત્રીજી હિન્દી ફિલ્મ બની ગઈ છે.

આ પહેલાં 'ધુરંધર' અને 'ધુરંધર 2' આ સિદ્ધિ હાંસલ કરી ચૂકી છે. જ્યારે, ભારતીય ફિલ્મોના આ ક્લબમાં 'બાહુબલી 2', 'KGF 2' અને 'પુષ્પા 2' પણ સામેલ છે. આ સિદ્ધિ સાથે યશની બે ફિલ્મો 'KGF 2' અને 'રામાયણ' ભારતમાં 1,000 કરોડનો આંકડો પાર કરનારી ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે.

'રામાયણ'એ 14મા દિવસે ભારતમાં 23.20 કરોડની નેટ કમાણી કરી. ફિલ્મનું ભારતમાં અત્યાર સુધીનું નેટ કલેક્શન 844.40 કરોડ થયું છે. તેમજ, વિદેશમાંથી 510 કરોડની કમાણી થઈ છે.

ફિલ્મની અત્યાર સુધીની ભારતીય નેટ કમાણીમાં હિન્દી ભાષાનો હિસ્સો 643.50 કરોડ છે. આ કુલ નેટ કમાણીના આશરે 76.2% છે. કન્નડમાંથી 68.75 કરોડ, તેલુગુમાંથી 53.70 કરોડ, તમિલમાંથી 39.65 કરોડ અને મલયાલમમાંથી 38.80 કરોડની કમાણી થઈ છે. 'રામાયણ' પહેલેથી જ વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મોની યાદીમાં પાંચમા સ્થાને છે. સૌથી વધુ કમાણીના મામલે ફિલ્મ હાલમાં 'દંગલ', 'ધુરંધર 2', 'બાહુબલી 2' અને 'પુષ્પા 2'થી પાછળ છે.

ગ્રોસ અને નેટ કલેક્શન વચ્ચે શું તફાવત છે?

- વર્લ્ડવાઈડ ગ્રોસ: ભારત અને વિદેશમાં થયેલી કુલ કમાણી.
- ગ્રોસ કલેક્શન: ટેક્સ સહિત ટિકિટોના કુલ વેચાણની રકમ.
- નેટ કલેક્શન: ટિકિટોના વેચાણથી મળતી રકમમાંથી જીએસટી બાદ કર્યા પછીની કમાણી.

દિલધડક ટનલ રેસ્ક્યૂ પર બનશે વેબ સિરીઝ

તબ્બુ લીડ રોલ ભજવશે, 41 શ્રમિકો 17 દિવસ સુધી ટનલમાં ફસાયા હતા; આમિર પણ બનાવી રહ્યો છે ફિલ્મ

(એજન્સી) મુંબઈ | તા.19

ઉત્તરાખંડના સિલક્યારા ટનલ રેસ્ક્યૂ ઓપરેશનની વાર્તા હવે વેબ સિરીઝના માધ્યમથી દર્શકો સુધી પહોંચશે. YRF (યશ ચોપડા) એન્ટરટેઇનમેન્ટની નેટફ્લિક્સ સિરીઝ 'ટનલ મેન'માં બોલિવૂડ એક્ટ્રેસ તબ્બુ લીડ રોલમાં જોવા મળશે. આ પહેલીવાર હશે, જ્યારે તબ્બુ કોઈ હિન્દી ઓરિજિનલ સ્ટ્રીમિંગ સિરીઝમાં કામ કરશે. 'ટનલ મેન' નેટફ્લિક્સ પર સ્ટ્રીમ કરવામાં આવશે.

આ સિરીઝ 2023માં ઉત્તરકાશીની સિલક્યારા-બડકોટ ટનલમાં થયેલા રેસ્ક્યૂ ઓપરેશનની ઘટનાઓ અને તેનાથી જોડાયેલી માનવીય ભાવનાઓથી પ્રેરિત એક કાલ્પનિક ડ્રામા હશે. નવેમ્બર 2023માં સિલક્યારા ટનલનો એક ભાગ ધરાશાયી થતાં 41 મજૂરો અંદર ફસાઈ ગયા હતા. તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે 17 દિવસ સુધી પડકારજનક રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

દેશ-વિદેશની એજન્સીઓ અને નિષ્ણાતોની મદદથી તમામ મજૂરોને બહાર કાઢવામાં આવ્યા હતા. 'ટનલ મેન'માં આ અભિયાન દરમિયાન જોવા મળેલી ધીરજ, ટીમવર્ક, હિંમત અને આશાની કહાનીને પડદા પર રજૂ કરવામાં આવશે.

તબ્બુએ ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં હિન્દી ઉપરાંત પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ફિલ્મોમાં પણ કામ કર્યું છે. 'માચિસ' અને 'ચાંદની બાર'માં એક્ટિંગ માટે તેને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો મળ્યા. જ્યારે 'મકબૂલ', 'હૈદર' અને 'અંધાધુન' જેવી ફિલ્મોમાં તેના અભિનયની પ્રશંસા થઈ. તે મીરા નાયરની ફિલ્મ 'ધ નેમસેક', આંગ લીની 'લાઈફ ઑફ પાઈ' અને સીરિઝ 'મ્રૂન: પ્રોફેસી'માં પણ જોવા મળી ચૂકી છે.

'ધ રેલવે મેન'નું ડિરેક્શન કરી ચૂકેલા શિવ રવૈલ 'ટનલ મેન'ના શૉરનર તરીકે પરત ફરી રહ્યા છે. આ સીરિઝ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. વાયઆરએફ એન્ટરટેઇનમેન્ટના સીઈઓ અક્ષય વિધાનીના નેતૃત્વ હેઠળ હેડ ઑફ કન્ટેન્ટ બનેલા સૌગતા મુખર્જીનો આ પહેલો પ્રોજેક્ટ છે. મુખર્જી અગાઉ 'સ્કેમ 1992', 'મહારાણી', 'તબ્બર' અને 'રૉકેટ બૉયઝ' જેવી ચર્ચિત સીરિઝ સાથે જોડાયેલા રહ્યા છે.



100 વર્ષ જૂના કૃષ્ણ ભજને ગ્રેમીમાં ડંકો વગાડ્યો...

તમિલ ગીત 'વરુવાઈ' નોમિનેટેડ, ₹18.70 લાખની માર્કેટિંગ કરવાને બદલે સોશિયલ મીડિયા પર જ પ્રમોટ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.19

ચેન્નઈના કમ્પોઝર-સિંગર દેવન એકમ્બરમ અને સિંગર સુશાના તમિલ ગીત 'વરુવાઈ'ને ગ્રેમી નૉમિનેશન મળ્યું છે. 69માં ગ્રેમી અવૉર્ડ્સ 2027ની નૉમિનેશન યાદીમાં 'વરુવાઈ'ને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ' કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યું છે.

ગ્રેમીના ઈતિહાસમાં નૉમિનેટ થનારું આ પહેલું તમિલ ગીત છે. સાથે જ, 2027ના ગ્રેમી અવૉર્ડ્સમાં આ ભારતની એકમાત્ર સત્તાવાર એન્ટ્રી પણ છે. મહાકવિ સુબ્રમણ્યમ ભારતીની 100 વર્ષ જૂની કવિતા પર આધારિત આ ગીતને કોઈ રેકોર્ડ લેબલ વિના રિલીઝ કરવામાં આવ્યું હતું.

આશરે ત્રણ દાયકાથી સંગીતની દુનિયામાં સક્રિય ભારતીય-અમેરિકન કમ્પોઝર અને પ્લેબેક સિંગર દેવન એકંબરમે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા પોતાની ખુશી વ્યક્ત કરી. તેમણે લખ્યું કે, આ માત્ર તેમના અને સુશા માટે જ નહીં, પરંતુ તમિલ સંગીત અને મહાકવિ ભારતીની રચના માટે પણ ગર્વની ક્ષણ છે.

મીડિયા સાથેની વાતચીતમાં દેવને જણાવ્યું કે, આ કેટેગરીમાં 526 એન્ટ્રીઝ વચ્ચે અનેક મોટા નામો સામેલ હતા, તેથી તેમને માત્ર 50 ટકા આશા હતી. દેવનના જણાવ્યા મુજબ, તેમને કહેવામાં આવ્યું હતું કે ગ્રેમી નૉમિનેશન માટે માર્કેટિંગ પર ઓછામાં ઓછા 20,000 ડૉલર (લગભગ 18.70 લાખ રૂપિયા) ખર્ચવા પડશે, પરંતુ તેમણે કોઈ પેઇડ કૅમ્પેન ચલાવ્યું નહીં અને સંપૂર્ણ પ્રમોશન માત્ર ઈન્સ્ટાગ્રામ દ્વારા કર્યું. આ સિદ્ધિને લૉટરીની ટિકિટ જીતવા જેવી ગણાવતા તેમણે કહ્યું કે હવે તેઓ જીવનભર માટે ગ્રેમી નૉમિની બની ગયા છે અને આ સન્માન તેમનાથી કોઈ છીનવી શકશે નહીં.

ગ્રેમી સુધી પહોંચેલા 'વરુવાઈ' ગીતની પૃષ્ઠભૂમિ ખાસ છે. આ ગીતના શબ્દો તમિલ મહાકવિ સુબ્રમણ્યમ ભારતી એટલે કે ભારથિયારે લગભગ 100 વર્ષ પહેલાં બ્રિટિશ હુકૂમતના સમયમાં લખ્યા હતા. તેમણે તેને ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત ભજન તરીકે રચ્યું હતું.

સૈફ અલી ખાનને મળી ધમકી

(એજન્સી) મુંબઈ | તા.19

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનને ધમકી મળી હોવાના અહેવાલ મુંબઈમાં સામે આવ્યા છે. મુંબઈ પોલીસના સૂત્રો અનુસાર, બાબા સિદ્દીકી હત્યાકાંડના વોન્ટેડ આરોપી જીશાન અખ્તરનું નામ આ ધમકી પાછળ હોવાની આશંકા છે. પોલીસે સમગ્ર મામલે તપાસ તેજ કરી છે. અગાઉ સલમાન ખાન, તુષાર કપૂર અને આયુષ્માન ખુરાના જેવા કલાકારોને પણ ધમકીઓ મળી હતી. પોલીસ ધમકી પાછળ AI કે કોઈ ગેંગનો હાથ છે તે દિશામાં તપાસ કરી રહી છે.

Saif Ali Khan Threat: બોલિવૂડના કલાકારોને ધમકી મળવાનો સિલસિલો અટકવાનું નામ લઈ રહ્યો નથી. સલમાન ખાન સહિત અનેક ફિલ્મી કલાકારો અગાઉ ધમકીઓનો સામનો કરી ચૂક્યા છે. હવે આ યાદીમાં બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનનું નામ પણ જોડાયું છે.

મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, સૈફને ધમકી મળી છે અને આ મામલે બાબા સિદ્દીકી હત્યાકાંડના વોન્ટેડ આરોપી જીશાન અખ્તરનું નામ બહાર આવી રહ્યું છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે જીશાન અખ્તરે સૈફ અલી ખાનને ધમકી આપી છે.

જો કે પોલીસ હાલ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ખરેખર જીશાન અખ્તરે જ ધમકી આપી છે કે પછી અન્ય કોઈ વ્યક્તિ તેના નામનો ઉપયોગ કરીને ડર ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. આ મામલે જીશાન અખ્તરનું નામ સામે આવ્યા બાદ મુંબઈ પોલીસની તપાસ વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. બાબા સિદ્દીકી હત્યાકાંડમાં વોન્ટેડ જીશાન અખ્તર અંગે પોલીસ પહેલેથી જ સતર્ક છે. હવે સૈફ અલી ખાનને મળેલી ધમકીમાં તેનું નામ સામે આવતા બોલિવૂડ અને પોલીસ વિભાગમાં હલચલ મચી ગઈ છે. જો કે હજુ સુધી ધમકી આપનાર વ્યક્તિની સત્તાવાર ઓળખની પુષ્ટિ થઈ નથી.

ગુરુ ફિલ્મમાં જ્હોન સાથે નિકિતા દત્તા



મુંબઈ : જ્હોન અબ્રાહમની સાયકોલોજિકલ થ્રીલર ફિલ્મ 'ગુરુ'માં નિકિતા દત્તાની હિરોઈન તરીકે એન્ટ્રી થઈ છે. રીભૂ દાસગુપ્તા નિર્દેશિત ફિલ્મ 'ગુરુ'નું સપ્ટેમ્બર થી શૂટિંગ શરૂ થઈ ગયું છે. રીભૂ દાસગુપ્તા આ પહેલીવાર જ્હોન અબ્રાહમ સાથે કામ કરી રહ્યા છે.

ફિલ્મમાં ડેનિશ પાન્ડોર, આરીફ ઝકરિયા તથા કિટ્ટુ ગિડવાણી સહિતના કલાકારો છે.

'ગુરુ' ફિલ્મમાં એક એવી વ્યક્તિની કથા કહેવામાં આવી છે જેની સ્મૃતિ અને વાસ્તવિકતા વચ્ચે મેળ ખાતો નથી. તેને પોતાની સમજણ સામે સવાલો થાય છે અને તેણે કોની પર વિશ્વાસ મુકવો તેવા સવાલો સતત તેને પજવે છે.

એક દૂજે કે વાસ્તે ટીવી સિરિયલથી જાણીતી બનેલી નિકિતા દત્તાએ 'ગોલ્ડ'માં અક્ષય કુમાર સાથે, 'કબીર સિંહ'માં શાહિદ કપૂર સાથે અને 'ધ બીગ બુલ'માં અભિષેક બચ્ચન સાથે કામ કર્યું છે. તાજેતરમાં તે 'જ્વેલ થીફ' નામની થ્રીલરમાં જયદીપ અહલાવત અને સારા અલી ખાન સાથે દેખાઈ હતી.

'નવાઝુદ્દીન સાથે કામ કરવું દુઃસ્વપ્ન સમાન'

દિયા મિર્ઝાની ક્રિપ્ટિક પોસ્ટ; ચિત્રાંગદાએ આરોપ લગાવ્યા, એક્સ સાથેનો ઇન્ટિમેટ સીન લખ્યો, જાણો એક્ટરના મોટા વિવાદો

(એજન્સી) મુંબઈ | તા.19

બોલિવૂડ એક્ટ્રેસ દિયા મિર્ઝાએ એક્ટર નવાઝુદ્દીન સિદ્દીકી સાથે કામ કરવાના અનુભવને કોઈ દુઃસ્વપ્ન (નાઇટમેર) જેવો ગણાવ્યો છે. દિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સીધા નવાઝુદ્દીનને ટૅગ કરીને લખ્યું, "વાત કરવાની તમીજ નથી, એટિટ્યૂડ અલગ જ સ્તરનો છે."

દિયાની આ પોસ્ટે સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે, કારણ કે તેણે પોતાના ગુસ્સા પાછળનું કોઈ નક્કર કારણ જણાવ્યું નથી. જોકે, આ પહેલી વાર નથી જ્યારે નવાઝુદ્દીન સિદ્દીકી પોતાના વર્તન, નિવેદનો અથવા અંગત જીવનને કારણે ચર્ચામાં આવ્યા હોય. 2017માં પોતાની આત્મકથા 'એન ઑર્ડિનરી લાઇફ' પરત ખેંચવાથી લઈને ચિત્રાંગદા સિંહે ફિલ્મ છોડી દેવા અને પત્ની આલિયા સાથેની કાનૂની લડાઈ સુધી, નવાઝુદ્દીનની કારકિર્દી સિદ્ધિઓની સાથે મોટા વિવાદોથી પણ ઘેરાયેલી રહી છે.

દિયા મિર્ઝાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર નવાઝુદ્દીન સિદ્દીકીના સત્તાવાર અકાઉન્ટને ટૅગ કરતાં લખ્યું, 'સાથે કામ કરવું દુઃસ્વપ્ન સમાન! તદ્દન વાંધાજનક પાત્ર!' દિયાની આ પોસ્ટના થોડા જ સમય બાદ નવાઝુદ્દીન સિદ્દીકીએ પણ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી.

આ તસવીરમાં એક ખાલી ખુરશી જોવા મળી રહી હતી અને તેના કૅપ્શનમાં લખ્યું હતું, 'એક ઓંકાર! નાનક દેવજી'. નવાઝની આ પ્રતિક્રિયાને દિયાની પોસ્ટના જવાબ તરીકે જોવામાં આવી રહી છે.

નવાઝુદ્દીન સિદ્દીકીની કારકિર્દીનો સૌથી મોટો અને ચર્ચિત વિવાદ ઑક્ટોબર 2017માં તેમની આત્મકથા 'એન ઑર્ડિનરી લાઇફ: એ મેમોયર'ના પ્રકાશન સાથે શરૂ થયો હતો. પત્રકાર ઋતુપર્ણા ચેટર્જી સાથે મળીને લખાયેલી અને પેંગ્વિન રેન્ડમ હાઉસ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં નવાઝે પોતાના સંઘર્ષના દિવસોની સાથેસાથે પોતાના પ્રેમસંબંધોની પણ અત્યંત અંગત અને અંતરંગ વિગતો છાપી હતી.

પુસ્તકના અંશો સામે આવતાં જ તેમાં ઉલ્લેખ કરાયેલી મહિલાઓએ નવાઝ પર ખોટું બોલવાના અને તેમની સંમતિ વિના અંગત વાતોને જાહેર કરવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ મામલે ભૂતપૂર્વ મિસ ઇન્ડિયા અને ફિલ્મ 'મિસ લવલી'માં નવાઝની કૉ-એક્ટ્રેસ રહેલી નિહારિકા સિંહે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી હતી. પુસ્તકમાં નવાઝે નિહારિકા સાથેના પોતાના સંબંધો અને અંતરંગ પળો વિશે વિગતવાર લખ્યું હતું.





ધૂરંધરોનો રેકોર્ડ તોડી બાંગ્લાદેશી વિકેટકીપરે ટેસ્ટમાં બનાવ્યો મહારેકોર્ડ

(એજન્સી) જોહાનિસબર્ગ । તા. 19

સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશ વચ્ચે જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશના વિકેટકીપર બેટ્સમેન લિટન દાસે એક અવિસ્મરણીય વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. લિટન દાસ ટેસ્ટ ક્રિકેટના 149 વર્ષના ઇતિહાસમાં એક જ ઇનિંગ્સમાં વિકેટ પાછળ 8 શિકાર કરનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર બની ગયો છે. મેચના ચોથા દિવસે (18 નવેમ્બર 2026) કગિસો રબાડાને સ્ટમ્પ આઉટ કરતાં જ લિટને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. અગાઉ એક ટેસ્ટ ઇનિંગ્સમાં 7 શિકાર કરવાનો સંયુક્ત રેકોર્ડ પાકિસ્તાનના વસીમ બારી, ઇંગ્લેન્ડના બોબ ટેલર, ન્યૂઝીલેન્ડના ઇયાન સ્મિથ તથા વેસ્ટ ઇન્ડિઝના રિડલી જેકોબ્સ અને જોશુઆ ડા સિલ્વા (2023)ના નામે હતો.

એબી ડી વિલિયર્સને પણ પાછળ છોડ્યો: સદી સાથે 8 શિકાર કરનાર પ્રથમ વિકેટકીપર

અનોખો ડબલ રેકોર્ડ: લિટન દાસ કોઈ ટેસ્ટ મેચમાં સદી ફટકારવાની સાથે-સાથે એક જ ઇનિંગ્સમાં વિકેટ પાછળ 8 શિકાર કરનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર પણ બની ગયો છે. તેણે પ્રથમ ઇનિંગ્સમાં 179 બોલમાં 14 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી શાનદાર 120 રન બનાવ્યા હતા. આ પહેલાં સાઉથ આફ્રિકાના ડેનિસ લિન્ડસે અને એબી ડી વિલિયર્સે જોહાનિસબર્ગમાં સદી ફટકારવાની સાથે એક ઇનિંગ્સમાં વિકેટ પાછળ 6 શિકાર કર્યા હતા.

મુશ્ફિકુર રહીમનો રેકોર્ડ તોડ્યો: લિટને આ મેચના ત્રીજા દિવસે 6 કેચ પકડ્યા હતા અને ચોથા દિવસે રયાન રિકેલ્ટન તથા રબાડાને સ્ટમ્પ આઉટ કરીને કુલ 8 શિકાર પૂરા કર્યા હતા. આ સાથે જ તે બાંગ્લાદેશ માટે ટેસ્ટમાં સૌથી વધુ શિકાર (154) કરનાર વિકેટકીપર બની ગયો છે, જેમાં તેણે મુશ્ફિકુર રહીમ(113 શિકાર)ને પાછળ છોડી દીધો છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચમાં પણ લિટન દાસે કુલ 9 શિકાર કરવા ઉપરાંત સદી અને અડધી સદી ફટકારીને 'પ્લેયર ઑફ ધ મેચ'નો એવોર્ડ જીત્યો હતો.

T20 ક્રિકેટમાં 400 વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બોલર બન્યો યુઝવેન્દ્ર ચહલ



(એજન્સી) ઇન્દોર । તા. 19

ભારતીય ક્રિકેટ ટીમના લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે T20 ક્રિકેટમાં ઇતિહાસ રચ્યો છે. ઇન્દોરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં હરિયાણા તરફથી રમતાં તમિલનાડુ સામે તેણે 400 વિકેટ પૂરી કરી. તે આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય બોલર બન્યો છે. મેચમાં ચહલે 16 રનમાં 3 વિકેટ ઝડપી, જેમાં અમિત સાત્વિક તેની 400મી વિકેટ હતી. લાંબા સમયથી ભારતીય ક્રિકેટ ટીમની બહાર ચાલી રહેલા અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે T20 ક્રિકેટમાં એક ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ચહલ T20 ક્રિકેટમાં 400 વિકેટ પૂરી કરનાર વિશ્વનો પ્રથમ ભારતીય બોલર બની ગયો છે. હરિયાણા તરફથી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી(SMAT) 2026-27માં રમતા તેણે તમિલનાડુ સામેની મેચમાં આ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી હતી.

ઇન્દોરમાં રચાયો ઇતિહાસ: 16 રનમાં ઝડપી 3 વિકેટ

બુધવારે(18 નવેમ્બર 2026) ઇન્દોરના ડેલી કૉલેજ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં ચહલે તમિલનાડુના અમિત સાત્વિકને 38 રનના અંગત સ્કોર પર ક્લીન બોલ્ડ કરીને પોતાના T20 કરિયરની 400મી વિકેટ પૂરી કરી હતી. ત્યારબાદ તેણે આર. સાઈ કિશોર અને મણિમારન સિદ્ધાર્થને પણ પેવેલિયનનો રસ્તો બતાવીને 4 ઓવરમાં માત્ર 16 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. આ ટૂર્નામેન્ટ શરૂ થતાં પહેલાં ચહલના નામે 396 વિકેટ હતી. પંજાબ સામે વિકેટ વિના રહ્યા બાદ સૌરાષ્ટ્ર સામે તેણે 3 વિકેટ લીધી હતી અને તમિલનાડુ સામે ઉતરતા સમયે તેને 400ના આંકડા સુધી પહોંચવા માત્ર 1 વિકેટની જરૂર હતી.

ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ મેચમાં શુભમન ગિલ માથા પર ખાસ ગેજેટ લગાવીને ઉતર્યો



(એજન્સી) વેલિંગ્ટન । તા. 19

વેલિંગ્ટનમાં ભારત-ન્યૂઝીલેન્ડ ટેસ્ટ મેચ દરમિયાન શુભમન ગિલના લમણા પર એક ખાસ ડિવાઇસ જોવા મળ્યું. આ 84,999ની કિંમતનું 'TEMPLE' નામનું હાઈટેક ફિટનેસ ટ્રેકર છે. Zomatoના કો-ફાઉન્ડર દીપિન્દર ગોયલે બનાવેલું આ ગેજેટ મગજમાં રક્ત પરિભ્રમણનું નિરીક્ષણ કરી સ્વાસ્થ્ય ડેટા આપે છે. કનપટી પર લગાવવાથી તે સચોટ બ્લડ ફ્લો, પલ્સ અને તણાવનું ટ્રેકિંગ કરે છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન ભારતીય કેપ્ટન શુભમન ગિલના લુકે સૌનું ધ્યાન ખેંચ્યું છે. ટોસ સમયે ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમ સાથે મેદાનમાં ઉતરેલા શુભમન ગિલના લમણા પર રાજમાના દાણા જેવું એક ખાસ ડિવાઇસ ચોંટાડેલું જોવા મળ્યું હતું.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલું આ ડિવાઇસ કોઈ નજરબટ્ટુ નહીં, પરંતુ 'TEMPLE' નામનું એક અત્યાધુનિક ફિટનેસ ટ્રેકર છે. આ હાઈટેક ગેજેટની કિંમત અંદાજે 84,999 છે.

ગુજરાતની સોનલબેન પટેલે રચ્યો ઇતિહાસ



(એજન્સી) થાઇલેન્ડ । તા. 19

થાઈલેન્ડમાં રમાયેલી પેરા ટેબલ ટેનિસ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સોનલબેન પટેલે બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું. આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં ભારતનો આ પ્રથમ મેડલ છે. ગુજરાતના વિરમગામના ચણોઠિયા ગામની પેરા ટેબલ ટેનિસ ખેલાડી સોનલબેન પટેલે આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ મેળવી છે. થાઈલેન્ડના પટાયામાં ચાલી રહેલી 2026 ITTF વર્લ્ડ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં તેમણે મહિલાઓની સિંગલ્સ ક્લાસ-3 સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે જ તેમણે આ સ્પર્ધામાં ભારત માટે પ્રથમ મેડલ જીતવાનો ઇતિહાસ રચ્યો છે. સોનલબેન પટેલે મહિલાઓની સિંગલ્સ ક્લાસ-3 સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં બ્રાઝિલની થાઇસ ફ્રાગા સેવેરોને સીધી ત્રણ ગેમમાં હરાવી હતી. તેમણે આ મુકાબલો 11-9, 11-4 અને 11-5ના સ્કોરથી જીતીને સેમિફાઇનલમાં જગ્યા બનાવી હતી. આ જીત સાથે જ સોનલબેનનો મેડલ નિશ્ચિત થઈ ગયો હતો, કારણ કે પેરા ટેબલ ટેનિસની આ સ્પર્ધામાં સેમિફાઇનલમાં પહોંચેલા ખેલાડીઓને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ મળે છે. જોકે, બુધવારે રમાયેલી સેમિફાઇનલમાં ઇટાલીની કાર્લોટા રાગાઝિની સામે સોનલબેનને 1-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. મુકાબલાનો સ્કોર 9-11, 11-6, 7-11 અને 5-11 રહ્યો હતો. આ હારને કારણે તેઓ ફાઇનલમાં પહોંચી શક્યાં નહીં, પરંતુ ભારત માટે ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળ રહ્યાં. સોનલબેને ક્વાર્ટર ફાઇનલ પહેલાં પણ શાનદાર રમત બતાવી હતી. પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં તેમણે દક્ષિણ કોરિયાની બે વખતની એશિયન ગેમ્સ મેડલ વિજેતા લી મી-ગ્યુને હરાવી હતી.

ચાર વર્ષ બાદ પીવી સિંધુનો ધમાકો

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ ફરી એકવાર પોતાની ક્ષમતા સાબિત કરી છે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલી નવી રેન્કિંગમાં સિંધુ એક સ્થાન ઉપર ચઢીને વિશ્વમાં પાંચમા ક્રમે પહોંચી ગઈ છે. ખાસ વાત એ છે કે ચાર વર્ષ બાદ તેણે ફરી ટોપ-5માં સ્થાન મેળવ્યું છે. નવેમ્બર 2022 પછી પહેલીવાર સિંધુ વિશ્વની ટોચની પાંચ મહિલા ખેલાડીઓમાં સામેલ થઈ છે. સિંધુની આ વાપસી પાછળ 2026ની સીઝનમાં કરેલું શાનદાર પ્રદર્શન છે. છેલ્લા 45 દિવસમાં તેણે રેન્કિંગમાં છ સ્થાનની છલાંગ લગાવી છે. અગાઉ તે 11મા ક્રમે હતી અને હવે પાંચમા સ્થાને પહોંચી ગઈ છે. નવી રેન્કિંગમાં સિંધુના 74,421 પોઇન્ટ છે. મહિલા સિંગલ્સમાં દક્ષિણ કોરિયાની એન સેઇયંગ પ્રથમ, જાપાનની અકાને યામાગુચી બીજા, ચીનની વાંગ ઝી યી ત્રીજા અને ચીનની ચેન યુ ફેઈ ચોથા ક્રમે છે. સિંધુ પાંચમા સ્થાને છે.2026માં સિંધુએ એક પછી એક મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું છે. જુલાઈમાં તેણે જાપાન ઓપન સુપર 750નો ખિતાબ જીત્યો હતો. ત્યારબાદ ઓક્ટોબરમાં ફ્રેન્ચ ઓપનની ફાઇનલ સુધી પહોંચી હતી.



GTA 6એ રિલીઝ પહેલાં જ રચ્યો ઇતિહાસ Metacritic પર મળ્યો 99નો સ્કોર



(એજન્સી) નવી દિલ્હી | તા.19

રૉકસ્ટારની નવી ગેમને સમીક્ષકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. GTA 6એ 100 સમીક્ષાઓના આધારે 99નો સ્કોર મેળવ્યો છે. ગેમિંગની દુનિયામાં વર્ષોથી જેની રાહ જોવાઈ રહી હતી તે GTA 6 હવે ચર્ચામાં છે. ગેમ રિલીઝ થાય તે પહેલાં જ તેના રિવ્યૂ સામે આવ્યા છે અને Metacritic પર તેને 100માંથી 99 સ્કોર મળ્યો છે. આ સ્કોર સાથે તેણે 1998માં આવેલી 'ધ લેજન્ડ ઑફ ઝેલ્ડા: ઓકારિના ઑફ ટાઇમ'ની બરાબરી કરી છે.

99નો સ્કોર મળતાં ગેમિંગ જગતમાં ચર્ચા

રૉકસ્ટાર ગેમ્સની GTA 6ને સમીક્ષકો તરફથી અત્યાર સુધીનો શાનદાર પ્રતિસાદ મળ્યો છે. Metacritic પર પ્લેસ્ટેશન 5 વર્ઝનને 100 સમીક્ષાઓના આધારે 99નો સ્કોર મળ્યો હતો. Xbox Series X વર્ઝનને પણ 99નો સ્કોર મળ્યો, જોકે તેના માટે સમીક્ષાઓની સંખ્યા ઓછી હતી. Metacriticએ બંને વર્ઝનને 'યુનિવર્સલ એક્લેમ'નું લેબલ આપ્યું છે. તેનો અર્થ એ છે કે અત્યાર સુધીની સમીક્ષાઓમાં ગેમને અત્યંત સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. જોકે આ સ્કોર બદલાઈ શકે છે, કારણ કે હજુ વધુ સમીક્ષાઓ ઉમેરાઈ રહી છે.

28 વર્ષ જૂના રેકોર્ડની બરાબરી

GTA 6નો 99નો સ્કોર ગેમિંગ ઇતિહાસમાં ખાસ છે. 1998માં આવેલી 'ધ લેજન્ડ ઑફ ઝેલ્ડા: ઓકારિના ઑફ ટાઇમ' પણ Metacritic પર 99ના સ્કોર સાથે ટોચના સ્થાને છે. GTA 6એ હાલ આ સ્કોરની બરાબરી કરી છે. રૉકસ્ટારની અગાઉની ગેમ્સમાં GTA 4નો સર્વોચ્ચ સ્કોર 98 રહ્યો હતો. જ્યારે GTA 5 અને રેડ ડેડ રિડેમ્પશન 2ને 97નો સ્કોર મળ્યો હતો. આ રીતે GTA 6એ પોતાની જ કંપનીની અગાઉની લોકપ્રિય ગેમ્સને પાછળ છોડી દીધી છે.

IGN અને GameSpot સહિતની ગેમિંગ વેબસાઇટ્સે આપ્યા પૂરા માર્ક્સ

GTA 6ને અનેક જાણીતી ગેમિંગ વેબસાઇટ્સે સંપૂર્ણ ગુણ આપ્યા છે. IGN, VGC, Forbes, GameSpot, Digital Spy, TechRadar અને ScreenRant જેવી વેબસાઇટ્સે તેને 10માંથી 10 રેટિંગ આપ્યું છે. બીજી તરફ Empire અને Eurogamer જેવી વેબસાઇટ્સે 5માંથી 5 સ્ટાર આપ્યા છે. સમીક્ષકો ખાસ કરીને ગેમની વિશાળ દુનિયા, ગ્રાફિક્સ, વાર્તા અને પાત્રોની રજૂઆતથી પ્રભાવિત થયા છે.

જેસન અને લુસિયાની કહાની બની આકર્ષણ

GTA 6ની વાર્તામાં જેસન ડુવાલ અને લુસિયા કામિનોસ મુખ્ય પાત્રો છે. સમીક્ષકોએ બંને વચ્ચેના સંબંધો અને તેમની વાર્તાની રજૂઆતને ખાસ વખાણી છે. ગેમની દુનિયા લિયોનિડા નામના કાલ્પનિક અમેરિકન રાજ્યમાં રચવામાં આવી છે. તેમાં વિશાળ ખુલ્લી દુનિયા, વિવિધ પ્રવૃત્તિઓ, વધુ જીવંત વાતાવરણ અને સુધારેલી ગેમપ્લે સિસ્ટમ જોવા મળે છે. GTA 6નું લોન્ચિંગ 19 નવેમ્બર 2026ના રોજ પ્લેસ્ટેશન 5 અને Xbox Series X|S માટે નક્કી કરવામાં આવ્યું છે. ન્યૂઝીલેન્ડમાં સ્થાનિક સમય પ્રમાણે ગેમ પહેલેથી રમવા માટે ઉપલબ્ધ થઈ ગઈ છે. હવે ખેલાડીઓના રિવ્યૂ અને ગેમના વેચાણના આંકડા પર સૌની નજર રહેશે.

2027ની ફિફા (FIFA) પ્રમુખપદની ચૂંટણી માટે ઇન્ફાન્ટિનો, ડિયાલો અને તાશિમાના નામો પ્રસ્તાવિત



(એજન્સી) મોરોક્કો । તા. 19

જિઆની ઇન્ફાન્ટિનો એ 2027ની ફિફા પ્રમુખપદની ચૂંટણી માટે પ્રસ્તાવિત ત્રણ ઉમેદવારોમાં સામેલ છે. આ ચૂંટણી 18 માર્ચે મોરોક્કોના રબાત શહેરમાં યોજાશે. ફિલિપ ડિયાલો, જિઆની ઇન્ફાન્ટિનો અને કોહઝો તાશિમાને ફિફા પ્રમુખપદની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. આ ચૂંટણી 18 માર્ચ, 2027ના રોજ મોરોક્કોના રબાત ખાતે યોજાનારી 77મી ફિફા કોંગ્રેસ દરમિયાન યોજાશે.ફિફાએ ગુરુવારે પુષ્ટિ કરી હતી કે, 29 એપ્રિલ, 2026ના રોજ ફિફા કાઉન્સિલ દ્વારા ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવ્યા બાદ, તેના જનરલ સચિવાલયને સભ્ય સંગઠનો તરફથી આ ત્રણ ઉમેદવારીઓ પ્રાપ્ત થઈ છે.આ નામો ફિફાની ચૂંટણી સમિતિને મોકલી આપવામાં આવ્યા છે. આ સમિતિ ઉમેદવારીઓની ચકાસણી કરશે અને 'ફિફા ગવર્નન્સ રેગ્યુલેશન્સ' (ફિફા શાસન નિયમો) અનુસાર ઉમેદવારોની સ્વીકૃતિ અંગે નિર્ણય લેશે.ફિફાએ જણાવ્યું છે કે, 'ફિફા સ્ટેચ્યુટ્સ' (ફિફાના નિયમનકારી કાયદાઓ) અને ચૂંટણી કાર્યક્રમ મુજબ, પ્રસ્તાવિત અને સ્વીકૃત ઉમેદવારોના નામો અંગે સભ્ય સંગઠનોને 18 ફેબ્રુઆરી, 2027 સુધીમાં જાણ કરવામાં આવશે.આ ચૂંટણી રબાત ખાતે યોજાનારી ફિફા કોંગ્રેસમાં થશે, જ્યાં આગામી કાર્યકાળ માટે ફિફાના નવા પ્રમુખની પસંદગી કરવામાં આવશે.

બાંગ્લાદેશમાં શેખ હસીનાની અવામી લીગે દેશવ્યાપી લોકડાઉનનું એલાન

હિંસા, બોમ્બ ધડાકા અને લોકડાઉન... શેખ હસીનાની વાપસી પહેલાં બાંગ્લાદેશમાં ભારે હોબાળો

(એજન્સી) બાંગ્લાદેશ । તા. 19

બાંગ્લાદેશમાં 2024ના વિરોધ પ્રદર્શનોના બે વર્ષ બાદ ફરી એકવાર રાજકીય તણાવ વધી રહ્યો છે. પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની પાર્ટી અવામી લીગે ગુરુવારે દેશભરમાં 'ડૉન-ટુ-ડસ્ક લોકડાઉન' એટલે કે સવારથી સાંજ સુધી બંધનું એલાન કર્યું છે. દેશમાં આગચંપી, તોડફોડ, પોલીસ સાથે અથડામણ અને ગારમેન્ટ કામદારોના આંદોલનને કારણે સ્થિતિ પહેલેથી જ તંગ છે. શેખ મુજીબુર રહેમાન દ્વારા સ્થાપિત અવામી લીગે 2009થી 2024 સુધી બાંગ્લાદેશમાં સરકાર ચલાવી હતી. જોકે, 2024માં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો બાદ હસીનાની સરકાર પડી ભાંગી હતી અને તેઓ ભારત આવી ગયા હતા.હસીનાની સરકારના પતન બાદ મુહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારે અવામી લીગની રાજકીય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. સાથે જ જુબો લીગ અને વિદ્યાર્થી લીગ જેવા સંગઠનો પર પણ પ્રતિબંધ લગાવ્યો હતો. હવે શેખ હસીનાના બાંગ્લાદેશ પરત ફરવાના અહેવાલો વચ્ચે દેશમાં ફરી તણાવ વધી રહ્યો છે. હસીનાના સંભવિત પરત ફરતા પહેલાં અવામી લીગના કાર્યકરો રસ્તા પર ઉતરી રહ્યા છે.



અનેક જિલ્લાઓમાં આગચંપી, બોમ્બ ધડાકા, પોલીસ સાથે અથડામણ અને કામદારોના આંદોલનથી સ્થિતિ તંગ

અવામી લીગની માંગણીઓ : પાર્ટીએ 14થી 19 નવેમ્બર સુધી પાંચ દિવસના વિરોધ કાર્યક્રમ અંતર્ગત ગુરુવારે લોકડાઉનનું એલાન કર્યું છે. પાર્ટીના સત્તાવાર ટેલિગ્રામ ચેનલ પર જાહેર કરાયેલા નિવેદનમાં આઠ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. - અવામી લીગ પર લગાવેલો પ્રતિબંધ હટાવવામાં આવે. - ઇન્ટરનેશનલ ક્રાઇમ્સ ટ્રિબ્યુનલ નાબૂદ કરવામાં આવે.- કથિત બનાવટી ચુકાદા અને ખોટા કેસો પાછા ખેંચવામાં આવે. - રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવે. - જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવામાં આવે.- બંધ પડેલા ઔદ્યોગિક એકમો ફરી શરૂ કરવામાં આવે. અવામી લીગે 14 નવેમ્બરે પત્રિકાઓ વહેંચીને અને દિવાલો પર લખાણ કરીને વિરોધ અભિયાન શરૂ કર્યું હતું. 15 નવેમ્બરે રેલીઓ કાઢવામાં આવી, 16 નવેમ્બરે આવેદનપત્રો આપવામાં આવ્યાં અને 17 નવેમ્બરે એક વર્ષ પહેલાં શેખ હસીનાને ફટકારવામાં આવેલી ફાંસીની સજાના વિરોધમાં 'બ્લેક ડે' મનાવવામાં આવ્યો હતો.ગુરુવારના બંધ દરમિયાન પરિવહન, દુકાનો, ઉદ્યોગો, સરકારી કચેરીઓ, બેંકો, અદાલતો અને શાળાઓ-કોલેજો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. જોકે, એમ્બ્યુલન્સ, હોસ્પિટલો, દવાખાનાં, ફાયર બ્રિગેડ અને મીડિયા સેવાઓને છૂટ આપવામાં આવી છે.

હસીનાના ગઢ ગોપાલગંજમાં ભારે હોબાળો

અવામી લીગની સૌથી વધુ સક્રિયતા શેખ હસીનાના જન્મસ્થળ તુંગીપારા આવેલા ગોપાલગંજ જિલ્લામાં જોવા મળી રહી છે. રવિવારે કાર્યકરોએ રસ્તા પર શક્તિપ્રદર્શન કર્યું હતું. લાકડીઓ અને ધારદાર હથિયારોથી સજ્જ ભીડે પોલીસના બેરિકેડ તોડી નાખ્યા હતા. બખ્તરબંધ વાહનો અને પોલીસ બૂથમાં તોડફોડ કરી હતી. શેખ કમલ સ્ટેડિયમ પાસે આવેલા જુલાઈ મેમોરિયલને આગ ચાંપી દેવામાં આવી હતી. ઓગસ્ટ 2024થી બંધ પડેલી જિલ્લા અવામી લીગની કચેરી પણ ફરી ખોલવામાં આવી હતી.

પોલીસ સ્ટેશનમાં આગચંપી, કેદીઓને છોડાવ્યા અને હથિયારોની લૂંટ

મંગળવારે સાંજે તુંગીપારામાં અવામી લીગ અને વિદ્યાર્થી લીગના કાર્યકરોની ધરપકડ બાદ હિંસા ફાટી નીકળી હતી. મસ્જિદના લાઉડસ્પીકર પરથી જાહેરાત થયા બાદ ભીડ તુંગીપારા પોલીસ સ્ટેશનની બહાર એકઠી થઈ હતી. આરોપ છે કે પ્રદર્શનકારીઓએ પોલીસ સ્ટેશન પર હુમલો કરીને તોડફોડ કરી હતી. ઈમારત અને વાહનોને આગ ચાંપી હતી, અનેક કેદીઓને છોડાવ્યા હતા અને હથિયારો પણ લૂંટી લીધાં હતાં.ગોપાલગંજ-3ના BNP સાંસદ એસ.એમ. ાનીના ઘરને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. હુમલાના વીડિયો ફેસબુક પર સામે આવ્યા હતા, જેમાં 'જય બાંગ્લા'ના નારા સંભળાતા હતા. પોલીસ સ્ટેશનમાં નવ પોલીસ વાહનો અને 15 મોટરસાઇકલ સળગી ગઈ હતી.બુધવારે ગોપાલગંજ-તુંગીપારા રોડ પર દાતરડાં અને કુહાડીઓ સાથે પ્રદર્શન કરવામાં આવ્યું હતું. છ સ્થળોએ વૃક્ષો અને વાંસ નાખીને રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા.

દરેક સુંદર ચાઇનીઝ સ્ત્રી જાસૂસ ન હોઇ શકે



જેન્સન હુઆંગના પ્રેમપ્રકરણમાં હવે ટ્રમ્પની એન્ટ્રી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે Nvidiaના પૂર્વ CEO જેન્સન હુઆંગ અને ચીનની મહિલા એલિસ હુઆંગ વચ્ચેના પ્રેમસંબંધો તથા મહિલા પર જાસૂસીના આરોપોને લઈને પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે કહ્યું કે ચીનથી આવતી સુંદર મહિલાઓને ઘણીવાર જાસૂસ ગણવામાં આવે છે. જોકે, એલિસ જાસૂસ નહીં, પરંતુ ચિપ્સનો વેપાર કરતી એક મહિલા છે. Nvidiaના પૂર્વ CEO જેન્સન હુઆંગ અને ચીનની મહિલા એલિસ હુઆંગ વચ્ચેના પ્રેમસંબંધો તથા એલિસ જાસૂસ હોવાના દાવા અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, એલિસ હુઆંગ જાસૂસ હોવાના દાવા ખોટા છે અને તે માત્ર ચિપ્સનો વેપાર કરતી એક મહિલા છે.

(એજન્સી) અમેરિકા । તા. 19

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે Nvidiaના પૂર્વ CEO જેન્સન હુઆંગનું જેની સાથે અફેર હતું તે એલિસ હુઆંગના બચાવમાં મોટું નિવેદન આપતા, તેની જાસૂસ હોવાની વાતને ફગાવી દીધી હતી.

એલિસ હુઆંગ અંગે શું બોલ્યા ટ્રમ્પ?

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું જેન્સન હુઆંગ અને એલિસ હુઆંગ વચ્ચેના પ્રેમસંબંધો રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમરૂપ હતા, ત્યારે તેમણે કહ્યું, 'મેં આવું કંઈ સાંભળ્યું નથી. મેં એવું પણ સાંભળ્યું નથી કે તે જાસૂસ હતી. તે એક મહિલા હતી. તે સુંદર મહિલા હતી અને ચીનથી આવતી કોઈપણ સુંદર મહિલાને લોકો જાસૂસ માની લે છે. મેં એવું સાંભળ્યું નથી કે તે જાસૂસ હતી. તે એક મહિલા વેપારી હતી, જે ચિપ્સ ખરીદતી હતી.'

ભૂતપૂર્વ મંત્રી નુરુલ ઇસ્લામ નાહિદ અને અભિનેત્રી જ્યોતિકા જ્યોતિની ધરપકડ

ઢાકા | પોલીસે ગુરુવારે સવારે ઢાકાના ઉત્તરા વિસ્તારમાંથી ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન નુરુલ ઇસ્લામ નાહિદની ધરપકડ કરી હતી. તેઓ આવામી લીગની સલાહકાર પરિષદના સભ્ય અને સિલહટ-6ના ભૂતપૂર્વ સાંસદ છે. 2008માં આવામી લીગ સરકાર સત્તામાં આવ્યા પછી તેમણે સતત 10 વર્ષ સુધી શિક્ષણ પ્રધાન તરીકે સેવા આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર 2024ના વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હત્યાઓ સંબંધિત અનેક કેસ તેમની સામે નોંધાયેલા છે. પોલીસે અભિનેત્રી જ્યોતિકા જ્યોતિને ઉત્તરાના સેક્ટર 18 સ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી. પોલીસે હજુ સુધી તે ચોક્કસ કેસનો ખુલાસો કર્યો નથી. જેમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. જ્યોતિનું નામ 'આલો અશ્બેઈ' નામના વોટ્સએપ ગ્રુપમાં પણ દેખાયું હતું. જેમાં આવામી લીગને ટેકો આપતા કલાકારો, પત્રકારો અને સાંસ્કૃતિક હસ્તીઓનો સમાવેશ થતો હતો.

એક અભ્યાસ મુજબ, 2070 સુધીમાં ખ્રિસ્તી વસ્તીની દ્રષ્ટિએ

એક નાનો આફ્રિકન દેશ ખ્રિસ્તી વસ્તીની દ્રષ્ટિએ અમેરિકાને પાછળ છોડી શકે છે

(એજન્સી) કોંગો । તા. 19

આવનારા દાયકાઓમાં વિશ્વના સૌથી વધુ ખ્રિસ્તી વસ્તી ધરાવતા દેશનું નામ બદલાઈ શકે છે. એક અભ્યાસ મુજબ, 2070 સુધીમાં ખ્રિસ્તી વસ્તીની દ્રષ્ટિએ એક નાનો આફ્રિકન દેશ અમેરિકાને પાછળ છોડી શકે છે. આગામી દાયકાઓમાં વૈશ્વિક ખ્રિસ્તી વસ્તીનું કેન્દ્ર બદલાવાનું છે. લાંબા સમયથી વિશ્વની સૌથી વધુ ખ્રિસ્તી વસ્તી ધરાવતા દેશોમાંનો એક માનવામાં આવતો અમેરિકા હવે આ સંદર્ભમાં ટોચનું સ્થાન ધરાવશે નહીં. આ કોઈ આગાહી નથી, પરંતુ તાજેતરનો અભ્યાસ છે. આ અભ્યાસમાં જણાવાયું છે કે 2070 સુધીમાં, એક નાનો આફ્રિકન દેશ ખ્રિસ્તી વસ્તીની દ્રષ્ટિએ અમેરિકાને પાછળ છોડી શકે છે. ખ્રિ અભ્યાસ મુજબ, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ખ્રિસ્તી વસ્તી 2070 સુધીમાં આશરે 299 મિલિયન સુધી પહોંચી શકે છે. આનાથી તે વિશ્વનો સૌથી વધુ ખ્રિસ્તી વસ્તી ધરાવતો દેશ બનશે. હાલમાં, યુનાઈટેડ સ્ટેટ્સ આ સંદર્ભમાં આગળ છે. અહેવાલ સૂચવે છે કે ખ્રિસ્તી વસ્તીનો મોટો ભાગ ધીમે ધીમે યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સથી સબ-સહારન આફ્રિકા તરફ સ્થળાંતર કરી રહ્યો છે. સ્તીઓ વિશ્વનું સૌથી મોટું ધાર્મિક જૂથ છે અને ભવિષ્યમાં તેમની વસ્તી અંગે એક નવો અભ્યાસ બહાર આવ્યો છે. અમેરિકન સંશોધન સંસ્થા, પ્યુ રિસર્ચ સેન્ટરના નવા અભ્યાસ મુજબ, 2070 સુધીમાં અમેરિકામાં ખ્રિસ્તીઓની સંખ્યા ઘટી શકે છે. અહેવાલ મુજબ, અમેરિકામાં ખ્રિસ્તીઓની સંખ્યા આશરે 174 મિલિયન સુધી પહોંચી જશે. જોકે, આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં પણ તેમની સંખ્યા વધવાનો અંદાજ છે. અહેવાલ મુજબ, 2020 માં યુનાઈટેડ સ્ટેટ્સમાં આશરે 217 મિલિયન ખ્રિસ્તીઓ રહેતા હતા. એવો અંદાજ છે કે 2070 સુધીમાં, આ સંખ્યા ઘટીને 174 મિલિયન થઈ જશે. આનો અર્થ એ છે કે આગામી 50 વર્ષોમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ખ્રિસ્તી વસ્તી આશરે 43 મિલિયન ઘટી શકે છે. આ ફેરફાર ફક્ત વસ્તી વૃદ્ધિને કારણે જ નહીં, પરંતુ વિશ્વના વિવિધ ભાગોમાં ખ્રિસ્તી સમુદાયની બદલાતી વસ્તી વિષયકતાને કારણે પણ છે.

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં બસ અને એલપીજી ટેન્કર વચ્ચે ભયાનક ટક્કર



(એજન્સી) બલૂચિસ્તાન । તા. 19

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં મકરાન કોસ્ટલ હાઈવે પર મુસાફરોથી ભરેલી બસ અને એલપીજી ગેસ ટેન્કર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો, જેમાં ૧૦ લોકોના મોત થયા અને ૨૭ લોકો ઘાયલ થયા. અહેવાલો અનુસાર, ટક્કર થતાંની સાથે જ બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી, જેના કારણે બસમાં સવાર ઘણા મુસાફરો અંદર જ ફસાઈ ગયા હતા. 'ડૉન' અખબારના અહેવાલ મુજબ, આ અકસ્માત ગુરુવારે સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે ગ્વાદર જિલ્લાના ઓરમારા વિસ્તારમાં, બસોલ નજીક કોસ્ટલ હાઈવે પર આવેલા પોલીસ ચેકપોઈન્ટ પાસે થયો હતો. તુર્બતથી કરાચી જઈ રહેલી એક ખાનગી પેસેન્જર બસ, કરાચીથી ઈરાન-ગાબ્દ સરહદ તરફ જઈ રહેલા એલપીજી ગેસ ટેન્કર સાથે સામસામે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોમાં તરત જ આગ લાગી ગઈ. બસમાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦થી વધુ મુસાફરો સવાર હતા; જેમાંથી ઘણા લોકો ભીષણ આગમાં ફસાઈ ગયા હતા. ઓરમારાના ડીએસપી નબી બક્ષ રુંઝાના જણાવ્યા અનુસાર, તમામ ૧૦ પીડિતો ગંભીર રીતે દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા; મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. આઠ મૃતદેહો પેસેન્જર બસમાંથી અને બે મૃતદેહો ગેસ ટેન્કરમાંથી મળી આવ્યા હતા.

કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાયો

પાકિસ્તાન આર્મી, પોલીસ અને ફાયર વિભાગની ટીમોએ આગ ઓલવવા અને બચાવ કામગીરી હાથ ધરવા માટે સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. આ અકસ્માતને કારણે હાઈવે પર વાહનવ્યવહાર કલાકો સુધી ગંભીર રીતે ખોરવાઈ ગયો હતો, જેના પરિણામે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ભૂતકાળમાં આવી દુઃખદ ઘટનાઓ ક્યારે બની છે? ઓગસ્ટ મહિનામાં પણ આવી જ એક ઘટનામાં, ગ્વાદર જિલ્લાના ઓરમારા વિસ્તારમાં કોસ્ટલ હાઈવે પર એક પૂરપાટ ઝડપે આવતું ગેસ ટેન્કર કાર સાથે અથડાયું હતું, જેના કારણે કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના છ સભ્યો બળીને મૃત્યુ પામ્યા હતા. માર્ચ મહિનામાં, કોસ્ટલ હાઈવે પર બે વાહનો વચ્ચે સામસામે ટક્કર થતાં એક બાળક સહિત સાત લોકોનાં મોત નીપજ્યાં હતાં અને અન્ય આઠ લોકો ઘાયલ થયા હતા. જાન્યુઆરીમાં, ઓરમારા નજીક કોસ્ટલ હાઈવે પર એક પેસેન્જર વાહન પલટી જતાં 10 લોકોનાં મોત થયાં હતાં અને 30થી વધુ લોકો ઘાયલ થયા હતા.

પેરુ દેશની સરકારે અલ નીનોના કારણે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના જોખમને ધ્યાનમાં રાખીને દેશમાં ઇંધણ પુરવઠા માટે કટોકટી જાહેર કરી

(એજન્સી) પેરુ । તા. 19

દક્ષિણ અમેરિકાના દેશ પેરુમાં પેટ્રોલ-ડીઝલ અને અન્ય ઈંધણનો પુરવઠો ખોરવાવાની આશંકા છે. તેનું કારણ અલ નીનોના પ્રભાવથી ખરાબ હવામાન અને ભારે વરસાદનું જોખમ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. સરકારને આશંકા છે કે પૂર, ભૂસ્ખલન અને અન્ય કુદરતી આફતોને કારણે ઈંધણના પુરવઠા સાથે જોડાયેલું માળખું પ્રભાવિત થઈ શકે છે. આ સ્થિતિનો સામનો કરવા માટે પેરુ સરકારે સમગ્ર દેશમાં ઈંધણ પુરવઠા માટે કટોકટી જાહેર કરી છે. પેરુના ઊર્જા અને ખાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણયનો હેતુ ખરાબ હવામાનની સંભવિત અસર પહેલાં જ જરૂરી વ્યવસ્થા કરવી છે, જેથી સમગ્ર દેશમાં ઈંધણનો પુરવઠો જળવાઈ રહે. આ કટોકટી હાઈડ્રોકાર્બનના સમગ્ર પુરવઠા તંત્ર પર લાગુ પડશે. તેમાં કાચા તેલ અને ગેસની પ્રક્રિયા, રિફાઇનિંગ, સંગ્રહ અને બજાર સુધી પહોંચાડવાની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે આ વ્યવસ્થાને નુકસાન થઈ શકે છે. તેના કારણે ઈંધણની હેરફેર, ઉત્પાદન અને વેપારની સાથે વીજળી જેવી જરૂરી સેવાઓ પણ પ્રભાવિત થઈ શકે છે. આ જ કારણ છે કે સરકારે સમય પહેલાં આ પગલું ભર્યું છે. આ સમગ્ર સ્થિતિ પર પેરુનું ઊર્જા અને ખનન રોકાણ દેખરેખ પ્રાધિકરણ નજર રાખશે. આ સંસ્થા પરિસ્થિતિનું નિરીક્ષણ કરશે અને જરૂરિયાત મુજબ પગલાં લેશે. સરકારી ગેઝેટ 'અલ પેરુઆનો'માં જાહેર કરાયેલા આદેશ મુજબ, આ નિર્ણય પ્રકાશિત થયાના બીજા દિવસથી અમલમાં આવશે અને 8 મહિના સુધી ચાલુ રહેશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેરુની કુલ ઊર્જા જરૂરિયાતોમાં હાઈડ્રોકાર્બનનો હિસ્સો આશરે 67% છે. તેમાં કાચું તેલ, કુદરતી ગેસ, પ્રવાહી ઈંધણ અને LPGનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં તેના પુરવઠામાં વિક્ષેપ સર્જાય તો દેશની સમગ્ર ઊર્જા વ્યવસ્થા પર અસર પડી શકે છે.

પ્રથમ અશ્વેત સ્પીકર બનવાની રેસમાં સૌથી આગળ હકીમ જેફ્રીસ

અમેરિકી સંસદમાં બદલાશે સત્તાનું સમીકરણ

(એજન્સી) અમેરિકા । તા. 19

હકીમ જેફ્રીસ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના પ્રથમ કાળા સ્પીકર બની શકે છે. ડેમોક્રેટિક પાર્ટીએ તેમને પોતાના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા છે. યુએસમાં ડેમોક્રેટિક પાર્ટીએ હકીમ જેફ્રીસને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર પદ માટે નામાંકિત કર્યા છે. જો તેઓ જાન્યુઆરી 2027માં ચૂંટણી જીતે છે. તો તેઓ આ પદ સંભાળનારા અમેરિકન ઇતિહાસમાં પ્રથમ કાળા નેતા બનશે. 56 વર્ષીય જેફ્રીસ ન્યૂ યોર્કના રહેવાસી છે. પાર્ટીમાં યોજાયેલી ગુપ્ત મતદાનમાં, તેમને 251 મત મળ્યા, જ્યારે 11 સભ્યોએ તેમની વિરુદ્ધ મતદાન કર્યું હતુ. પાર્ટીમાં કોઈએ જેફ્રીસ સામે સત્તાવાર રીતે પોતાની ઉમેદવારી રજૂ કરી ન હતી. જોકે, કેટલાક નવા અને પ્રગતિશીલ કાયદા નિર્માતાઓએ તેમના નામાંકનનો વિરોધ કર્યો હતો. હકીમ જેફ્રીસનો જન્મ ક્રાઉન હાઇટ્સ, બ્રુકલિન, ન્યૂ યોર્કમાં એક શ્રમજીવી પરિવારમાં થયો હતો. રાજકારણમાં પ્રવેશતા પહેલા, તેમણે વકીલ તરીકે કામ કર્યું હતું.



જાન્યુઆરીમાં સ્પીકરની ચૂંટણીઓ યોજાશે

ડેમોક્રેટિક પાર્ટીએ જેફ્રીસને તેના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે, પરંતુ સ્પીકર તરીકે તેમની ચૂંટણી હજુ સુધી પુષ્ટિ થઈ નથી. નવી યુએસ કોંગ્રેસની પ્રથમ બેઠક 3 જાન્યુઆરી, 2027 ના રોજ યોજાશે. આ સમય દરમિયાન, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના તમામ સભ્યો સ્પીકરને મતદાન કરશે. મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીએ જંગી વિજય મેળવ્યો છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર માટે ફેરફાર મહત્વપૂર્ણ

યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર કોંગ્રેસના કામકાજમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેઓ નક્કી કરે છે કે કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે અને કયા બિલ પર મતદાન કરવામાં આવશે. રાષ્ટ્રપતિની જવાબદારીઓની યાદીમાં સ્પીકર રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ પછી ત્રીજા ક્રમે છે. જેફ્રીસએ જણાવ્યું છે કે ડેમોક્રેટ્સ ટ્રમ્પ વહીવટીતંત્રને તેના ગેરવર્તણૂકો માટે જવાબદાર ઠેરવશે. તેથી, સ્પીકર તરીકે તેમની નિમણૂક ટ્રમ્પ વહીવટીતંત્ર અને યુએસ કોંગ્રેસ વચ્ચે સંઘર્ષ વધારી શકે છે. પાર્ટીને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ઓછામાં ઓછી 257 બેઠકો જીતવાનો અંદાજ છે. હાઉસમાં કુલ 435 બેઠકો છે, અને સ્પીકર બનવા માટે ઓછામાં ઓછા 218 મતો જરૂરી છે. આવી સ્થિતિમાં, જેફ્રીસની જીતની શક્યતાઓ ખૂબ મજબૂત માનવામાં આવે છે. હાઉસમાં કુલ 435 બેઠકો છે, અને સ્પીકર બનવા માટે ઓછામાં ઓછા 218 મતો જરૂરી છે. આવી સ્થિતિમાં, જેફ્રીસની જીતની શક્યતાઓ ખૂબ મજબૂત માનવામાં આવે છે.

પાકિસ્તાનના પર્યાવરણ મંત્રી મુસાદિક મલિક SCO બેઠકમાં ભાગ લેવા ભારત આવશે

(એજન્સી) પાકિસ્તાન । તા. 19

ભારત સામે ઉશ્કેરણીજનક નિવેદનો આપીને વિવાદમાં રહેલા પાકિસ્તાનના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકની આગામી ભારત મુલાકાત અત્યારે ભારે ચર્ચાનો વિષય બની છે. ભારત સરકારના સત્તાવાર આમંત્રણને પગલે તેઓ આગામી 20થી 22 નવેમ્બર દરમિયાન નવી દિલ્હી ખાતે યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠનની મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપવા માટે ભારતની ધરતી પર પગ મૂકશે. મુસાદિક મલિક અગાઉ સિંધુ જળ સંધિ ના મામલે ભારત વિરુદ્ધ ઝેર ઓકવાને કારણે ચર્ચામાં આવ્યા હતા. પુલવામા આતંકી હુમલા બાદ ભારતે આ સંધિ રદ કરવાનો કડક નિર્ણય લીધો હતો, જેનાથી બોખલાયેલા મલિકે ધમકીભર્યા સૂરમાં નિવેદન આપ્યું હતું કે જો કોઈ પણ અમારા પાણીને હાથ લગાવશે, તો તેના હાથ કાપી નાખવામાં આવશે. આવા વિવાદાસ્પદ નિવેદન બાદ હવે તેમનો ભારત પ્રવાસ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી રહ્યો છે. મુસાદિક મલિક પહેલાં વર્ષ 2023 માં પાકિસ્તાનના તત્કાલીન વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારી ભારત આવ્યા હતા. તે સમયે ભારતની અધ્યક્ષતામાં ગોવા ખાતે SCO ના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ હતી, જેમાં બિલાવલે ભાગ લીધો હતો. ત્યારબાદ આટલા લાંબા સમયગાળા પછી કોઈ પાકિસ્તાની મંત્રી ભારત આવી રહ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. ઉલ્લેખનીય છે કે પુલવામા અને પહેલગામ જેવા આતંકી હુમલાઓ બાદ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અત્યંત તણાવપૂર્ણ રહ્યા છે. મુસાદિક મલિક દિલ્હીમાં યોજાનારા 'SCO સિવિલાઈઝેશન ડાયલોગ' (સંસ્કૃતિ સંવાદ) માટે આવી રહેલા પાકિસ્તાની પ્રતિનિધિમંડળની આગેવાની કરશે. અગાઉ ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટતા કરી હતી કે ભારતે યજમાન તરીકે SCOના તમામ સભ્ય દેશોને આમંત્રણ પાઠવ્યું છે. આ સંગઠનમાં ભારત અને પાકિસ્તાન ઉપરાંત ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, ઈરાન, ઉઝબેકિસ્તાન અને બેલારુસનો સમાવેશ થાય છે.



રાહુલ ગાંધીએ દેશની આર્થિક સ્થિતિ પર સવાલ ઉઠાવ્યા હતા

‘સવાર-સાંજ ગાળો આપવાથી દેશ આગળ વધતો નથી’, FICCIના શતાબ્દી સંમેલનમાં PM મોદીનું સંબોધન

(એજન્સી) નવી દિલ્હી | તા 19

FICCIના શતાબ્દી સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની બદલાયેલી આર્થિક તસવીર રજૂ કરવાની સાથે અગાઉની UPA સરકાર અને વિપક્ષ પર આડકતરી રીતે નિશાન સાધ્યું હતું. આ સંમેલનને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ‘ભારતમાં પ્રગતિની ગતિ ખૂબ જ ઝડપી છે અને દેશના લોકો ઝડપથી ગરીબીમાંથી બહાર આવી રહ્યા છે. વૈશ્વિક રેટિંગ એજન્સીઓ પણ ભારતની પ્રગતિની પ્રશંસા કરી રહી છે. આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. સવાર-સાંજ ગાળો આપવાથી દેશ આગળ વધતો નથી. ભારતનો વિકાસ દર લગભગ 7 ટકા રહેવાનો અંદાજ છે.’

વાત એમ છે કે, એક દિવસ અગાઉ જ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ અમેરિકાના પ્રવાસ દરમિયાન ભારતની આર્થિક સ્થિતિને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, “ભારત એક આર્થિક તબાહીના આરે ઊભું છે. આજે યુવાનોને વિશ્વાસ નથી કે તેમની ડિગ્રી તેમને નોકરી અપાવી શકશે. જ્યારે વિદ્યાર્થીઓને પેપર લીક થવાને કારણે પોતાનું ભવિષ્ય બરબાદ થવાનો ડર સતાવી રહ્યો છે.” રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દેશમાં રોજગારીની તકો ઘટી રહી છે અને આર્થિક અસમાનતા વધી રહી છે.



આજનું ભારત એવું નથી, જેનો મજબૂત આર્થિક પાયો કોંગ્રેસે દાયકાઓની મહેનતથી તૈયાર કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, મીડિયા આ સત્યને દબાવી શકે છે અને વડાપ્રધાન તેનાથી મોં ફેરવી શકે છે, પરંતુ વાસ્તવિકતા બદલી શકાતી નથી. આ આર્થિક આપત્તિ ખુદ વડાપ્રધાન મોદીએ ઊભી કરી છે.

બીજી તરફ, FICCIના સંમેલનમાં સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ વિપક્ષ પર પલટવાર કરતાં કહ્યું કે, “ઓક્ટોબરમાં ભારતની માલસામાનની નિકાસ લગભગ 50 અબજ ડોલર રહી હતી, જે અત્યાર સુધીનો સૌથી મોટો માસિક આંકડો છે. ભારતના મજબૂત પ્રદર્શનને કારણે મૂડીઝ રેટિંગ્સ, S&P ગ્લોબલ રેટિંગ્સ, ફિચ રેટિંગ્સ, વર્લ્ડ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) જેવી સંસ્થાઓ ભારતના વિકાસ દરના અંદાજમાં વધારો કરી રહી છે.”

આ દરમિયાન દેશમાં ગરીબીનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યું કે, 70ના દાયકામાં જ્યારે દેશમાં ‘ગરીબી હટાવો’નો નારો આપવામાં આવ્યો હતો, ત્યારે ભારતની વસ્તી લગભગ 50 કરોડ હતી. તે સમયે પણ ગરીબી દૂર થઈ શકતી હતી, પરંતુ નીતિ અને નિયત બંનેમાં કમી હતી. FICCI આ વાતની સાક્ષી છે કે જ્યારે યોગ્ય નિયત સાથે કામ કરવામાં આવ્યું અને સરકારે યોગ્ય દિશામાં પગલાં ભર્યાં, ત્યારે માત્ર 12-13 વર્ષમાં 50 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

વર્લ્ડ બેંકના અહેવાલમાં ભારતની સિદ્ધિઓનો ઉલ્લેખ

PM મોદીએ વર્લ્ડ બેંકના તાજેતરના રિપોર્ટને ટાંકીને જણાવ્યું કે, છેલ્લા 12-13 વર્ષમાં ભારતના 50 કરોડ લોકોએ ગરીબીને હરાવી છે. આ બાબત દર્શાવે છે કે ભારત જે દિશામાં આગળ વધી રહ્યું છે તે યોગ્ય છે અને તેમાં દેશની સફળતાની ગેરંટી રહેલી છે.

ભારતીય અર્થતંત્રએ અનેક પડકારોનો સામનો કર્યો

છેલ્લા 100 વર્ષ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થાના અલગ-અલગ તબક્કાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, દેશે લાઇસન્સ-ક્વોટા રાજ, રાષ્ટ્રીયકરણના નિષ્ફળ પ્રયોગ અને 21મી સદીમાં અર્થવ્યવસ્થાનો ‘ફ્રેજાઇલ ફાઇવ’ દેશોમાં સમાવેશ થતો જોયો છે. જોકે, છેલ્લા 12 વર્ષમાં યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગજગતના લોકોએ સાથે મળીને પરિસ્થિતિ બદલી છે. FICCIના આગામી 20 વર્ષના લક્ષ્યો નક્કી કરવાનો સમય FICCIની સ્થાપનાનાં 100 વર્ષ પૂર્ણ થવા પ્રસંગે PM મોદીએ કહ્યું કે, કોઈ સંસ્થાનું આટલા લાંબા સમય સુધી સક્રિય રહેવું અને બદલાતા સમયની સાથે પોતાની જાતને આગળ વધારવી એ મોટી ઉપલબ્ધિ છે. FICCIએ ભારતીય ઉદ્યોગજગતની અનેક સિદ્ધિઓ જોઈ છે. હવે સમય આવી ગયો છે કે ભારતીય ઉદ્યોગ આગામી 20 વર્ષમાં શું હાંસલ કરી શકે છે તે નક્કી કરવામાં આવે.

એક પક્ષને મદદ કરવા 13 કરોડ મત કાપી નાખ્યા, સુપ્રીમ કોર્ટના પૂર્વ જજના ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભારતીય ચૂંટણી પંચ (ECI)ની કાર્યશૈલી પર સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ વી. ગોપાલા ગૌડાએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, ચૂંટણી પંચે એક રાજકીય પક્ષને ફાયદો કરાવવાના હેતુથી પગલાં ભર્યા છે અને દેશની સાર્વભૌમત્વને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો છે. તેમનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે વિપક્ષી દળો દ્વારા મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (SIR) અભિયાન અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ભૂમિકા સામે સતત પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. જસ્ટિસ ગોપાલા ગૌડાએ હાલમાં ચાલી રહેલી SIR પ્રક્રિયાની પદ્ધતિ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, મતદાર યાદી સુધારણાની આ પ્રક્રિયાનો ઉપયોગ મતદારોના નામ યાદીમાંથી હટાવવા માટે ન થવો જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે, સુપ્રીમ કોર્ટે SIRના તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે દેશની સર્વોચ્ચ અદાલતમાં અગાઉથી જ અનેક અરજીઓ પડતર છે.ચૂંટણી પંચની કામગીરીને ત્રાસદાયક ગણાવતા જસ્ટિસ ગૌડાએ આક્ષેપ કર્યો કે, પંચે SIRના નામે સમગ્ર દેશમાં 13 કરોડ લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખ્યા છે. આ પગલું એક રાજકીય પક્ષને મદદ કરવા માટે લેવાયું હોવાનો દાવો કરતા તેમણે ઉમેર્યું કે, પુખ્ત વયના નાગરિકનો મત આપવાનો અધિકાર એ બંધારણીય અધિકાર છે.

News Brief

રેલવેની એન્જિનિયરિંગ નો કમાલ! DRM શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં 500-500 ટન ક્ષમતાવાળી 3 વિશાળ ક્રેનો દ્વારા એક જ બ્લોકમાં 3 પુલોનું નિર્માણ, માળિયા મિયાણા ખાતે પૂરથી સુરક્ષા માટે વ્યાપક વ્યવસ્થા



અમદાવાદ | અમદાવાદ મંડળની મોટી સિદ્ધિ: 3.7 કિલોમીટર લાંબી સુરક્ષા દીવાલ અને 12 વધારાની જળ નિકાસ વ્યવસ્થાઓથી રેલવે માળખું વધુ મજબૂત બન્યું. વિરમગામ-સામાખિયાળી રેલખંડ પર વિશેષ એન્જિનિયરિંગ કાર્ય; કંડલા અને મુન્દ્રા બંદરોને જોડતા મહત્વપૂર્ણ રેલ નેટવર્કની સુરક્ષા અને સંચાલનની વિશ્વસનીયતામાં થશે વધારો પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે પૂર જેવી કુદરતી આફતોથી મહત્વપૂર્ણ રેલવે માળખાને સુરક્ષિત બનાવવાની દિશામાં મોટી એન્જિનિયરિંગ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતના મોરબી જિલ્લામાં આવેલા માળિયા મિયાણા રેલવે યાર્ડ અને તેની આસપાસના પૂર પ્રભાવિત રેલખંડોમાં વ્યાપક માળખાકીય સુધારાનાં કામો કરવામાં આવ્યાં છે. આ કામગીરીની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા વિરમગામ-સામાખિયાળી મુખ્ય રેલખંડના માળિયા મિયાણા-વાધરવા સેક્શનમાં એક જ રેલવે બ્લોક દરમિયાન 500-500 ટનની ક્ષમતા ધરાવતી ત્રણ વિશાળ ક્રેનની મદદથી ત્રણ રેલ્વે પુલ બનાવવા આવ્યા. મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવેલી આ કામગીરી અંતર્ગત આશરે 3.7 કિલોમીટર લાંબી સુરક્ષા દીવાલોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને પૂરનાં પાણીના નિકાલ માટે 12 વધારાની જળ નિકાસ વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય ભારે વરસાદ અને પૂર દરમિયાન રેલવે ટ્રેક, પાળાઓ અને મહત્વપૂર્ણ પુલોની સુરક્ષા મજબૂત બનાવવાનો તથા મુસાફર અને માલગાડીઓનું સંચાલન વધુ વિશ્વસનીય બનાવવાનો છે. એક બ્લોક, ત્રણ પુલ અને 1500 ટનની સંયુક્ત ક્રેન ક્ષમતા: રેલવેની વિશેષ એન્જિનિયરિંગ સિદ્ધિ વિરમગામ-સામાખિયાળી મુખ્ય રેલખંડના વાધરવા-માળિયા મિયાણા સેક્શનમાં કિલોમીટર 699/16 થી 699/24 વચ્ચે રેલવે દ્વારા વિશેષ એન્જિનિયરિંગ કામગીરી કરવામાં આવી હતી. આ અંતર્ગત પુલ નંબર 147/D, 147/E અને 147/F પર એક જ રેલવે બ્લોક દરમિયાન ત્રણ નવી જળ નિકાસ સંરચનાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ કામગીરી માટે 500-500 ટન ક્ષમતાવાળી ત્રણ વિશાળ ક્રેનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેની કુલ સ્થાપિત ક્ષમતા 1500 ટન હતી. એક જ બ્લોકમાં ત્રણ પુલો પર કામગીરી કરવી એ રેલવેની સુનિયોજિત કાર્યપદ્ધતિ, તકનીકી કાર્યક્ષમતા, ભારે મશીનરીના સંકલિત ઉપયોગ અને એન્જિનિયરિંગ ટીમ વચ્ચેના ઉત્તમ તાલમેલનું ઉદાહરણ છે.

VVIP માટે રસ્તા ચમકાવો છો તો આમ આદમી માટે કેમ નહીં ? : હાઈકોર્ટ

મુંબઈ : બીએમસી ફક્ત વીવીઆઈપી વિઝિટ દરમિયાન જ રસ્તા ચકચકિત કરી દે છે જ્યારે સામાન્ય માણસ માટે એવી સાફસફાઈ રખાતી નથી તેમ કહી બોમ્બે હાઈકોર્ટે આજે બીએમસીની આકરી ઝાટકણી કાઢી હતી.જસ્ટીસ ગિરિશ કુલકર્ણી તથા જસ્ટીસ નીલા ગોખલેની એક ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે તાજેરમાં સાઉથ મુંબઈના બેલાર્ડ એસ્ટેટના રસ્તા મહાનુભવોની મુલાકાત પહેલાં સારી પેઠે ધોઈને એકદમ ચોખ્ખાચણાક કરી દેવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે પ્રિન્સ વિલિયમ તથા કેટ મિડલ્ટન હાલ મુંબઈની મુલાકાતે છે અને તેઓ બેલાર્ડ એસ્ટેટના રસ્તા પર સચિન તેંડુલકર સાથે ક્રિકેટ પણ રમ્યાં હતાં તે સંદર્ભનો હાઈકોર્ટે ઉલ્લેખ કરી રહી હતી. જોકે, હાઈકોર્ટે સીધેસીધી પ્રિન્સ વિલિયમનો નામોલ્લેખ કર્યો ન હતો. શહેરમાં રસ્તાઓની સ્થિતિ, કચરાના ઢગ વગેરે બાબતના એક કેસની સુનાવણી કરતાં હાઈકોર્ટે કહ્યું હતું કે બેલાર્ડ એસ્ટેટમાં જુઓ, તમે રસ્તા પાણીથી એકદમ ધોઈ નાખ્યા છે કારણ કે બહુ ખાસ મહાનુભવો ત્યાં આવવાના હતા. પણ તો સામાન્ય મુંબઈગરાંને આવા ચોખ્ખા રોડ કેમ મળતા નથી ? જાહેર માર્ગો પર કચરાના મોટા મોટા ઢગ ખડકાયેલા પડયા રહે છે અને આવી બાબતમાં પણ ઉચ્ચ અદાલતે હસ્તક્ષેપ કરવો પડે તે બહુ ખેદજનક બાબત છે. હાઈકોર્ટે કહ્યું હતું કે જો બીએમસી ધારે તો બહુ ઉત્તમ કામગીરી બજાવી શકે છે તે વીવીઆઈપી વિઝિટના દાખલા પરથી દેખાઈ આવે છે. જ્યારે મહાનુભવો આવવાના હોય ત્યારે બીએમસી રસ્તા ચમકાવી દે છે. તો આવું શહેરમાં કાયમી રહેતા લોકો માટે કેમ કરતા નથી ? અમારા રસ્તા બહુ ચોખ્ખાચણાક છે તેવું બે દિવસનું કામચલાઉ ચિત્ર ઉભું કરવાને બદલે બીએમસી કાયમ માટે આવી ચોખ્ખાઈ કેમ નથી રાખતી તેમ હાઈકોર્ટે કહ્યું હતું.કોઈ મહાનુભવો આવતા હોય એ જ જગ્યાએ અને એટલા દિવસો પૂરતી જ નહીં પરંતુ આવી ચોખ્ખાઈ દરેક જગ્યાએ અને હંમેશ માટે રહેવી જોઈએ એમ હાઈકોર્ટે તાકીદ કરી હતી.

NFR જનરલ મેનેજરે સલામતી અને સંચાલન કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરીને મુખ્ય રેલ્વે સંપત્તિઓનું નિરીક્ષણ કર્યું







માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી વિવેક ખરેએ ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ રંગિયા ડિવિઝન હેઠળ કામાખ્યા-ન્યૂ બોંગાઈગાંવ સેક્શનનું નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ ઓપરેશનલ સલામતી, વન્યજીવન સંરક્ષણ અને માલ પરિવહન કાર્યક્ષમતા પર કેન્દ્રિત હતું. વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ સાથે, જનરલ મેનેજરે હાથી કોરિડોર, એક મુખ્ય રેલ્વે પુલ અને માલવાહક ટર્મિનલ સહિત અનેક મુખ્ય સ્થળોનું નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ સલામત અને વિશ્વસનીય ટ્રેન કામગીરી માટે જરૂરી માળખાગત સુવિધાઓના વ્યાપક મૂલ્યાંકનનો એક ભાગ હતો.

જનરલ મેનેજરે લેવલ ક્રોસિંગ ગેટ નંબર NN-274 અને નજીકના હાથી કોરિડોરનું નિરીક્ષણ કર્યું. તેમણે સંવેદનશીલ સ્થાન પર ખાસ ધ્યાન આપ્યું જ્યાં રેલ કામગીરી અને વન્યજીવનની હિલચાલ એકબીજા સાથે જોડાયેલી છે. નિરીક્ષણ દરમિયાન, સલામત ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા અને પાટા પાર કરતા હાથીઓને સુરક્ષિત રાખવા માટે, આવા સંવેદનશીલ વિભાગો પર તકેદારી અને દેખરેખ જાળવવાના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

છાયાગાંવ સ્ટેશન પર, શ્રી ખરેએ સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પોઈન્ટ અને ક્રોસિંગ નંબર 125નું નિરીક્ષણ કર્યું, જે સિસ્ટમનો એક આવશ્યક ભાગ છે જે ટ્રેનોને ટ્રેક વચ્ચે સુરક્ષિત રીતે ચલાવવાની મંજૂરી આપે છે. તેમણે બ્રહ્મપુત્ર નદી પરના મુખ્ય પુલ, નરનારાયણ સેતુ અને જોગીઘોપા છેડે કર્વ નંબર 14નું પણ નિરીક્ષણ કર્યું. આ નિરીક્ષણ દરમિયાન, સલામત અને વિશ્વસનીય ટ્રેન કામગીરી માટે માળખાગત સુવિધાઓના મહત્વપૂર્ણ પાસાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

નિરીક્ષણમાં રંગજુલી ખાતે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલનો પણ સમાવેશ થતો હતો, જ્યાં રેલ્વે લોજિસ્ટિક્સને મજબૂત બનાવવામાં અને માલની અવરજવરને સરળ બનાવવામાં માલ માળખાગત સુવિધાઓની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વિભાગના વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણમાં ટ્રેક અને સંબંધિત રેલ્વે સંપત્તિઓની એકંદર સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.


જનરલ મેનેજર સાથે પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ), પ્રિન્સિપલ ચીફ ઓપરેશન્સ મેનેજર, ડિવિઝનલ રેલ્વે મેનેજર, રંગિયા, ચીફ એન્જિનિયર (ટ્રેક), ચીફ એન્જિનિયર (બ્રિજ) અને ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર હતા. આ નિરીક્ષણ નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના નિવારક જાળવણી, રેલ્વે માળખાગત સુવિધાઓનું સંકલિત દેખરેખ અને વિશ્વસનીય સેવાઓ જાળવવા માટેના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે, જેમાં વન્યજીવન સંરક્ષણ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ, રોજગાર અને ઉદ્યોગ મંત્રીઓનું બે દિવસીય ચિંતન શિબિર 21-22 નવેમ્બર 2026ના રોજ ગાંધીનગરમાં યોજાશે

અમદાવાદ | ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (MoLE) દ્વારા 21-22 નવેમ્બર 2026 ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ, રોજગાર અને ઉદ્યોગ મંત્રીઓનું બે દિવસીય ચિંતન શિબિર યોજવામાં આવી રહ્યું છે.21 નવેમ્બર 2025 ના રોજ શ્રમ સંહિતાઓ અમલમાં આવ્યાને એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાનાર આ ચિંતન શિબિરની અધ્યક્ષતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા કરશે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME) રાજ્યમંત્રી સુશ્રી શોભા કરંદલાજે પણ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેશે, જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ, રોજગાર અને ઉદ્યોગ મંત્રીઓ તેમજ વરિષ્ઠ અધિકારીઓ ભાગ લેશે. વી. વી. ગિરિ નેશનલ લેબર ઇન્સ્ટિટ્યૂટ (VVGNLI), નોઈડા અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU), ગાંધીનગર આ બે દિવસીય ચિંતન શિબિર માટે નોલેજ પાર્ટનર્સ છે.દિવસ 1 ની શરૂઆત MoLE ના સચિવ (L&E) ડૉ. ચંદ્ર ભૂષણ કુમારના સ્વાગત સંબોધન સાથે થશે, જેમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પ્રારંભિક સંબોધન આપશે. ત્યારબાદ ચાર વિષયવસ્તુ આધારિત પૂર્ણ સત્રો યોજાશે જે નીચેના વિષયોને આવરી લેશે: શ્રમ સંહિતાઓ - અમલીકરણની સ્થિતિ અને આગળનો માર્ગ, રોજગાર પહેલો અને EPFO સુધારા, કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) સુધારા; અને અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા અને શ્રમ આંકડા.

વટવામાં પશ્ચિમ રેલવેના ઇલેક્ટ્રિક લોકો શેડ્સની પ્રગતિની સમીક્ષા બેઠકનું આયોજન

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના વટવા સ્થિત ઈલેક્ટ્રિક લોકો શેડ ખાતે મુખ્ય મુખ્ય વિદ્યુત ઇજનેર (PCEE) શ્રી રજનીશ કુમાર ગોયલના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ રેલવેના તમામ ઈલેક્ટ્રિક લોકો શેડની પ્રગતિની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પશ્ચિમ રેલવેના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ તેમજ તમામ સંબંધિત ઈલેક્ટ્રિક લોકો શેડના સુપરવાઇઝરો ઉપસ્થિત રહ્યા હતા.વટવા ઈલેક્ટ્રિક લોકો શેડ ઉત્કૃષ્ટ કામગીરી અને આધુનિક જાળવણી વ્યવસ્થાના ક્ષેત્રમાં સતત નવા આયામો સ્થાપિત કરી રહ્યું છે. લોકોમોટિવના મેન્ટેનન્સ ટર્ન અરાઉન્ડ ટાઇમ (TAT) એટલે કે જાળવણીમાં લાગતા સમયની દૃષ્ટિએ વટવા શેડ ભારતીય રેલવેના 67 ઈલેક્ટ્રિક લોકો શેડમાં ચોથા ક્રમે છે, જે તેની ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા અને કામગીરીનો પુરાવો છે. નોંધનીય છે કે આશરે બે વર્ષ પહેલાં વટવા શેડમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવની સંખ્યા લગભગ 100 હતી, જે હવે વધીને 200 થઈ છે. આગામી સમયમાં આ સંખ્યા



વધારીને 300 લોકોમોટિવ સુધી પહોંચાડવાની યોજના છે. આ ઉપરાંત, વટવા ઈલેક્ટ્રિક લોકો શેડ પશ્ચિમ રેલવેનું પ્રથમ શેડ છે, જેણે પર્યાવરણ વ્યવસ્થાપન ક્ષેત્રે પ્રતિષ્ઠિત GreenCo Gold Rating પ્રાપ્ત કરી છે.આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમ રેલવેના વિવિધ ઈલેક્ટ્રિક લોકો શેડ વચ્ચે ટેકનિકલ જ્ઞાન, અનુભવો અને નવીનતાઓનું આદાન-પ્રદાન કરીને લોકોમોટિવની જાળવણી, સુરક્ષા, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવવાનો હતો.

હોદ્દો હંગામી, ખુમારી કાયમી સત્તાથી પર, લોકહૈયે અમર ઓળખ : અમરીશભાઈ ડેર!"

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજકારણની દુનિયામાં વ્યક્તિઓના અનેક પ્રકાર જોવા મળે છે. કેટલાક એવા હોય છે કે રાજકારણમાં પ્રવેશ કરે એ પહેલાં જ લોકો એમને ઓળખતા હોય છે. એમની લોકચાહના, એમનું વ્યક્તિત્વ અને લોકો સાથેનો ઘરોબો જ એમને રાજકારણના દરવાજા સુધી લઈ આવે છે.

કેટલાક એવા હોય છે કે રાજકારણમાં આવ્યા પછી ઓળખ ઊભી કરે છે. વળી, કેટલાક એવા પણ હોય છે કે વર્ષો સુધી રાજકીય હોદ્દા પર રહ્યા હોવા છતાં સામાન્ય માણસ એમને નામથી તો ઠીક, ચહેરાથી પણ ઓળખી શકતો નથી. અખબારમાં નામ વાંચ્યું હોય, સમાચારની પટ્ટીમાં જોયા હોય, પણ રૂબરૂ સામે આવી જાય તો ઓળખી ન શકે. કારણ કે રાજકારણમાં હોદ્દો મળવો અને લોકમાનસમાં સ્થાન મળવું એ બંને તદ્દન જુદી બાબતો છે.

પણ આજે વાત એક એવા વ્યક્તિત્વની કરવી છે, જેમની ઓળખને કોઈ હોદ્દાની મહોરની જરૂર નથી. જેમના નામની આગળ કઈ ખુરશી છે, કયો રાજકીય દરજ્જો છે કે અત્યારે કઈ જવાબદારી છે, એ બાબત એમના ચાહકો માટે ગૌણ છે. કારણ કે એમના ચાહકો કોઈ ખુરશીને ચાહતા નથી, કોઈ સત્તાને ચાહતા નથી, કોઈ રાજકીય પક્ષના પદને ચાહતા નથી; તેઓ ચાહે છે એ માણસને, એના સ્વભાવને, એના સ્વાભિમાનને, એની બોલવાની ખુમારીને અને એના વ્યક્તિત્વના આગવા વટને. એ નામ એટલે અમરીશભાઈ ડેર!

અમરીશભાઈ ડેરની લોકચાહનાને માત્ર અમરેલી જિલ્લા કે રાજુલા, જાફરાબાદ અને ખાંભાના કાર્યક્ષેત્રના સીમાડામાં બાંધી શકાય એવી નથી. એમની ઓળખનો વ્યાપ એ સીમાડાઓથી ઘણો આગળ વિસ્તરેલો છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં, ખાસ કરીને યુવાનોમાં, એમના પ્રત્યેનો લગાવ અને એમના વ્યક્તિત્વ પ્રત્યેનું આકર્ષણ જોવા મળે છે. માણસ પોતાના વિસ્તારનો ધારાસભ્ય ન હોય, પોતાના ગામનો પ્રતિનિધિ ન હોય, છતાં એના નામથી પરિચિત હોય, એની સભા સાંભળવાની ઈચ્છા ધરાવતો હોય, એની વાણી અને વ્યક્તિત્વની ચર્ચા કરતો હોય, તો એ ઓળખ પાછળ માત્ર રાજકીય હોદ્દો જવાબદાર ન હોઈ શકે. ત્યાં વ્યક્તિના વ્યક્તિત્વનો પ્રભાવ કામ કરતો હોય છે.

અમરીશભાઈ ધારાસભ્ય રહ્યા છે. રાજુલા વિધાનસભા બેઠક પરથી ચૂંટાઈને ગુજરાતની વિધાનસભામાં પહોંચ્યા હતા. પરંતુ એમના વ્યક્તિત્વની ચર્ચા માત્ર ધારાસભ્ય તરીકેની પાંચ વર્ષની રાજકીય સફર પૂરતી સીમિત નથી. હકીકતમાં, કોઈ વ્યક્તિની લોકચાહનાની સાચી કસોટી ત્યારે થાય છે જ્યારે એની પાસેનો હોદ્દો જતો રહે. સત્તાના સૂરજની આસપાસ તો અનેક લોકો ભેગા થાય છે, પરંતુ હોદ્દાનો સૂરજ આથમે ત્યારે પણ જે માણસની આસપાસ લોકોનો સ્નેહ અકબંધ રહે, ત્યાં કોઈ અલગ જ વાત હોય છે. અમરીશભાઈના સંદર્ભમાં આ બાબત ખાસ નોંધવા જેવી છે.



ગુજરાતના રાજકીય માહોલમાં એમની ચૂંટણીની હાર પછી પણ ચર્ચાનો એક મોટો હિસ્સો એમની હાર અને એના કારણો વિશે રહ્યો હતો. કોઈ રાજકીય વ્યક્તિની જીતની ચર્ચા કરતાં એની હારની ચર્ચા વધુ થતી હોય, તો એ ઘટનાને માત્ર ચૂંટણીના આંકડાઓથી સમજવી મુશ્કેલ બને છે. મતપેટીમાં મળેલા આંકડા અને લોકોના મનમાં રહેલી લાગણી હંમેશાં એક જ ત્રાજવે તોળાતી નથી. ચૂંટણીનું પરિણામ લોકશાહીનો નિર્ણય છે, પરંતુ એ પરિણામથી કોઈ વ્યક્તિ પ્રત્યેની લોકચર્ચા કે લોકલાગણીનો અંત આવી જાય એવું જરૂરી નથી.

અમરીશભાઈના વ્યક્તિત્વમાં એક બાબત ખાસ ધ્યાન ખેંચે છે અને એ છે એમનો સ્વાભિમાન. દરેક માણસની પોતાની એક ઓળખ હોય છે, પરંતુ દરેક માણસ એ ઓળખને જાળવી રાખવાની હિંમત ધરાવતો નથી. ક્યારેક હોદ્દા માટે માણસે પોતાની ઓળખ સાથે બાંધછોડ કરવી પડે છે, ક્યારેક પ્રસિદ્ધિ માટે પોતાના સ્વભાવને ઢાળવો પડે છે, તો ક્યારેક સત્તાના દરબારમાં હાજરી પુરાવવા માટે પોતાની ખુમારીને બાજુ પર મૂકવી પડે છે. પરંતુ જે માણસ પોતાના સ્વભાવની આગવી ઓળખ સાથે જીવે છે, એના માટે ખુરશી જીવનનું અંતિમ લક્ષ્ય નથી હોતી. અમરીશભાઈના ચાહકોમાં એમના સ્વાભિમાન અને ખુમારી પ્રત્યેનો લગાવ પણ આ જ કારણે ચર્ચામાં રહે છે.

કુદરત પણ દરેક માણસને એકસાથે બધું આપતી નથી. કોઈને સંપત્તિ મળે છે, કોઈને સત્તા મળે છે, કોઈને યુવાનીનું જોમ મળે છે. પરંતુ આ ત્રણેય બાબતો એકસાથે મળે અને છતાં માણસ પોતાના વ્યક્તિત્વની છાપ, પોતાના સંબંધોની ઉષ્મા અને લોકો સાથેનો ઘરોબો જાળવી રાખે, એ સરળ બાબત નથી. આર્થિક રીતે સધ્ધર પરિવારમાંથી આવવું, જાહેર જીવનમાં સત્તા અને જવાબદારીનો અનુભવ મેળવવો તથા યુવાનીના જોમ સાથે પોતાની આગવી ઓળખ ઊભી કરવી - આ બધાની વચ્ચે માણસનું વર્તન, બોલચાલ અને સંબંધો જ એની સાચી ઓળખ ઊભી કરે છે.

અમરીશભાઈની બોલવાની છટા પણ એમના વ્યક્તિત્વનો એક આગવો ભાગ છે. એમની વાણીમાં રહેલો આત્મવિશ્વાસ, વાત રજૂ કરવાની છટા અને જાહેર મંચ પરની હાજરી એમને અલગ ઓળખ આપે છે. કેટલાક માણસો બોલે ત્યારે શબ્દો સંભળાય છે, જ્યારે કેટલાક માણસો બોલે ત્યારે એમના શબ્દોની સાથે એમનું વ્યક્તિત્વ પણ બોલતું હોય છે. વાણી માત્ર અવાજ નથી હોતી; એ માણસના વિચારો, સ્વભાવ, હિંમત અને અંદરની ખુમારીનું પ્રતિબિંબ પણ હોય છે. અમરીશભાઈને સાંભળતા એમના ચાહકો જે બાબતનો અનુભવ કરે છે, એમાં આ વાણીની આગવી ભૂમિકા છે.

અને હા, એમના મિત્રવર્તુળ, સંબંધો અને લોકો સાથેના સંપર્કોની વાત પણ અલગ છે. જાહેર જીવનમ

સિટી
એક્સપ્રેસ

FRIDAY 20 NOVEMBER-2026
AHMEDABAD

ચાલુ તપાસ વચ્ચે નીરજા ગુપ્તાની ગુજરાત યુનિવર્સિટીમાં એન્ટ્રી

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે નિવૃત્ત જજની કમિટી દ્વારા અલગ અલગ મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે જેના સામે તપાસ ચાલુ હોય તેને સંસ્થાથી દૂર રાખવામાં આવે છે, જેથી તપાસને નુકસાન ન થાય, પરંતુ નીરજા ગુપ્તા સંઘ દ્વારા મૂકવામાં આવેલા નવા કુલપતિ પૃથુલ દેસાઈ આવતા શુભેચ્છા મુલાકાતના બહાને મળવા પહોંચ્યા હતા અને તપાસમાં મદદ માંગી હોવાનું પણ જાણવા મળ્યું છે.અગાઉ તપાસ દરમિયાન નીરજા ગુપ્તા ગાયબ થઈ ગયા હતા. કોઈની સાથે સંપર્ક પણ રાખ્યો નહતો.

રાહુલ ગાંધીની ચેલેન્જને લઈને કોંગ્રેસે વિધાનસભાની તૈયારીઓ શરૂ કરી

અમદાવાદ | રાહુલ ગાંધીએ 2027ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપને હરાવવાની ચેલેન્જ કરી હતી. જેને લઈને ગુજરાત કોંગ્રેસે આગામી વિધાનસભા ચૂંટણીની અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રણદિપસિંહ સૂરજેવાલાએ બે દિવસીય પ્રવાસ દરમિયાન પોલિટિકલ અફેર્સ કમિટીની સાથે સાથે પૂર્વ ધારાસભ્યો અને વર્તમાન ધારાસભ્યો બેઠક કરી હતી. જેમાં આગામી 8 મહિનામાં કેવા પ્રકારના કાર્યક્રમો કરવા તેને લઈને મંથન કરવામાં આવ્યું હતું. તેમજ વોટ ચોરી રોકવા માટે વોટ રક્ષક બનાવવા અને તેમનું સંમેલન યોજી તેમને રાહુલ ગાંધી માર્ગદર્શન આપે તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે.

દિલજીતના કોન્સર્ટને લઈ મોદી સ્ટેડિયમમાં પોલીસનો બંદોબસ્ત

JCP, DCP, PI સહિત 1300 પોલીસકર્મી તૈનાત, બોમ્બ-ડોગસ્કવોડનું સતત ચેકિંગ; CCTV-ડ્રોનથી મોનિટરિંગ



અમદાવાદ | 21 નવેમ્બરે, 2026ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દિલજીત દોસાંઝનો કોન્સર્ટ યોજાવા જઈ રહ્યો છે. આ કોન્સર્ટને લઈને અવારનવાર બોમ્બની ધમકી મળી રહી હોવાથી સ્ટેડિયમ ખાતે 1300થી વધુ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ ઉપરાંત ધમકીને પગલે સાયબર ક્રાઈમ સેલ દ્વારા ધમકી આપનાર ઈમેલ અને સોશિયલ મીડિયા પર સતત મોનિટરિંગ કરવામાં આવશે. સ્ટેડિયમમાં કોન્સર્ટ થાય ત્યાં સુધી સતત બોમ્બ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ પણ કરવામાં આવશે. દિલજીતના કોન્સર્ટને લઈને અત્યાર સુધી અનેક વખત ધમકી મળી ચૂકી છે,

જેને લઈને અમદાવાદ પોલીસે પણ એક્શન પ્લાન બનાવ્યો છે. કોન્સર્ટના દિવસે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ટેડિયમ, પાર્કિંગ અને તમામ ગેટ પર સતત બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ કરવામાં આવશે. જે ઈમેલ આઈડીથી ધમકી મળી હતી તેનું મોનિટરિંગ કરવામાં આવશે. સોશિયલ મીડિયા સર્વેલન્સ પણ કરવામાં આવશે. ખોટી અફવા ફેલાવનાર વ્યક્તિ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. સ્ટેડિયમમાં કોન્સર્ટ દરમિયાન સીસીટીવી અને ડ્રોન દ્વારા નજર રાખવામાં આવશે. સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં લોકો આવવાના છે જેથી ભીડ નિયંત્રણ કરવા પર ભાર મૂકવામાં આવશે. હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવશે જેથી સ્ટેમ્પેડ ન થાય. અલગ અલગ ગેટથી એન્ટ્રી આપવામાં આવશે જેથી એક ગેટ પર ભીડ ના થાય.

મોબાઈલ ચોરી, ટિકિટની કાળાબજારી અને અન્ય ગુનાખોરી અટકાવવા પોલીસકર્મીઓ સાદા કપડામાં હાજર રહેશે. મહિલાઓ માટે શી ટીમની કર્મચારીઓ પણ સાદા કપડામાં ફરતી રહેશે. રસ્તાથી સ્ટેડિયમના સ્ટેજ સુધી અલગ અલગ લેયરમાં સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવશે. સ્ટેડિયમ તરફ આવતા શંકાસ્પદ વાહન તપાસમાં આવશે.

ગેટ પર ચેકિંગ કરવામાં આવશે જે બાદ સ્ટેડિયમની અંદર પણ તપાસ કરવામાં આવશે.

સ્ટેડિયમમાં સ્ટેજ પાસેના સ્ટેન્ડિંગ એરિયામાં પણ પોલીસ તૈનાત રહેશે, જેથી વધુ ભીડ કે કોઈ અનિચ્છનીય ઘટના ન બને. મહિલાઓ માટે પણ ચેકિંગની અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. કોન્સર્ટના અગાઉના દિવસે પોલીસ દ્વારા રિહર્સલ પણ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય

(એજન્સી) અમદાવાદ | તા. 18

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે બાંદ્રા ટર્મિનસ અને અમદાવાદ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર 09023/09024 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન (વિશેષ ભાડા પર) ટ્રેન નંબર 09023 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ 21 નવેમ્બર, 2026 (શનિવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી સવારે 04:30 કલાકે ઉપડશે. આ ટ્રેન બોરીવલી સ્ટેશન પર સવારે 05:00 કલાકે અને સુરત સ્ટેશન પર સવારે 08:55 કલાકે પહોંચશે તથા તે જ દિવસે બપોરે 13:50 કલાકે અમદાવાદ પહોંચશે.

એ જ રીતે, ટ્રેન નંબર 09024 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 22 નવેમ્બર, 2026 (રવિવાર) ના રોજ અમદાવાદથી રાત્રે 02:30 કલાકે ઉપડશે અને તે જ દિવસે બપોરે 12:00 કલાકે બાંદ્રા ટર્મિનસ



પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, પાલઘર, વાપી, સુરત, ભરૂચ, વડોદરા અને આણંદ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ, ચેર કાર તેમજ જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર 09023 અને 09024 માટેનું રિઝર્વેશન તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો પર શરૂ છે.

ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની સંરચના અંગેની વધુ વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

વડતાલ સ્વામિનારાયણ મંદિરના સંતોએ ₹1.25 કરોડની ઠગાઈ કરી : 2 વર્ષ પહેલાં પણ 3.40 કરોડનું કરી નાખ્યું હતું

(એજન્સી) રાજકોટ | તા. 19

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના માધવપ્રિય ઉર્ફે એમ. પી. સ્વામી તથા દર્શન પ્રકાશ ઉર્ફે ડી. પી. સ્વામી ફરી એક વખત વિવાદમાં આવ્યા છે. રાજકોટના ભૂપેન્દ્ર રોડ મંદિર ખાતે બન્નેએ સાથે મળી નિવૃત્ત શાસનાધિકારી સાથે 1.25 કરોડની છેતરપિંડી કરી છે.

બન્ને સ્વામીએ ડાકોરમાં 300થી 400 વીઘા જગ્યામાં સ્વામિનારાયણ મંદિર બનાવવાનું હોવાથી જમીન ખરીદ કરવાનું કહી શીશામાં ઉતાર્યા હતા. જેમાં આફ્રિકાથી દાન આવવાનું છે કહી વધુ કમિશન અને ઓછી કિંમતે જમીન આપવાના બહાને રોકડા રૂ.1.25 કરોડ લઈ પરત ન આપ્યા નહોતા. જેને પગલે રાજકોટ શહેર આર્થિક ગુના નિવારણ શાખાએ અમદાવાદના ચિંતન અશ્વિનભાઈ પરમાર, અંકલેશ્વરના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમ.પી.સ્વામી, આણંદના દર્શન પ્રકાશ સ્વામી ઉર્ફે ડી. પી. સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા અને ડાકોરના જેકીકુમાર શારદભાઈ રામી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

ચોટીલાના નિવૃત્ત શાસનાધિકારી નરસિંહ લઘરભાઈ વાઢેરે કરેલી ફરિયાદ મુજબ, હું 2004-05માં મોરબી એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમા નોકરી કરતો ત્યારે રાજકોટથી મોરબી અપડાઉન કરતો હતો. આ સમયે મારી સાથે મોરબી નાની બજારમાં કાપડની દુકાન ચલાવતા ભાવેશ પરમાર અપડાઉન કરતા હતા. તેઓ મિત્ર હોવાથી દુકાને બેસવા જતો અને ત્યાં જમીન દલાલીનું કામ કરતા ચિંતન અશ્વિનભાઈ પરમાર પણ બેસવા આવતા, તેની સાથે ભાવેશે મારો પરિચય કરાવ્યો હતો.

મે, 2020માં ચિંતને ફોનમાં કહ્યું કે, ડાકોરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો આશરે 400 વીઘા જમીનમાં સ્વામિનારાયણનું ભવ્ય મંદિર બનાવવા માગે છે, જો તમારે આ પ્રોજેક્ટમાં રોકાણ કરવું હોય તો તમને સારૂ વળતર મળશે. તમને આમાં રસ હોય તો હું તમને સંતોની સાથે મુલાકાત કરાવું. જેથી મેં તેઓની પાસે થોડો સમય માંગ્યો હતો અને ત્યારબાદ બે ત્રણ દિવસ પછી ચિંતનનો ફરીવાર ફોન આવ્યો, જેથી ડાકોરવાળા મંદિરના પ્રોજેક્ટમાં રૂપિયા રોકાણ કરવાની વાત કરી હતી. જેમાં મારી સાથે ભાગીદારમાં મારા મિત્ર વિપુલ મનસુખભાઈ કાપડીયા પણ સાથે રહેશે તેમ કહ્યું હતું.

આ પછી ચિંતને મને રાજકોટ ભૂપેન્દ્ર રોડ ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે સંતોને મળવા માટે બોલાવ્યો હતો. આ સમયે મારી સાથે મારો દીકરો પિયુષ તથા મારા ભત્રીજા જગદિશ વાઢેર હતા અને ચિંતન પણ ત્યાં મંદિરે હાજર હતો. તેણે અમને મંદિરમા સંતોના ઉતારા આવેલા છે, ત્યાં માધવપ્રીય સ્વામી (એમ.પી. સ્વામી) તથા દર્શનપ્રકાશ સ્વામી (ડી. પી.સ્વામી) તથા લાલજી બાવભાઈ ઢોલા સાથે મુલાકાત કરાવી હતી.

આ વખતે માધવપ્રીય સ્વામી તથા દર્શનપ્રકાશ સ્વામીએ મને વાત કરી હતી કે, ડાકોરમાં અમે સ્વામિનારાયણ ભગવાનનું ભવ્ય મંદિર તથા ગૌશાળા 300થી 400 વીઘા જમીનમાં બનાવવાના છીએ. જેના માટે અમે ડાકોરના સૂઈ તથા સૈયત ગામમાં મહુધા રોડ ઉપર જમીન જોઈને રાખી છે. જેમાં અમારે આફ્રિકા દેશથી દાન આવવાનું છે. તે દાન આપનાર વ્યક્તિને અમારે જમીન ખરીદ કરનારનું અસલ સાટાખત બતાવવુ પડશે તો તે વ્યક્તિ દાન આપશે.

આ સાથે મંદિર બનાવવાના નકશા તથા પ્લાન બતાવ્યો અને માધવપ્રીય સ્વામીએ અમને વાત કરી કે, અમારે મંદિર બનાવવા માટે આફ્રિકા દેશ ખાતેથી મોટા રૂપિયાનુ દાન આવવાનું છે આ રૂપિયાથી અમે મંદિર બનાવવાના છીએ.

'રિફન્ડ નથી જોઈતું, તમને-તમારી કંપનીને ડોનેટ કરૂ છું ભિખારી'

અમદાવાદ એરપોર્ટ પર સ્પાઈસજેટની ફ્લાઇટ 10 વખત ડિલે બાદ અડધીરાત્રે કેન્સલ; મુસાફરોનો બાટલો ફાટ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદ એરપોર્ટ પર ફરી એકવાર સ્પાઈસજેટ એરલાઈન્સની મોટી બેદરકારી સામે આવી છે. બુધવારે રાત્રે 10:20 વાગ્યે અમદાવાદથી નવી દિલ્હી જતી ફ્લાઇટને 10 વખત ડિલે કર્યા બાદ રાત્રે 12 વાગ્યે અચાનક કેન્સલ કરી દેવામાં આવી હતી, જેના કારણે 100થી વધુ મુસાફરો એરપોર્ટ પર રઝળી પડ્યા છે.

દૂરથી આવેલી મહિલા મુસાફરો માટે એરલાઈન્સ દ્વારા ન તો રહેવાની કોઈ વ્યવસ્થા કરાઈ છે કે ન તો બીજી ફ્લાઇટની સુવિધા અપાઈ છે. સ્ટાફ દ્વારા કોઈ યોગ્ય જવાબ ન મળતા મુસાફરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

સ્પાઈસજેટના કર્મીએ રિફન્ડ આપવાની વાત કરતા એક મુસાફરે કહ્યું કે, રિફન્ડ નથી જોઈતું, તમને અને તમારી કંપનીને હું ડોનેટ કરું છું ભિખારી....આ ઉપરાંત સ્પાઈસજેટના કર્મચારીએ લોકોને મુશ્કેલીની મજાક ઉડાવી હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. 18 નવેમ્બરના રોજ રાત્રે 10:20 કલાકે અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ થનારી દિલ્હીની ફ્લાઇટને એરલાઈન્સ દ્વારા એક-બે વાર નહીં, પરંતુ અંદાજે 10 વખત ડિલે કરવામાં આવી હતી. મુસાફરો કલાકો સુધી એરપોર્ટ પર ફ્લાઇટની રાહ જોતા બેસી રહ્યા હતા અને અંતે રાતે 12 વાગ્યે એરલાઈન્સ દ્વારા ફ્લાઇટ કેન્સલની જાહેરાત કરતા 100થી વધુ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતાં.

આ ઘટનાને પગલે મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને સ્પાઈસજેટના કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. લોકોના જણાવ્યાં મુજબ, એરલાઈન્સના સ્ટાફ દ્વારા શરૂઆતમાં ફ્લાઇટ જશે, તેવો ખોટો ભરોસો આપીને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા, જેના કારણે તેઓ કોઈ બીજો ઓપ્શન પણ પસંદ કરી શક્યા નહોતા.

સૌથી વધુ કફોડી હાલત દૂર-દૂરથી આવેલી મહિલા મુસાફરો અને પરિવારોની થઈ છે. ફ્લાઇટ રદ થયા બાદ એરલાઈન્સ દ્વારા મુસાફરો માટે ન તો રહેવાની હોટેલ અથવા સ્ટેની કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે, કે ન તો અન્ય કોઈ ફ્લાઇટમાં વૈકલ્પિક મુસાફરીની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. આ ઉપરાંત, કલાકોથી હેરાન થઈ રહેલા મુસાફરોને એરપોર્ટ પર પ્રાથમિક સુવિધા કે પીવાના પાણી માટે પણ પૂછવામાં ન આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે મુસાફરોએ એરપોર્ટ પર ભારે હોબાળો મચાવ્યો હતો.

વીડિયોમાં લોકો સ્પાઈસજેટના કર્મચારીઓને કહી રહ્યાં છે કે, લોકોની સમસ્યા જોઈને તમે લોકો દાત કાઢી રહ્યાં છો. અત્યાર સુધીમાં પાણીનું પણ પૂછવામાં આવ્યું નથી. રિફન્ડની વાત કરતા એક મુસાફરી ભારે રોષ સાથે કહ્યું કે, તમને અને તમારી ભિખારી કંપનીને ડોનેટ કરું છું. આ સાથે અન્ય મુસાફરે કહ્યું કે, રિફન્ડની વાત ન કરો તમે, અગાઉ પણ મારી સાથે આવું જ થયું હતુ, જેનું રિફન્ડ મને ચાર મહિના બાદ મળ્યું હતું. રિફન્ડ પણ સમયસર મળતું નથી.

ગ્રેસિયસ અને અલ ફલાહ સ્કૂલને એક-એક લાખનો દંડ

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદ શહેરની શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્પેશિયલ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. શાળાઓ શિક્ષણ વિભાગના નિયમોનું પાલન કરે છે તેની શિક્ષણ નિરીક્ષક દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરી સ્થળ તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન 14 જેટલી શાળાઓ શિક્ષણ વિભાગના માન્યતાના નિયમોનું પાલન ન કરતી હોવાનું સામે આવ્યું હતું. જેથી શાળાઓનું હિયરિંગ કરી બે શાળાઓને એક એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમજ હજુ પણ અન્ય શાળાઓ સામે માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવા વડી કચેરીમાં રિપોર્ટ મોકલી આપવામાં આવ્યો છે. શહેરની શાળાઓ જે જગ્યાએ મંજૂરી મળી છે તે જ જગ્યાએ ચાલે છે કે નહીં, તેમજ જેટલા વર્ગોને મંજૂરી આપવામાં આવી છે તેના કરતા વધુ વર્ગો ચલાવવામાં તો નથી આવતા તેને લઈને જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી. જેમાં 10 જેટલી શાળાઓ મંજૂરી મળી છે તે સ્થળ પર ન ચાલતી હોવાનું સામે આવ્યું છે.

જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈને મણિનગર વિસ્તારની ગ્રેશિયસ સ્કૂલ અને રખિયાલ વિસ્તારની અલફલાહ સ્કૂલને એક એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમજ અન્ય શાળાઓની હિયરિંગના આધારે આગામી સમયમાં કાર્યવાહી કરવાની જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તૈયારી દર્શાવવામાં આવી છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, તમામ શાળાઓમાં બાળકોની સલામતીથી લઈને માન્યતાની શરતો સહિતની ચકાસણી કરવામાં આવી રહી છે.

વટવા-વીંઝોલ રિંગ રોડ પર હેપ્પી ભાઈ ભરવાડના પ્લોટમાં સગેવગે કરતા હતાં, 8 હજાર લિટર જથ્થો જપ્ત

ONGCના કૂવામાંથી ક્રૂડ ઓઇલ ચોરતી ગેંગના 6 આરોપી ઝડપ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 18

ગુજરાત ATSની ટીમે ખેડા જિલ્લાના સારસા ખાતેથી ONGC પાઇપલાઇનમાંથી ક્રૂડ ઓઇલની ચોરી કરતી ગેંગના છ આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદના વટવા- વીંઝોલ રિંગ રોડ પર આવેલા હેપ્પી ભાઈ ભરવાડના પાર્કિંગ પ્લોટમાં આરોપીઓ ક્રૂડ ઓઇલની ચોરી કરી અને ONGC લખેલા ટેન્કરમાંથી આઇસર ટ્રકમાં ભરતાં હતાં. પોલીસે 8000 લિટર ક્રૂડ ઓઇલ, ટેન્કર, આઇસર ટ્રક સહિતનો મુદ્દા માલ કબજે કર્યો છે.

ગુજરાત એટીએસની ટીમના DYSP એસ. એલ. ચૌધરીને બાતમી મળી હતી કે, દાણીલીમડા વિસ્તારના ગફારભાઈ રંગરેજ, મોહસીન રંગરેજ, ઉસ્માનભાઈ અને ONGCમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા નસરુદ્દીન મલેક ઉર્ફે વીકી નામના શખસો ONGCની પાઇપ લાઇનમાંથી ક્રૂડ ઓઇલની ચોરી કરીને વટવા-વિંઝોલ રિંગ રોડ પર પંચરત્ન ફ્લોરા ફ્લેટની પાછળ આવેલા હેપ્પી ભાઈ ભરવાડના પાર્કિંગમાં ઓઇલ ખાલી કરી રહ્યા છે. જેના આધારે પાંચ પીએસઆઇ અને કોન્સ્ટેબલની ટીમ બનાવીને હેપ્પી ભરવાડના પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો.

ONGC લખેલા ટેન્કરમાંથી આઇશર ટ્રકમાં રાખેલા ટાંકામાં પાઇપ મારફતે ક્રુડ ઓઇલ ખાલી કરવામાં આવતું હતું. જેથી સ્થળ પરથી ગફાર, મોહસીન સહિત કુલ છ લોકો મળી આવ્યા હતા. તમામની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, ખેડા જિલ્લાના સારસા ખાતે આવેલા ONGCના ઓઇલ કૂવા નં.26 પરથી કેશીંગ વાલ્વ મારફતે ફાઇટર પંપની મદદથી આશરે 8000 લીટર ક્રુડ ઓઇલની ચોરી કરી વેચાણ અર્થે લાવ્યા હતા. આઇસર ટ્રકમાં તેઓ ખાલી કરી રહ્યા હતા, ત્યારે એટીએસની ટીમે દરોડો પાડી તેઓને ઝડપી લીધા હતા. ટેન્કરમાંથી 4500 અને આઇસર ટ્રકમાંથી 3500 લીટર ઓઇલ જપ્ત કરવામાં આવ્યું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓની વિગત

ગફ્ફાર અબ્દુલભાઈ રંગરેજ (ઉં.વ. 61, રહે. હરીયાળીનગર, ફેસલ પાર્ક, દાણીલીમડા, અમદાવાદ)

મોહસીન રફીકભાઈ રંગરેજ (ઉં.વ. 35, રહે. ક્લાસિક સન્ની કોમ્પ્લેક્ષ, શાહઆલમ, દાણીલીમડા, અમદાવાદ)

મોહમદ જાવેદ મોહમદ સાબીર રંગરેજ (ઉં.વ. 44, રહે. ઇન્દિરાનગર, ચંડોળા તળાવ, દાણીલીમડા, અમદાવાદ)

ભીખા કાળાભાઈ ચૌહાણ (ઉં.વ. 46, રહે. વચલો વાસ, ગામ- મહીજ, ખેડા)

નસીરૂદ્દીન ઉર્ફે વિકી તાજુદ્દીન મલેક (ઉં.વ. 42, રહે. અલફારૂક સોસાયટી, સરખેજ, અમદાવાદ - ONGC કોન્ટ્રાક્ટ કર્મચારી)

રાયસંગ બચુભાઈ ઠાકોર (ઉં.વ. 40, રહે. મહાદેવ ફળિયું, ગામ- મહીજ, ખેડા)

ટાયર ફાટતા બેકાબૂ બનેલી કારે બે ટુ-વ્હીલરને અડફેટે લીધા...

ઘોડાસર બ્રિજ પાસે BRTS કોરિડોરમાં કારનો અકસ્માત : ચાર લોકો ઈજાગ્રસ્ત

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદના ઘોડાસર બ્રિજ (કેડિલા બ્રિજ) ઉતરતી વખતે ગત 18 નવેમ્બરની રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેકાબૂ બનેલી નેક્સોન કારે BRTS કોરિડોરમાં બે ટુ-વ્હીલરને અડફેટે લેતા ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે કાર રેલિંગમાં ઘૂસીને અટકી ગઈ હતી. જોકે, આ મામલે બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાથી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

ઘોડાસર બ્રિજ પાસે પૂરઝડપે જઈ રહેલી કારે એક્સેસ અને એક્ટિવાને ટક્કર મારી હતી અને ત્યારબાદ કાર BRTS કોરિડોરની રેલિંગમાં ઘૂસી ગઈ હતી. શરૂઆતમાં સ્થાનિકોએ કારચાલક નશામાં હોવાનો આક્ષેપ કર્યો હતો, પરંતુ J ડિવિઝન ટ્રાફિક પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે અસલાલીના 51 વર્ષીય કારચાલક વિજયસિંહ બાઘસિંહ શેખાવતની ગાડીનું ટાયર અચાનક ફાટતા તેમણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે આ અકસ્માત થયો હતો.



J ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.બી. ચૌધરીએ જણાવ્યું કે, દાણીલીમડામાં રહેતા 48 વર્ષીય ઉસ્માનભાઈ નુરમહંમદભાઈ હમજાની તેમના પરિચિત રફીકભાઈ સાથે એક્સેસ પર જશોદાનગર ચાર રસ્તાથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે કેડિલા બ્રિજ ઉતરતી વખતે આ અકસ્માત નડ્યો હતો. ટક્કર વાગતા એક્સેસ સવાર બંને વ્યક્તિ, એક્ટિવા ચાલક મહિલા તેમજ કારચાલક એમ કુલ ચાર લોકોને ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં આઉટડોર સારવાર બાદ તમામને રજા અપાઈ હતી. બંને પક્ષો વચ્ચે સમાધાન

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...